**GCERT – ગાંધીનગર પ્રેરિત**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ**

**આયોજિત**

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૧-૨૨

**6 અને 7 જાન્યુઆરી 2022**

# શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ








ડૉ. એમ.વાય.વ્યાસ
ડી.આઈ.સી.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

એ.ડી.રાજ્યગુરુ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# કેટેગરી મુજબ રજૂ થયેલ ઇનોવેશન




## તાલુકાવાર રજૂ થયેલ ઇનોવેશન

જૂનાગઢ શહેર - 4

જૂનાગઢ ગ્રામ્ય - 2

કેશોદ - 9

માળિયા - 7

માણાવદર - 7

માંગરોળ - 4

મેંદરડા - 9

વંથલી - 7

ભેસાણ - 5

વિસાવદર - 9

# પ્રસ્તાવના

ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે શિક્ષકોમાં રહેલ ઇનોવેશનનાં કાર્યોને પ્રોત્સાહન આપવાનું કાર્ય જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર, I to We ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યું છે. જી.સી.ઇ.આર.ટી.એ સમગ્ર ગુજરાતમાં ડાયેટના માધ્યમથી આવા શિક્ષકોને શોધી તેઓને પોતાના ઇનોવેશન રજૂ કરવાની તક આપવાનું પ્રસંશનીય કામ થઇ રહ્યું છે. જૂનાગઢ જિલ્લાના આવા શિક્ષકોના ઇનોવેશનને રજૂ કરવા માટે ૨૦૨૧-૨૨ ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન થઇ રહ્યું છે.

જિલ્લાકક્ષાના આ ફેસ્ટીવલમાં કુલ ૫૪ પ્રાથમિકમાંથી અને માધ્યમિકમાંથી ૯ કૃતિ પોતાના ઇનોવેશન પ્રસ્તુત કરશે. આ પુસ્તકમાં જુનાગઢ જિલ્લાના કુલ ૬૩ ઇનોવેટીવ શિક્ષકોના નવાચારની બાબતો રજૂ કરવામાં આવી છે. આ પુસ્તક થકી વાચકોને શિક્ષણમાં નાવિન્યપૂર્ણ બાબતોની જાણકારી મળી રહેશે તથા શિક્ષકોને તેમના કાર્યક્ષેત્રમાં આવતા અવરોધક પરિબળો દૂર કરવામાં મદદરુપ થશે તેવી ચોક્કસ આશા સાથે આ પુસ્તક આપની સામે રજૂ કરતા અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તમારા મૂલ્યવાન સૂચનો જે તે નવાચાર કરનાર શિક્ષકશ્રીને આપી શકો તે માટે તેમની સંપૂર્ણ વિગતો પણ આપવામાં આવેલ છે. તેમજ રચનાત્મક બાબતોને અમે સહર્ષ આવકારીએ છીએ.

જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશનની કામગીરી ડાયેટના ડો.મીરાબેન વ્યાસ જ્યારે ગીર સોમનાથ જિલ્લાના પ્રાચાર્યશ્રી શ્રી વી.એમ.પંપાણિયા સંભાળી રહ્યા છે. આવા ઇનોવેશન કરનાર શિક્ષકોને ફિલ્ડમાંથી શોધી પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. આ સમગ્ર કાર્યમાં તેમનો સિંહફાળો છે તેથી તે બન્નેને ધન્યવાદ આપુ છું. રાજ્યકક્ષાએથી ઇનોવેશન ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે તેવા જૂનાગઢના કે.આર.પી. શ્રી કૃણાલભાઇ મારવાણિયા તેમજ ગીર સોમનાથ જિલ્લાના કે.આર.પી. શ્રી નિતીનભાઇ મોરીએ સક્રિય રહી ખૂબ જ સુંદર કામગીરી સંભાળી રહ્યા છે તે બન્નેને પણ ધન્યવાદ આપુ છું.

પ્રાચાર્ય

એ.ડી.રાજ્યગુરુ
ડાયેટ જૂનાગઢ

# અનુક્રમણિકા


| પ્રાથમિક વિભાગ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ઇનોવેટીવ શિક્ષકના નામ | શાળાનું નામ | ઇનોવેશનનું શીર્ષક | પે.નં. |
| 1 | ભેસાણ | મયૂર એમ.ડોબરિયા | શ્રી મોરવડા પ્રાથમિક શાળા | શિક્ષણમાં ટેક્નોલૉજી | 4 |
| 2 | | ડૉ.કિશોરકુમાર વાલજીભાઇ શેલડિયા | જીન પ્લોટ પે સે.શાળા | લોકાનુદાનદ્વારાવાતાનુકૂલિત કોમ્પ્યુટર લેબ નિર્માણ અને તેનાદ્વારાકમ્પ્યુટર લેબની સમસ્યાઓનું નિરાકરણ | 5 |
| 3 | | વ્યાસ દિપ્તીબેન બી. | સાંકરોળા પ્રાથમિક શાળા | "HEAD TO HAND TO HEART ACTIVITY" | 6 |
| 4 | જૂનાગઢ સિટી | ડૉ. શ્યામ બી. શુકલા | ચોબારી પ્રાથમિક શાળા | BASIC VERBS AND WORDS IN 45 DAYS | 7 |
| 5 | | ભરાડ સંજય કુમાર કે. | શ્રી વિડીવિસ્તાર સિમશાળા | શાળા પુસ્તકાલય પ્રદર્શન | 8 |
| 6 | | અતુલકુમાર એ.ચૌહાણ | શ્રી લીરબાઇ નગર પ્રાથમિક શાળા | વેસ્ટ માંથી બેસ્ટ | 9 |
| 7 | | કંચનબેન બાબુલાલ સાંગાણી | કન્યા શાળા નં. ૪ | આકર્ષક ઓનલાઇન જોડાણ | 10 |
| 8 | જૂનાગઢ ગ્રામ્ય | વ્યાસ હેતલબેન શરદભાઈ | વાલાસીમડી પ્રાથમિક શાળા | ડિજિટલ ટેકનોલોજીદ્વારાસામાજિક વિજ્ઞાનનું અસરકારક શિક્ષણ | 11 |
| 9 | | હેતલબેન ચંદુભાઈ જેઠવા | રામેશ્વર પ્રાથમિક શાળા | LEARN ENGLISH IN CORONA TIME | 12 |
| 10 | કેશોદ | ચુડાસમા કૃપલબેન એલ. | શ્રી મહંત સિમરોલી પ્રાથમિક શાળા | ACTIVE SCIENCE CORNER | 13 |
| 11 | | સંદીપકુમાર રમેશચંદ્ર પાઠક | શ્રી મેસવાણ પે સેન્ટર શાળા | અંગ્રેજી વાક્યરચના માટે ટી.એલ.એમ. નિર્માણ | 14 |
| 12 | | ચુડાસમા જગદીશભાઈ એમ. | શ્રી હાડલા પ્રાથમિક શાળા,સી.આર.સી | કાર્ડસ ગેમ દ્વારા શિક્ષણ | 15 |
| 13 | | મહિડા પ્રવિણભાઈ જી. | બડોદર પ્રાથમિક શાળા | સુત્રોની સમજ દ્વારા શિક્ષણ | 16 |
| 14 | | મારૂ રાજેશભાઈ બી. | શ્રી પંચાળા પ્રાથમિક શાળા | (લ.સા.અ.) અને (ગુ.સા.અ.) શોધવાની સરળ રીત | 17 |
| 15 | | મનીષાબેન મુળુભાઈ ગોજીયા | શ્રી ઈન્દીરાનગર પ્રાથમિક શાળા | DIGITAL STUDENTS PORTAL | 19 |
| 16 | | જયદેવભાઇ ડી. ભટ્ટ | શ્રી પાડોદર પ્લોટ પ્રા. શાળા | ગણિત-વિજ્ઞાન વિષયમાં અંગ્રેજીનો સમન્વય | 20 |
| 17 | માળીયા | રાઠોડ કિંજલ દેવચંદભાઈ | નવા ગળોદર પ્રાથમિક શાળા | લોકડાઉન થી અનલોક સુધી ની શૈક્ષણિક સફર | 21 |
| 18 | | પુરોહિત રાજેશકુમાર બી. | શ્રી કાલીંભડા પ્રા. શાળા | ઈ કન્ટેન્ટ, E CONTENT | 22 |
| 19 | | જોગીયા અમિતકુમાર પી. | શ્રી ધુંધટી પ્રાથમિક શાળા | શાળામાં બાળકોની હાજરી બાબત | 23 |
| 20 | | લાડાણી રિંકલકુમાર કે. | વડાળા પ્રાથમિક શાળા | સમસ્યા ઉકેલ પેટી | 24 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | | ઘોડાસરા મંજુલાબેન જી. | શ્રી આંબેચા પ્રાથમિક શાળા. | "પ્રજ્ઞા વર્ગમાં પૂરક કાર્ડ | 25 |
| 22 | | મેઘનાથી પરેશગિરિ દુર્લભગિરિ | શ્રી વિસણવેલ  પ્રાથમિક શાળા | PLAY & LEARN WITH FUN | 26 |
| 23 | માણાવદર | મહેતા હાર્દિક જગદીશચંદ્ર | થાનીયાણા પ્રાથમિક શાળા. | પાયાની સંખ્યાતા | 28 |
| 24 | | ભોજાણી દક્ષેશકુમાર જયંતિલાલ | કોઠડી પ્રાથમિક શાળા | સિક્કાઓ દ્વારા ઇતિહાસની સરળ સમજ | 29 |
| 25 | | ભુત પ્રિયંકાબેન રતિલાલ | મટિયાણા પ્રાથમિક શાળા | DOING BY LEARNING | 30 |
| 26 | | મંગલાણી જાનકીબેન જી | શ્રી  દેશીંગા પ્રાથમિક શાળા | પ્રવુતિદ્વારાવિજ્ઞાન શિક્ષણ | 31 |
| 27 | | મકવાણા મનીષાબેન એમ. | શ્રી કોડવાવ પ્રા. શાળા | EASY WAY TO TEACH ROMAN NUMBER | 32 |
| 28 | | ભૂત દીપાવલી કાંતિલાલ | શ્રી કતકપરા પ્રા. શાળા | શીખવું અને શીખવવું | 33 |
| 29 | માંગરોળ | મેર પ્રજેશકુમાર મહેશભાઈ | શ્રી આંત્રોલી પે સેન્ટર શાળા | અનઔપચારિક શિક્ષણ ના ભાગ રૂપે વિદ્યાર્થી ના વિશિષ્ટજ્ઞાન માં વધારો કરવા પોસ્ટ ઑફિસ, બેંક, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન જેવા સરકારી એકમો ની પ્રત્યક્ષ મુલાકાત અને પ્રેક્ટિકલ જ્ઞાન. | 34 |
| 30 | | ઘોડાદ્રા રામભાઇ કાળાભાઇ | શ્રી શિવવાવ સીમ શાળા | વેસ્ટ માંથી બેસ્ટ" પ્રવૃત્તિઓ | 36 |
| 31 | | જોરા વિજયકુમાર કાનજીભાઈ | ભાથરોટ પે સેન્ટર શાળા | સામાજિક વિજ્ઞાન કોર્નર | 37 |
| 32 | | જોરા વિજયકુમાર કાનજીભાઈ | ભાથરોટ પે સેન્ટર શાળા | કોરોના મહામારીમાં શિક્ષણ સાથે જનજાગૃતિ અભિયાન | 39 |
| 33 | મેંદરડા | મેંદપરા હેતલબેન કિશોરભાઈ | શ્રી નતાળિયા પ્રાથમિક શાળા | અંગ્રેજી શબ્દ ભંડોળ | 43 |
| 34 | | ત્રિવેદી દુષ્યંતભાઈ વિનયકાન્ત | શ્રી પાટરામા પ્રાથમિક શાળા | આનંદદાયી હાજરી / JOYFUL ATTENDANCE | 44 |
| 35 | | ચુડાસમા શીતલબેન મનસુખભાઈ | ખડપીપળી પ્રાથમિક શાળા | WHATSAPP આધારિત સ્વમૂલ્યાંકન કસોટી જાગૃતતા | 45 |
| 36 | | કામદાર જલ્પા હસમુખરાય | શ્રી નાગલપુર પ્રાથમિક શાળા | EACH ONE TEACH ONE | 46 |
| 37 | | ધમ્મર ભાવના રાજેન્દ્રભાઈ | માલણકા પે.સેન્ટર શાળા | કઠિન થી સરળ તરફ | 47 |
| 38 | | પટેલ હેતલબેન દશરથભાઈ | શ્રી સમઢીયાળા પે.સે. શાળા | 'YOGA' WITH MY SCHOOL KIDS | 48 |
| 39 | | હેતલ વશરામભાઈ વાઢીયા | શ્રીનાજાપુર છતરીયા પ્રાથમિક શાળા | રમતા રમતા ગણિત શીખીએ | 49 |
| 40 | | હરદેવકુમાર એમ. રામ | સી.આર.સી. ભવન સાસણ | "પ્રક્રમ" અંક ૧ થી ૬ | 50 |
| 41 | વંથલી | દક્ષાબેન એ કુકડીયા | શ્રી નાંદરખી પ્રાથમિક શાળા | જાતે કરીએ હોશિયાર બનીએ | 51 |
| 42 | | લીંબોલા  મિલનકુમાર એચ | થાણળીપીપળી પે.સેન્ટર શાળા | હરતી-ફરતી મોબાઇલ લેબ | 52 |
| 43 | | મકવાણા શિલ્પાબેન બી. | શ્રી બંટીયા પે સે. શાળા | જ્ઞાનનું પરબ | 53 |
| 44 | | ચાવડા ધર્મિષ્ઠા હમીરભાઇ | શ્રી બંટીયા પે સે.શાળા | ખિલખિલાટ કરતી મારી શાળા | 54 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 45 | | અનિલ ડી. બકુત્રા | ટીકર પ્રાથમિક શાળા, | STATE IN THE BAG, CONTINENT FACTS, COUNTRY CORNER, ME ON MAP, SOLAR SYSTEM જેવા પ્રોજેક્ટદ્વારા શિક્ષણ કાર્ય. | 55 |
| 46 | વિસાવદર | નિલેશભાઇ જી. ચાવડા | રાવણી (કુબા) પ્રાથમિક શાળા | ૧૦૦ સુધીના ઘડિયાની ઝડપથી અને સરળતાથી ગણતરી | 56 |
| 47 | | સજિયા કાજલબેન મગનભાઈ | કુબા પ્રાથમિક શાળા | PROJECT WORK IS THE BEST WORK IN SOCIAL SCIENCE | 57 |
| 48 | | રાવલિયા મિન્ટુબેન એ | શ્રી જેતલવડ પે.સેન્ટર શાળા | પ્રજ્ઞા વર્ગ | 58 |
| 49 | | ધવલકુમાર દિનેશચંદ્ર જોષી | શ્રી રાજપરા પ્રા. શાળા | ENGLISH IS INTERESTING, ISN'T IT? | 59 |
| 50 | | હેતલબેન રમણીકલાલ ગોઠી | શોભાવડલા લશ્કર પ્રા.શાળા | રમતા રમતા અંગ્રેજી શીખીએ | 60 |
| 51 | | ભુમા હેતન પ્રભુદાસ | જાબુંડી પ્રા. શાળા | શાળાબાગના વૃક્ષો શિક્ષણના સાથીદાર | 61 |
| 52 | | મયુરીબા રાણાભાઇ દયાતર | રતાંગ પ્રાથમિક શાળા | સામાજિક વિજ્ઞાન ધોરણ ૬ થી ૮ના એકમોની પ્રારંભિક ઝાખી | 62 |
| 53 | | પ્રસાદ દિપક રામઅયોધ્યા | શ્રી પિયાવા (ગીર) પ્રા.શાળા | ઓનલાઇન શિક્ષણ દરમ્યાન MY VIEW BOARD WHITE BOARD અને SLATE APP ના ઉપયોગદ્વારાગણિત તેમજ વિજ્ઞાનના કઠિન મુદ્દાઓને સરળ રીતે રજૂ કરવું | 63 |
| 54 | | ધર્મેશકુમાર ડી. વાઢેર | શ્રી સ.ભ.ગો.કન્યા શાળા મોટા કોટડા | રમતા – રમતા સમય સાચવીએ | 64 |
| માધ્યમિક વિભાગ | | | | | |
| ક્રમ | તાલુકો | ઇનોવેટીવ શિક્ષકના નામ | શાળાનું નામ | ઇનોવેશનનું શીર્ષક | પે.નં. |
| 1 | ભેસાણ | ડૉ.હર્ષાબેન ડી.પાડલિયા | શ્રીમતી એ.બી.યુ.દોશી મા.શાળા | ભાષાશિક્ષણમાં ગૃહકાર્યની અસર | 68 |
| 2 | ભેસાણ | મીરાબેન સતિષભાઇ વૈષ્ણવ | સ્વામી વિવેકાનંદ વિનય મંદિર ચણાકા | ગણિત-વિજ્ઞાનના અઘરા અને મોટા પ્રશ્નો ની યાદ રાખવાની ટૂંકી પદ્ધતિ | 66 |
| 3 | કેશોદ | પ્રફુલકુમાર આર.રાડીયા | શ્રી માધ્યમિક શાળા ચર | વિધાર્થીઓને મંચ પરનો અને સમસ્યા રજુ કરવાનો ભય દૂર કરવો | 67 |
| 4 | કેશોદ | દેવેન એ.ઠાકર | શ્રી જી.ડી.વાછાણી હાઇસ્કૂલ | પાઠ્યપુસ્તકની ક્ષિતિજને પાર | 68 |
| 5 | માળીયા | પરેશભાઇ ગોહેલ | શ્રી વલ્લભાચાર્ય હાઇસ્કૂલ | લોક્ડાઉન માં શિક્ષણ ને જીવંત રાખવાનો પ્રયાસ | 69 |
| 6 | માણાવદર | સરોજબેન એચ.ધોકીયા | શ્રી સનસાઇન મા.શાળા | બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ જાગૃત કરવા બાબત | 70 |
| 7 | મેંદરડા | પરષોતમભાઈ ખાણપરા | શ્રી વ્યંકટેશ વિધામંદિર આલીધરા | છંદના સૂત્રનું વિશ્લેષણ | 71 |
| 8 | વંથલી | રવીકુમાર સુરેશભાઇ ભટ્ટ | શ્રી કાનજા વિનય મંદિર | કોરોના બાદ બાળકોને શાળામાં લાવવાના પ્રયાસો | 72 |
| 9 | વંથલી | જયાબેન જી.અઘેરા | શેઠ બી.કે.મેહતા હાઇસ્કૂલ | "ક"થી કહીએ "જ્ઞ"થી જ્ઞાની થઈએ | 73 |

❖ **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ડોબરિયા મયૂર મનસુખલાલ**
❖ **શાળાનું નામ :- શ્રી મોરવાડા પ્રાથમિક શાળા**
**તાલુકો :- ભેસાણ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9974953481**



# "શિક્ષણમાં ટેક્નોલૉજી"

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનાં મોરવાડા પ્રાથમિક શાળામાં સેવા બજાવતાં શિક્ષકશ્રી ડોબરિયા મયૂર મનસુખલાલ વર્ષ ૨૦૧૯ થી સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. તેઓ ઘણી વાર બાળકોને સામાજિક વિજ્ઞાન વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે. કોરોના વૈશ્વિક મહામારીના લીધે શાળાઓમાં વિદ્યાર્થીઓને બોલાવી શકાતા નહોતા જેથી મયૂરભાઈએ ઓનલાઈન શિક્ષણ આપવાની શરૂવાત કરી પરંતુ તેમાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં તકલીફ પડતી તેમજ એકમ કસોટીમાં પણ વિદ્યાર્થીઓને મુંઝવણ થતી હતી. આ સમસ્યાઓ દૂર કરવા અને વિદ્યાર્થીઓનો સતત અને સર્વાંગી વિકાસ થાય તે હેતુથી ઓનલાઇન શિક્ષણ અને ક્વિજનું તેઓદ્વારાસફળ આયોજન કરવામાં આવ્યું.


સાંપ્રત ચાલી રહેલ કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં શાળાએ શિક્ષણ કાર્ય હતું પરંતુ વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે અને તેની અભ્યાસ પ્રત્યેની હતાશા ,ચિંતા , નિરાશા દૂર કરવા ડોબરિયા મયૂરભાઈએ ડિજિટલ માધ્યમથી શિક્ષણ આપવાનું શરૂ કર્યું .સામાજિક વિજ્ઞાન ધોરણ – ૬/૭/૮ માં અભ્યાસક્રમા વિદ્યાર્થીઓને ઘણા બધા એકમ સમજવામાં મુશ્કેલી અનુભવતા હતાં અને એકમ કસોટીમાં ખૂબ નબળું પરીણામ જોવા મળતું હતું . વિદ્યાર્થીઓને ઘરે રહી સુરક્ષીત રીતે શિખેલા એકમોનો મહાવરો તથા મૂલ્યાંકનકાર્ય કઈ રીતે કરી શકાય એ મોટી સમસ્યા હતી . આમ ડોબરિયા મયૂરભાઈને આ નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો.

મયૂરભાઈની શાળાના વિદ્યાર્થીઓને પણ ઓનલાઇન શિક્ષણ મળી રહે તેમજ વિદ્યાર્થીઓનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પણ થતું રહે અને વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલ ક્યાસ દૂર કરી મહાવરો પણ કરી શકે તે માટે ધોરણ-6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ અને ઓનલાઇન કસોટીઓનું આયોજન કરવામા આવ્યું.

ધોરણ - 6નાં વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષય નવો છે. તેમજ ધોરણ - 8 માં પણ સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ બદલાયો છે. તેથી આ વિષયના દરેક એકમના મુદ્દાઓને પુરક માહિતીદ્વારાસમજાવી શકાય તે માટે વર્ચ્યુઅલ માહિતી એકત્ર કરી તેમનાદ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાવામાં આવી. વિધાર્થીઓએ મેળવેલ શિક્ષણનું મૂલ્યાંકન અનિવાર્ય હોય તે માટે ઓનલાઇન ટેસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું , જેમાં ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાનના તમામ એકમોની ઓનલાઇન ક્વિઝ બનાવામાં આવી છે. અને ક્વિઝના અંતમાં પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યાં.

શરૂઆતમાં વિદ્યાથીઓને ટીમ એપમાં લોગ ઈન કરાવી ઓનલાઇન શિક્ષણ કેમ લેવું તે માટે તેઓદ્વારા સમજવવામાં આવ્યા. ત્યાર બાદ ગૂગલફોર્મમાં કસોટી કઈ રીતે ભરવી તેમજ કઈ રીતે પ્રમાણપત્ર ડાઉનલોડ કરવું વગેરે શીખવવામાં આવ્યું . આમ વિદ્યાર્થીઓ વધારે માર્કસ મેળવવાની જીજ્ઞાશાને લીધે વધારે ને વધારે વિદ્યાર્થીઓ જોડાવા લાગ્યા અને તેના પરિણામોમા પણ નિરંતર સુધારો થવા માંડ્યો.

- ફોટોગ્રાફ્સ :-






**2**



- **શિક્ષકનું નામ:- ડો.કિશોરકુમાર વાલજીભાઇ શેલડિયા**
- **શાળાનું નામઅને સરનામું:- શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ -**
  **-જીન પ્લોટ પે સે.શાળા,તા.ભેસાણ જિ.જુનાગઢ**
- **મોબાઇલ નંબર:- ૯૪૨૯૦૪૩૬૨૭**

# "લોકાનુદાનદ્વારાવાતાનુકૂલિત કોમ્પ્યુટર લેબ નિર્માણ અને તેનાદ્વારાકમ્પ્યુટર લેબની સમસ્યાઓનું નિરાકરણ."

ચોવીસ કલાક હરિહરના નાદ સંભળાય છે એવા પરબધામનો તાલુકો ભેસાણ ગામ જુનાગઢ મથકથી ૩૫ કિ.મી.દૂર આવેલુ છે.એ ગામની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સે.શાળામાં વર્ષ-૨૦૧૧ થી ભાષા શિક્ષક તરીકે તેઓ ફરજ બજાવે છે. તેમનાદ્વારાઅનેક ઈનોવેશન હાથ ધરાયા છે. તેમણે સંસ્કૃત સંભાષણ ક્ષેત્રે  જૂનાગઢ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. તેમના સંસ્કૃત સંભાષણદ્વારાસંસ્કૃતભાષા શિક્ષણ અને પ્રચાર-પ્રસારની નોંધ લઈને ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારાપ્રતિ વર્ષ એક જ વ્યક્તિને અપાતો યુવા ગૌરવ એવોર્ડ-૨૦૧૯ રાજ્યપાલશ્રીના હસ્તે ડો.કિશોર શેલડિયાને એનાયત થયેલો છે.તેમનું સંસ્કૃત સંભાષણ નું ઈનોવેશન રાજ્ય કક્ષાએ પહોચ્યું છે.

ઉનાળુ વેકેશન અને દિવાળી વેકેશન દરમિયાન લાંબો સમય કમ્પ્યુટર લેબ બંધ થવાને કારણે કમ્પ્યુટર બંધ થઈ જતા હતા.આથી કમ્પ્યુટર બગડે નહીં અને વારંવાર કમ્પ્યુટર રીપેરીંગ ન કરવા પડે તથા કમ્પ્યુટર લાંબો સમય સુધી ચાલે તે માટે  ડો.કિશોરકુમાર શેલડિયાદ્વારાઆ નવતર પ્રયોગ હાથ ધરાયો. શાળામાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગદ્વારાઆપવામાં આવેલ કમ્પ્યુટર લેબ અંતર્ગત મોટાભાગના કમ્પ્યુટર વેકેશન દરમિયાન ઉપયોગ ન થવાને લીધે બંધ પડી જતા હતા.આ સમસ્યાને કારણે પ્રતિવર્ષ કમ્પ્યુટર રીપેરીંગ કરવાના ખર્ચનો બોજો અને સરકારી નાણાંનો દુર્વ્યય થતો હતો.આ સમસ્યાના કાયમી ઉકેલ માટે કિશોરભાઈને વિચાર આવ્યો કે કમ્પ્યુટર લેબને ડસ્ટ ફ્રી અને સંપૂર્ણ  વાતાનુકૂલિત બનાવવી. કમ્પ્યુટર લેબને વાતાનુકૂલિત કરવા માટે તેમણે  લોક સહયોગ મેળવીને દાતાદ્વારાબે ટનનું એ.સી. લગાડવામાંઆવ્યું.એ.સી.નું કુલિંગ જળવાઈ રહે તે માટે બારીઓને કાયમી બંધ કરી પડદા લગાવવામાં આવ્યાં અને કાચનોસ્વયંસંચાલિત દરવાજો મૂકવામાં આવ્યો. કિશોરભાઈની શાળામાં વાતાનુકૂલિત કમ્પ્યુટર લેબ નહોતી ત્યારે ડસ્ટના કારણે કમ્પ્યુટર લેબના મોટાભાગના કમ્પ્યુટરના રેમ , હાર્ડિક્સ વગેરે પાર્ટ્સ બગડી જતા હતા અને આથી માનવ કલાકોનો તથા સરકારી નાણાંનો પ્રતિવર્ષ રિપેરિંગ પાછળ દુર્વ્ય થતો હતો. તેઓદ્વારાવાતાનુકૂલિત કમ્પ્યુટર લેબ બનાવ્યા બાદ આજે તેમની શાળાના તમામ કમ્પ્યુટર ચાલુ છે અને છેલ્લા ત્રણ વર્ષથી એક પણ કમ્પ્યૂટર ખરાબ થયું નથી. કોમ્પ્યુટર કોમ્પ્યુટર લેબનો તમામ બાળકો લાભ લઈ રહ્યાં છે.તેઓના આ નાવાચરની સફળતા એ છે કે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગદ્વારાબંધ પડેલ કમ્પ્યુટર જમા કરવાનો પરિપત્ર થયેલ પરંતુ વાતાનુકૂલિત લેબના કારણે તેમની શાળાના  બધા જ કોમ્પ્યુટર ચાલુ છે તેથી તેની શાળાદ્વારાકમ્પ્યુટર જમા કરવામાં આવેલ નથી.








❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- વ્યાસ દિપ્તીબેન બી.**

❖ **શાળાનું નામ:- સાંકરોળા પ્રાથમિક શાળા.**

**તાલુકો :- ભેંસાણ, જીલ્લો :- જૂનાગઢ**


❖ **મોબાઈલ નંબર :-9426992808**

## "HEAD TO HAND TO HEART ACTIVITY"

- જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાનાં શિક્ષકશ્રી દિપ્તી બેન વ્યાસ વર્ષ 2011 થી ગણિત – વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણી વાર બાળકોને ગણિત અને વિજ્ઞાન વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે.
- તેઓ છેલ્લા છ વર્ષ થી જીલ્લા કક્ષાએ અને રાજ્યકક્ષાએ ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લે છે અને શાળામાં પણ સતત પ્રવૃત્તિમય રહે છે.

આ વર્ષે આપણે સૌ જ્યારે ગંભીર અને જટિલ ઈકોલોજીકલ પડકારો, આર્થિક તણાવ તેમજ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે સામાજિક અસ્થિરતાનો ભોગ બન્યા છીએ. તેમજ અનિશ્ચિતતાઓ, ડર, હતાશા, ઉદ્વેગ અને ઈર્ષ્યાના માહોલમાં માનસિક સ્થિરતા અને સામાજિક અસ્થિરતા અનુભવી રહ્યા છીએ ત્યારે વિદ્યાર્થીઓ પણ આ પરિસ્થિતિનો યેન કેન પ્રકારે સામનો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને તેના વાલીશ્રી ને પણ પ્રોજેક્ટ કાર્ય **પદ્ધતિ**દ્વારાપ્રવૃત્તિ માં સામેલ કરી વિદ્યાર્થીઓને સ્થાનિક કક્ષાએ થતાં રોજગાર વિશેની સંપૂર્ણ માહિતી એકત્ર કરી તેનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરી વિદ્યાર્થીઓને આ પડકારો અને ખામીઓ દૂર કરવાની શક્તિ તેમજ ઘટનાઓ, વિચારો અને લાગણીઓને નવા **દ્રષ્ટિકોણ** થી પુનઃ વિચારવાની તક પૂરી પાડી છે.







# 4



❖ **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ડો. શ્યામ બી. શુકલા**
❖ **શાળાનું નામ :- ચોબારી પ્રાથમિક શાળા**
**તાલુકો :- જૂનાગઢ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9099658109**

## "BASIC VERBS AND WORDS IN 45 DAYS"

જૂનાગઢ જિલ્લાના શહેરી વિસ્તારની ચોબારી પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી ડો.શ્યામ શુકલ વર્ષ ૨૦૧૦ થી ભાષા શિક્ષક છે. તેઓએ અંગ્રેજી ભાષામાં ધોરણ ૬ થી ૮ માં આવતા યુનિટ ને વિદ્યાર્થીઓને સમજણ આપતી વખતે પૂર્વ જ્ઞાન તપાસતી વખતે પ્રિ-ટેસ્ટનું આયોજન કરતા પરિણામ પરથી જણાયું કે બાળકોને સામાન્ય શબ્દો અને ક્રિયાપદો તેમજ સામાન્ય વાક્ય રચનાઓમાં ખુબજ મુશ્કેલીઓ જણાય આવે છે. તેઓએ પોતાની આગવી સમજ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી અને એક સરસ મજાનો બેઝીક કોર્સ બનવ્યો. આ બેઝીક કોર્સની ખાસ વિશેષતા એ હતી કે અહીં મુકાયેલ ચિત્રોમાં અને વાક્યો માં શાળાના જ બાળકોના ફોટોગ્રાફ્સ અને નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ બાબતથી બાળકોને આમાં ખુબજ અંગત રસ જણાવા લાગ્યો અને તેઓ આ કોર્સને હોંશેહોંશે શીખવા લાગ્યા. આ તો એવું જ થયું કે પોતાની જ વાતો ને પોતે શીખે. અરે પછી તો બાળકોના ઉત્સાહ અને ઉમંગમાં એટલો વધારો થયો કે સામાન્ય અંગ્રેજી વાક્યો તો તમની રોજીંદી ઘટનાઓમાં પ્રયોગ કરતા થઈ ગયા અને ડો.શ્યામ શુક્લાનો આ પ્રયત્ન ખુબજ સફળતા પૂર્વક અંગ્રેજી ભાષાને શીખવવામાં અસરકારક સાબિત થયો. ગામના અગ્રણી લોકો અને વાલીઓએ પણ આ બાબતની સરાહના કરી.

# 5

❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ભરાડ સંજય કુમાર ખીમજીભાઇ
❖ શાળાનું નામ :- શ્રી વિડીવિસ્તાર સિમશાળા
તાલુકો :- જૂનાગઢ , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9429158930



# શાળા પુસ્તકાલય પ્રદર્શન

શાળાના વિદ્યાર્થીઓ શાળાના પુસ્તકાલયમાં રહેલા તમામ પુસ્તકો વિશે જાણતા નથી અને પોતાને કેવાં પુસ્તકો વાંચવા ? પોતાને કેવા પુસ્તકો ગમે છે? તે પણ નક્કી કરી શકતા નથી અને અભ્યાસ મા વિવિધ પુસ્તકોનું મહત્વ છે તે પણ જાણતા હોતા નથી.આ પુસ્તક પ્રદર્શન રાખવાથી વિદ્યાર્થીઓ શાળામાં રહેલા તમામ પુસ્તકો જોઈ શકે છે અને તેમનો વાંચન પ્રત્યેનો અભિગમ જાગૃત થાય છે.બાળકો વિવિધ પુસ્તકો વિશે શિક્ષકોને પુછતા થયા અને પોતાને મનગમતા અને રસના વિષયો વાળા પુસ્તકોને વિદ્યાર્થીઓ મેળવી શક્યા. પુસ્તકાલય પ્રદર્શનના વિવિધ પુસ્તકો જોઈને વિદ્યાર્થીઓ આનંદિત થઈ જાય છે.નાના બાળકો પર વાર્તા અને રંગીન ચિત્રોવાળા પુસ્તકોને જોતા રહી જાય છે. ઘણા બાળકો વિજ્ઞાન ગણિત ની રમતો ના પુસ્તકો ને પસંદ કરે છે બાળકોની પુસ્તક પસંદગી તેનો રસ નો વિષય જાહેર કરે છે.આ પ્રદર્શનમાં બાળકો પોતાને ગમતા પુસ્તકો જોઈને આનંદીત થઈ જાય છે અને પોતાનામાં રહેલી જીજ્ઞાશાવૃત્તિ પોતાને ગમતા પુસ્તકો વાંચીને સંતોષે છે. વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના પુસ્તકો મેળવીને રાજી થઈ જાય છે. નાના અને મોટા લગભગ તમામ વિદ્યાર્થીઓએ આવા પુસ્તકોના પ્રદર્શનને ખૂબ જ પસંદ કર્યું છે.....

## 6

❖ **ઇનોવેટિવનુ નામ : અતુલકુમાર એ ચૌહાણ**
❖ **શાળાનું નામ :- શ્રી લીરબાઇ નગર પ્રાથમિક શાળા**
**તાલુકો :- જૂનાગઢ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9427975649**



# "વેસ્ટ માંથી બેસ્ટ"

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ( શહેર ) તાલુકાનાં શિક્ષકશ્રી અતુલકુમાર એ. ચૌહાણ વર્ષ 2012 થી ગણિત- વિજ્ઞાન વિષય શિક્ષક છે. તેઓએ વર્ષ 2018/19 દરમ્યાન કરેલ અવલોકનના અધારે આ ઇનોવેશન સ્ટોરી તૈયાર કરી છે. શાળાના બાળકોમાં જોવા મળેલ પર્યાવરણ પ્રત્યે ઉદાસિનતા , મૂલ્યશિક્ષણ નો અભાવ, મસ્તીખોર સ્વભાવ જોવા મળ્યો. જે અંગે તેઓએ આચાર્યશ્રી અને શાળા સ્ટાફ સાથે ચર્ચા કરી આ અંગે ઘટતુ કરવા સૂચનો માગ્યા જે પૈકી આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોએ સમજાવટ, પર્યાવરણનુ જતન ,મૂલ્યશિક્ષણ બાબતે સૂચનો કર્યા. પરંતુ બાળકોપર શબ્દોની અસર ઓછી જોવા મળી. પરંતુ આજ શૈક્ષણિક વર્ષ દરમિયાન યોજાયેલ બાળમેળામાં તેઓને પેપર કટિંગ , ઓરિગામી કે પેપર ફોલ્ડીંગ પ્રવ્રુતિ કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા કે આરીતે તમે પણ નકામાં કાગળ કે પૂઠાનો ઉપયોગ કરીને કઇક નવીન બનાવી શકો. બાળકોને તેમણે છાપાની નકામી પસ્તી, જાહેરાતના ચોપાનિયા, વેસ્ટ પેપર કે પૂઠા માંથી ચકલી , દેડકો, પતંગિયુ,ફરતો દડો કઇ રીતે બનાવી શકાય તે શીખવ્યુ અને પરિણામે બાળકો પેપર વેસ્ટ કરી ડસ્ટ્બીન માં કે જ્યાં-ત્યાં ફેકવાને બદલે ઓરિગામી તરફ વળ્યા. બાળકોમાં સર્જનાત્મક શક્તિ ખિલતી દેખાઇ, ડિજીટલ મિડીયાનો હકારાત્મક ઉપયોગ તરફ કેટલાક બાળકો જોડાયા, સાથે સાથે મસ્તીખોર બાળકોને પણ આમાં રસ જાગ્યો.પ્રતિવર્ષ વેસ્ટ પેપરનુ પ્રમાણ બળકોમાં ઘટતુ જોવા મળ્યુ. ઘણા બાળકો પર્યાવરણ તરફ સંવેદન શીલ બન્યા.તેમનો આ પ્રયત્ન મૂલ્યશિક્ષણ અને જીજ્ઞાશા વ્રુતિ માટે, સર્જનાત્મક શક્તિ ખિલવવામાં ખૂબ ઉપયોગી બનેલ છે.આ નવતર પ્રયોગ અન્ય શાળા એ પણ સ્વીકારવા યોગ્ય છે.

7

- ઈનોવેટીવ શિક્ષકનું નામ :- કંચનબેન બાબુલાલ સાંગાણી
- શાળાનું નામ :- કન્યા શાળા નં. ૪
  તાલુકો :- જૂનાગઢ , જીલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર :- ૯૮૨૪૦૬૭૮૭૬



# "આકર્ષક ઓનલાઇન જોડાણ"

જૂનાગઢ જિલ્લાના જુનાગઢ શહેર તાલુકાનાં શિક્ષકશ્રી કંચનબેન બાબુલાલ સાંગાણી વર્ષ 2012 થી ભાષા વિષય શિક્ષક છે. શ્રી કન્યા શાળા નં. ૪ માં તેઓએ શિક્ષક બન્યા ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રમાં બાળકોની રસ-રુચિ વધતા રહે તેવા પ્રયત્નો કરીને કંઈક નવું નવીનતા લાવવાના પ્રયાસો કરે છે ઈનોવેશન ફેસ્ટિવલ માં દર વર્ષે જિલ્લા કક્ષાએ પોતાના ઈનોવેશન રજૂ કરે છે કોઈ 19ની મહામારીની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ અનિવાર્ય બની ગયું હતું વિદ્યાર્થીઓ દરરોજ પોતાની અનુકૂળતા મુજબ વિવિધ સોર્સદ્વારાશિક્ષણ મેળવતા હતા વિદ્યાર્થીઓ સાથેની વાતચીત તથા વાલીઓ સાથેની ચર્ચાદ્વારાજાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણમાં અમુક વખતે થાકી જાય છે અને રસ લેતા નથી તેથી આ સમસ્યાના નિરાકરણ માટે વિચારતા નવતર પ્રયોગ કરવાનું આયોજન કર્યું અને સમગ્ર લોક ડાઉન દરમિયાન દર રવિવારે રાત્રે 8-30 થી કન્યા શાળાનો ગૌરવ નામથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો આ નવતર પ્રયોગમાં રવિવારે રાત્રે ટીમ્સદ્વારાશાળાના મહત્તમ વિદ્યાર્થીઓને જોડવામાં આવે છે શનિવારે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને રવિવારે કયો કાર્યક્રમ કરવો છે તે નક્કી કરીને રાત્રે ટીમદ્વારાવાર્તા, ઉખાણા, ટુચકા, વિવિધ ગીતો તેમજ વિદ્યાર્થીઓમાં પડેલી શક્તિઓ બહાર લાવીને ખીલવવામાં ખૂબ જ આનંદ આવે છે વિદ્યાર્થીઓના વાલીઓ પણ મોટા પ્રમાણમાં જોડાય છે અને એકદમ જોયફૂલ સન્ડે બની જાય છે વાલીઓ પોતાની આવતી પ્રવૃત્તિઓ રજૂ કરીને ખૂબ જ ખુશ થાય છે અને વિદ્યાર્થીઓ આખો દિવસ નેટ ના ડેટા બચાવીને રાખે છે તેથી મોબાઈલનો ઉપયોગ પણ થતો નથી વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણમાં જકડી રાખવા માટે પણ આ પ્રોગ્રામ ખૂબ જ ઉપયોગી બન્યો છે.

8

- ઇનોવેટીવશિક્ષકનું નામ:- વ્યાસ હેતલબેન શરદભાઈ
- શાળાનું નામ:- વાલા સીમડી પ્રાથમિક શાળા
  તાલુકો :- જુનાગઢ, જીલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર :-6353784363



# "ડિજિટલ ટેકનોલોજીદ્વારાસામાજિક વિજ્ઞાનનું અસરકારક શિક્ષણ"

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના ગ્રામ્ય શાળાના શિક્ષક શ્રી વ્યાસ હેતલબેન શરદભાઈ વર્ષ ૨૦૧૫ થી સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે શ્રી વાલા પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે.નવીન ટેકનોલોજીના માધ્યમદ્વારાબાળકોને અઘરો લાગતો વિષય સરળ રીતે ભણાવી શકાય તેવા તેમના સતત પ્રયત્નો રહ્યા છે.ઇનોવેશન ફેસ્ટિવલ 2019 થી ભાગ લે છે તથા પોતાના કરેલા નવતર પ્રયોગો ને જિલ્લાકક્ષાના ઇનોવેશન માં રજુ કરેલ છે. સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતા એકમો ઘણા લાંબા અને અઘરા લાગતા તેવા એકમોને તે સરળતાથી સમજાવતા હતા.હેતલબેન ની આ કામગીરી કામગીરી હજુ પણ ચાલુ છે આ પ્રયોગથી બાળકો એકમ મુજબ ઉતરોતર પ્રગતિ કરે છે. તથા લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી અઘરા લાગતા એકમોને સરળ રીતે શીખવે છે બાળકો પાસે પ્રોજેક્ટ વર્ક પણ કરાવે છે.



## 9

- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- હેતલબેન ચંદુભાઈ જેઠવા**
- **શાળાનું નામ:- રામેશ્વર પ્રાથમિક શાળા**
  **તાલુકો :- જુનાગઢ, જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 98240 28434**



# "LEARN ENGLISH IN CORONA TIME"

જુનાગઢ તાલુકા ની રામેશ્વર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકાશ્રી હેતલબેન ચંદુભાઈ જેઠવા એ Covid 19 ની પરિસ્થિતિમાં બાળકોને શિક્ષણ આપવા માટે ઘણી બધી પદ્ધતિઓ ના ઉપયોગદ્વારાશિક્ષણ આપ્યું હતું જેવું કે વાલી મુલાકાત, શેરી શિક્ષણ, Microsoft teems, whatsapp group, YouTube Video અને ફોન સંપર્ક નો મોટો ફાળો હતો.

વિવિધ પ્રવૃત્તિઓ દ્વાર ENGLISH શીખવી બાળકોને ભાષા શિક્ષણમાં રસ લેતા કર્યા હતા.આ સાથે બાળકોને મુક્ત વાતાવરણ મળી રહે તે માટે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવી

બાળકોને અલગ-અલગ રમત એક્ટિવિટી પ્રોજેક્ટ માં ભાગ લેતા કરી ભાષા શિક્ષણ આપવાનો તેમજ અધ્યયન નિષ્પતિઓ આધારિત પ્રવૃતિશીલ શિક્ષણ આપવાથી બાળકોની સર્જનાત્મકતા શક્તિમાં વધારો થયેલો જોવા મળ્યો. તેમણે ઈનોવેશન કરીને પ્રવૃત્તિ કરાવેલ તેથી તેના શિક્ષણમા ફાયદો થતો જોવા મળેલ છે.

# 10



- ઇનોવેટીવશિક્ષકનું નામ:- ચુડાસમા કૃપલબેન એલ.
- શાળાનું નામ:- શ્રી મહંત સિમરોલી પ્રાથમિક શાળા
  તાલુકો :- કેશોદ , જીલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર :- 8866785153

## "ACTIVE SCIENCE CORNER"

- શરૂઆતમાં ધોરણ 6 થી8નાં બાળકોમાં વિજ્ઞાન વિષય પ્રત્યેની રસ-રુચિ અને સમજણ સાવ ઓછી જોવા મળી.ખુબ જ ઓછાં બાળકો પ્રવૃતિમાં ભાગ લેતા.
- વિજ્ઞાન વિષયને સરળ રીતે શીખવવાનો વિચાર આવતાં શાળામાં Active science corner બનાવવાનું નક્કી કર્યું. આ માટે ધોરણ ૬ થી ૮ નાં તમામ બાળકોનાં અલગ-અલગ 4 જૂથ બનાવ્યા .આ જૂથને અલગ અલગ સાધનો, તેમજ ટી.એલ.એમ. બનાવવાં આપ્યાં, અને વર્ગમાં ચોક્કસ જગ્યાએ બનાવેલાં science corner માં ગોઠવવામાં આવ્યાં આ ઉપરાંત વિવિધ પ્રવૃતિઓ જેવી કે વેસ્ટ માંથી બેસ્ટ ,બુલેટિન બોર્ડ , વૈજ્ઞાનિકોની સચિત્ર માહિતી ,વિવિધ પ્રાણી -પક્ષીઓ ની ફાઈલ, સાધનો ની ઓળખ,તેમજ વિજ્ઞાન વિષયક આકૃતિઓની ફાઈલ.. વગેરે બાળકોદ્વારાબનાવવામાં આવી. આ બધી પ્રવૃત્તિઓ ની અલગ અલગ ફાઈલતૈયાર કરવામાં આવી અને આ કોર્નર માં ગોઠવવામાં આવી.
- દિવાલ પર ચાર્ટ લગાવવામાં આવ્યાં. નવરાશનાં સમયે તથા દર શનિવારે ધોરણ-6, 7,અને 8 નાં બાળકો ઉત્સાહપૂર્વક કોર્નરની મુલાકાત લેતાં અને નવું નવું જાણતાં થયાં.
- આ ઉપરાંત શાળામાં દર વર્ષે 28 ફેબ્રુઆરી -રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી કરવામાં આવતી,જેમાં વિજ્ઞાન વિષયક પ્રયોગો,પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું,જેમાં બધા બાળકો નો સારો એવો ઉત્સાહ જોવા મળ્યો.
- આ નવતર પ્રયોગ થી બાળકોનો વિજ્ઞાન પ્રત્યેનો રસ અને ઉત્સાહ એકાએક વધવા લાગ્યો.બાળકો જાતે પણ પ્રયોગો કરતા થયાં.

## 11

❖ **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- સંદીપકુમાર રમેશચંદ્ર પાઠક**
❖ **શાળાનું નામ :- શ્રી મેસવાણ પે સેન્ટર શાળા**
**તાલુકો :- કેશોદ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9825238475**



# "અંગ્રેજી વાક્યરચના માટે ટી.એલ.એમ. નિર્માણ"

- જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાનાં મેસવાણ ગામની શ્રીમેસવાણ પે સેન્ટર શાળામાં શિક્ષકશ્રી સંદીપકુમાર રમેશચંદ્ર પાઠક વર્ષ 2021 થી ધોરણ ૧ થી 5 માં શિક્ષક છે. આ પહેલા તેઓ સુત્રાપાડા તાલુકાની શ્રી પ્રશ્નાવડા કન્યાશાળામાં વર્ષ-૨૦૧૦થી ફરજ બજાવતા હતા.
- શાળામાં અંગ્રેજી ભાષા પ્રત્યે શાળામાં બાળકો વધુ રુચિ ધરાવતા ન હતા.
- તેઓ અંગ્રેજી ભાષાને એક કઠિન ભાષા સમજતા હતા.
- બાળકોમાં અંગ્રેજી ભાષાને સમજવાની અને પોતાના મૌલિક વિચારોને રજૂ કરવાની તક મળે તે માટે વર્ષ 2018 થી અંગ્રેજી વાક્ય રચના સમજવા માટે નું નિર્માણ તેમનાદ્વારાકરવામાં આવ્યું.
- બાળકો અંગ્રેજી વાક્ય રચના સરળતાથી શીખી શકે પોતાના મૌલિક વિચારો રજૂ કરી શકે તે માટે ટી.એલ.એમ. નો વર્ગખંડમાં દૈનિક ઉપયોગ કરવામાં આવ્યો.
- બાળકોનું શબ્દ ભંડોળ વધવા લાગ્યું અને તેઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યે રુચિ વધવા લાગી.
- વર્ગના સરેરાશ ૮૦ ટકા બાળકો અંગ્રેજી માં પોતાનો પરિચય અને પરિચિત વસ્તુઓનું વર્ણન કરતા થયા.
- આ નવતર પ્રયોગની આપને મહત્તમ સફળતા પ્રાપ્ત થઈ.
- આ નવતર પ્રયોગના ફોટોગ્રાફ્સ નીચે મુજબ છે

# 12



❖ **ઇનોવેટીવશિક્ષકનુંનામ:-ચુડાસમા જગદીશભાઈ એમ.**
❖ **શાળાનુંનામ:- શ્રી હાંડલા પ્રાથમિક શાળા,સી.આર.સી ગોદાવરીબાઈ કન્યા શાળા**
**તાલુકો :- કેશોદ ,જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલનંબર :-9979779536**

# "કાર્ડસ ગેમદ્વારાશિક્ષણ"

આજે મોટાભાગના બાળકો ગામડાઓમાંથી શાળાઓમાં આવતા હોય છે તેમાં ઘણા બાળકો વર્ગમાં ઝડપથી શીખી શકતા હોય છે તો ઘણા વિદ્યાર્થીઓ ની શીખવાની પ્રક્રિયા ધીમી હોય છેઆજ ધીમું શીખતાં બાળકોને સરળતાથી અને ઝડપથી શીખવા માટે કાર્ડસ ગેમ( ગંજી પત્તા) ઉપયોગ કરી સામાજિક વિજ્ઞાન ને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો તથા ગણિતના સાદા સરવાળા અને બાદબાકી ના 1 થી 10 અંક માં આવતા દાખલાઓ ગણાવી શકાય.

આમ પણ ગામડાઓમાં બાળકો કાડ્ર્સ પરિચિત હોય છે. આ કાડ્ર્સ નો ઉપયોગ અવળી રમત રમવામાં કરતા હોય છે માટે આ કાર્ડનો ઉપયોગ શાળામાં ગણિત શીખવામાં થઈ શકે એવું કહીને મેં આ નવતર પ્રવૃત્તિ શાળામાં શરૂ કરાવી આનાથી બાળકો રસ-રુચિ સાથે આ પ્રવૃત્તિમાં જોડાય શિક્ષણકાર્યમાં ઝડપથી શીખતાં થયા.

- કાર્ડસ બાળકોને બતાવીને કહી શકાય કે કાર્ડની સંખ્યા કેટલી? 52 તો એક વર્ષના અઠવાડિયા પણ 52 હોય છે તેવું સમજાવી શકાય.
- કાર્ડમાં ચિત્ર ની સંખ્યા ગણવી( ગુલામ ચાર, રાણી ચાર, રાજા ચાર) સરવાળો 12થાય તો એક વર્ષના મહિના 12 હોય તેવું સમજાવી શકાય છે.
- 1+2+3+4+5+6+7+8+9+10+11+12+13=91ને 4 વડે ગુણતાં =364અને 1 જોકર ઉમેરતા 365 થાય તો 1 વર્ષ ના દિવસો થાય.+1 જોકર ઉમેરતા લિપ વર્ષ
- બે કાર્ડસ એટલે કે2+2=4 એમ સરવાળો કરાવી શકાય. આમાં ચાર કાર્ડ ગણવા આપી શકાય.
- બે કાર્ડસ લઈ અને બાદબાકી કરી શકાય દા. ત 5-3=2 અહીં બાળક ને 5 કાર્ડસ આપી તેમાંથી 3 કાર્ડસ ઓછા કરાવતા બાદબાકી મળે એવું શીખવી શકાય .
- આ કાર્ડસ ગેમ ની મદદથી વિદ્યાર્થીઓમાં રસ-રુચિ સાથે શિક્ષણકાર્ય કરાવી શકાય અને વિદ્યાર્થીઓ ઝડપથી શિક્ષણ કાર્ય કરતા થાય છે.







❖ **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- મહિડા પ્રવીણભાઈ ગોવાભાઈ**
❖ **શાળાનું નામ :-બડોદર પ્રાથમિક શાળા**
**તાલુકો :- કેશોદ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :-9913509706**

# "સુત્રોની સમજ ધ્દ્વારા શિક્ષણ"

❖ હાલમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાનાં શિક્ષકશ્રી મહિડા પ્રવીણભાઈ ગોવાભાઈ ઈ. સ. 2012 થી સામાજિક વિજ્ઞાન વિષય નો અભ્યાસ કરાવે છે.
❖ વિકલ્પ પસંદ કરી બડોદર શાળા મા આવ્યા ત્યારે અભ્યાસ કરાવતી વખતે જોયું તો બાળકો સામાજિક વિજ્ઞાન વિષય લેંધી, અટપટો અને કંટાળાજનક વિષય લાગતો હતો.
❖ વિદ્યાર્થીઓમા સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અરૂચિને દૂર કરવા અને વર્ગના વાતાવરણને આનંદદાયી અને રસપ્રદ બનાવવા શિક્ષક શ્રી એ ઘણા પ્રયત્નો અને નવતર પ્રયોગો કર્યા.
❖ દરેક એકમમાં આવતી પ્રવૃત્તિ (સમયાંતરે) કરાવી દા.ત.કુટુંબના સભ્યોની માહિતી કે બાયોડેટા, એકમમાં આવતા પ્રોજેક્ટો દા. ત. કુદરતી આપતિ ના ચિત્રો સાથે માહિતી એકઠી કરવી. પઝલસ નકશાદ્વારાનકશાનું વાંચન કરાવ્યા. રમતો કે રમતની પ્રવૃત્તીદ્વારાવિદ્યાર્થી માં રસ રુચિ જગાડી.
❖ આમ, ઈતિહાસ, ભૂગોળ, નાગરિક, અર્થશાસ્ત્ર અને પર્યાવરણ માં આવતા ચાર્ટ, ચિત્રો, નકશા, પેપર કટિંગ, પ્રોજેક્ટ વર્ક, પ્રવૃત્તિ, પાઠ્યપુસ્તકના ક્યુ આર કોડ સ્કેનદ્વારામાહિતી, બાયસેગદ્વારામાહિતી, રમત ગમત, ઉખાણા, જોડકણા, ગીતો દ્વારા, અધ્યયનદ્વારાવર્ગને જીવંત રાખી બાળકોને વિષય માં રસ દાખવતા કરયા.

**14**



- **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- મારૂ રાજેશભાઈ બી.**
- **શાળાનું નામ :- શ્રી પંચાળા પ્રાથમિક શાળા**
  **તાલુકો :- કેશોદ , જીલ્લો :- જુનાગઢ**
- **મોબાઈલ નંબર :- 96873 48959**

# “લઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) અને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) શોધવાની સરળ રીત.”


- જૂનાગઢ જિલ્લાના સોરઠ પંથકના ઘેડ વિસ્તાર ના કેશોદ તાલુકાના છેવાડાનું પંચાળા ગામની શાળામાં મારૂ રાજેશભાઈ બી. પંચાળા પ્રાથમિક શાળા માં વર્ષ 2011 થી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે સેવારત છું.



- ધોરણ 1 થી 8 માં કુલ 154 જેટલા બાળકો અભ્યાસ કરે છે. 2011માં આ શાળામાં આવ્યા પછી અનુભવ્યું કે બાળકોને ગણિત વિષય પ્રત્યે અરૂચિ જોવા મળેલ છે. ગણિતની સંકલ્પના પણ બાળકોમાં પૂર્ણતઃ વિકસિત નથી.ગણિત પ્રત્યે રસ-અભિરુચિ ઉત્પન્ન કરવા આ ઈનોવેશન નો વિચાર આવ્યો. બાળકોને રમત રમવી ખૂબ જ ગમે છે. રમતદ્વારાગણિત શિક્ષણ એ મારો હેતુ હતો.એટલે રમત ગમતદ્વારાગણિત શીખવાડવાનું ચાલુ કર્યું સાથે સાથે બાળકોની તર્ક શક્તિનો વિકાસ થાય એ માટે દરરોજ એક પઝલ પૂછવાનું ચાલુ કર્યું ઈનોવેશન નો પ્રયોગ મે 2019 ના કર્યો છે. મારા નવતર પ્રયોગ નું નામ લઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) અને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) શોધવાની સરળ રીત ની રમત રમવી એવું છે.

- ગણિતને રસપ્રદ રીતે ભણાવવા માટે વર્ષ 2019 માં ધોરણ-6 ગણિત વિષયના 20 વિદ્યાર્થીઓને પ્રથમ સત્રના બીજગણિત ના લઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) અને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) એકમ માટે સાધન તરીકે પ્લાસ્ટિકના મોતી, થર્મોકોલ, કપ, કલર,રંગીન ટેપ,કાગળ, લ.સા.અ. અને ગુ.સા.અ. રકમ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરળતાથી કઠિનતા ના ક્રમ અનુસાર પ્રવૃત્તિ કરવામાં આવી.

- તેના નિવારણ માટે લઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) અને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) શોધવાની સરળ રીત ની રમત નું નિર્માણ કરવામાં આવેલ છે.
- આ રમત માં જેનો અવયવ શોધવાનો હોય તેનો ઘડીયો બોલવાનો અને તેમાં જે અંક આવે તે અંક ના કપ માં પ્લાસ્ટિકનું મોતી મુકવાનું. આમ આવી રીતે ઘડીયો બોલવાનો જે અંક આવે તે કપ માં પ્લાસ્ટિકનું મોતી મુકતું રહેવાનું. ત્યારબાદ તે કપ ના પ્લાસ્ટિકનું મોતીના અંક નોધાવાના તેમાંથી નાનો અથવા મોટો અવયવ શોધી શકાય.
- હવે જે કપ માં બે પ્લાસ્ટિકના મોતી હશે તે રકમ ના સામાન્ય અવયવ કહેવાય.અને તે સામાન્ય અવયવ માંથી નાનો અવયવ ને લઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) કહેવાય. અને તે સામાન્ય અવયવ માંથી મોટા અવયવ ને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.)કહેવાય.
- ઈનોવેશન બાદ જેમ જેમ પ્રકરણ પૂર્ણ થતું જાય તેમ તેમ સતત મૂલ્યાંકન અને એકમ કસોટીદ્વારામૂલ્યાંકન કરવામાં આવ્યું. ત્યારબાદ લેખિત કસોટીદ્વારામૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અભિરુચિ અભિપ્રાયવલી રસદ્વારાપણ મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું.
- આમ કુલ 20 વિદ્યાર્થીઓના દસ ગ્રુપ બનાવી તેમને આ પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી, જેમાં વારાફરતી દરેક વિદ્યાર્થી રમતદ્વારાલઘુતમ સામાન્ય અવયવ (લ.સા.અ.) અને ગુરુતમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) શોધતા શીખ્યા.

- શાળામાં અન્ય ધોરણ અને અન્ય વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓ નું રમત પ્રત્યે આકર્ષણ વધ્યું હતું. વિદ્યાર્થીઓ એ ગણિત સરળ છે એવા સુર તેના તરફથી જોવા મળ્યા હતા.
- આ નવતર પ્રયોગદ્વારામને મહત્તમ સફળતા પ્રાપ્ત થયેલી છે. આ નવતર પ્રયોગના ફોટોગ્રાફ્સ નીચે મુજબ છે.



- **ઈનોવેટીવ શિક્ષકનું નામ :-મનીષાબેન મુળુભાઈ ગોજીયા**
- **શાળાનું નામ :- શ્રી ઈન્દીરાનગર પ્રાથમિક શાળા**
  **તાલુકો :- કેશોદ , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :-9723370262**




# "DIGITAL STUDENTS PORTAL."

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા ની શ્રી ઈન્દિરા નગર પ્રાથમિક શાળા માં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવું છું વારંવાર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમ્યાન શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓની માહિતી માંગવામાં આવતી હોવાથી અધ્યાપન કાર્યમાં અવરોધ ઊભો થતો આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો એન્ડ્રોઇડ મોબાઈલ માં ડિજિટલ student portal બનાવ્યું જે માટે હાજરી પત્રક નામની એપ્લિકેશન પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી આ એપમાં વિદ્યાર્થીઓની યાદી જનરલ રજીસ્ટર નંબર માસવાર સરાસરી એસી પત્રકો student profile એવી તમામ માહિતીઓ શાળા માંથી માંગવામાં આવે ત્યારે તુરંત જ આપી શકી અને અધ્યયન કાર્યમાં પણ કોઈપણ પ્રકારનો અવરોધ સર્જાયતો નથી અને આમ શિક્ષણકાર્ય અસરકારક બનાવી શકાય છે

# 16

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- જયદેવભાઇ ડી. ભટ્ટ
❖ શાળાનું નામ:- શ્રી પાડોદર પ્લોટ પ્રા. શાળા
તાલુકો :- કેશોદ , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :-9712921341



# "ગણિત-વિજ્ઞાન વિષયમાં અંગ્રેજીનો સમન્વય"

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા ની પાડોદર પ્લોટ શાળામાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે શિક્ષકશ્રી જયદેવભાઈ ભટ્ટ ૨૦૧૪થી ફરજ બજાવે છે . તેઓએ અહીં ગણિત વિજ્ઞાન વિષયમાં અંગ્રેજી નો સમન્વય અંગે ઈનોવેટિવ પ્રયોગ રજુ કરેલ છે.

શાળાના ધોરણ 6,7,8 ના વિદ્યાર્થીઓનું અવલોકન કરતા જણાયું કે જ્યારે ગણિત વિજ્ઞાન વિષયમાં કોઈ અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કરવામાં આવે ત્યારે બાળકો અચકાય છે. તેમજ વિદ્યાર્થીઓને જ્યારે ઉચ્ચ અભ્યાસ માટે બહાર જવાનું થાય ત્યારે અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ લેવાનો થાય તે વખતે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ના અભાવને અભાવને કારણે તેઓ પ્રવેશ લેવાનું ટાળે છે.

માટે વિદ્યાર્થીઓની આ સમસ્યા દૂર કરવા ધોરણ 6,7,8 માં ગણિત વિજ્ઞાન વિષયમાં અંગ્રેજીનો સમન્વય કર્યો.

- વિદ્યાર્થીઓને ગણિત વિજ્ઞાન વિષયની બુકલેટમાં આવેલા સ્પેલિંગનો દરરોજ અભ્યાસ કરવાનો રહે છે.
- અહી ગણિત-વિજ્ઞાન વિષયના તાસ દરમિયાન જે એકમ ચલાવવાનું છે તેને લગતા સ્પેલિંગનો મહાવરો કરી આવવાનું હોય છે.
- જ્યારે તાસમાં તે સ્પેલિંગ આવે ત્યારે તેનો યોગ્ય રીતે ઉચ્ચારણ કરી બોલવાનું રહે છે. અહીં ક્લાસમાં હાજર તમામ વિદ્યાર્થીઓની શિક્ષકદ્વારારેંડમલી પસંદગી કરવામાં આવે છે.અને દરેક વિદ્યાર્થીઓએ તેમાં જોડાવાનું રહે છે.
- આમ થોડો સમય આ રીતે સતત મહાવરો થતા વિદ્યાર્થી જાતે જ આ બધા અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કોઈ પણ પ્રકારના ખચકાટ વગર કરતો થઇ જાય છે. જેને પરિણામે તેઓ ને કંઈક અંગ્રેજીમાં બોલ્યાનો આનંદ થાય છે જેથી વિષયમાં તેમના રસ અને રૂચિ તથા આત્મવિશ્વાસ ખીલી ઊઠે છે.
- ખાસ જ્યારે ઉચ્ચ અભ્યાસમાં તેઓ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવે છે ત્યારે અંગ્રેજી માધ્યમ પ્રત્યેનો વિદ્યાર્થીઓ નો ડર દૂર થાય છે.

ખાસ કે NEP(National Education Policy)-2020 ના ભાગ-1 માં પ્રકરણ 4 ના મુદ્દા નંબર P4 5.8 અનુસાર વિજ્ઞાન-ગણિત જેવા વૈશ્વિક વિષયો બાળકોને(બાળકની માતૃભાષા અને અંગ્રેજી) એમ બંને ભાષામાં શીખવવા જરુરી છે. જેથી આગળ આ વિષયોનો અંગ્રેજીમાં અભ્યાસ કરવામાં સરળતા રહે.

- ઇનોવેટીવશિક્ષકનુંનામ:-રાઠોડ કિંજલ દેવચંદભાઈ
- શાળાનુંનામ:- નવા ગળોદર પ્રાથમિક શાળા
  તાલુકો :- માળિયા હાટીના,જીલ્લો :- જૂનાગઢ
- મોબાઈલનંબર :-8154843698




# "લોકડાઉન થી અનલોક સુધી ની શૈક્ષણિક સફર"

જૂનાગઢ જીલ્લા ની માળિયહાટીના તાલુકાની નવા ગળોદર પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાનના શિક્ષક તરીકેની મારી લોક ડાઉન માં થયેલી કામગીરી :

- કોરોના મહામારીમાં જયારે શાળા માં શૈક્ષણીક કાર્ય બંધ થયું તરત જ બાળકોનું ઓનલાઈન શિક્ષણ માઈક્રોસોફ્ટ ટીમ્સ ના માધ્યમથી શરુ કર્યું,
- બાળકો પ્રવૃત્તિદ્વારાઘરે બેઠા અભ્યાસ કરી શકે તે હેતુ ને ધ્યાન માં રાખી લોક ડાઉન થયા પછી તરત જ શેરી /ફળિયા શિક્ષણ શરુ કરી દીધું જેમાં માત્ર ૬ થી ૮ જ નહિ પણ હું જે વિસ્તારમાં શિક્ષણકાર્ય માટે જતી ત્યાં દરેક ધોરણ માં બાળકો ને પ્રવૃત્તિદ્વારાશિક્ષણ કાર્ય શરુ કર્યું જેને પરિણામે ૮૦% બાળકોઅભ્યાસમાં જોડાઈ ગયા
- ધોરણ ૬ માટે વિજ્ઞાન અને સામજિક વિજ્ઞાન જેવા નવા વિષયો આવતા હોવાથી તેમનેઅભ્યાસમાં રસ થાય તે માટે સંપૂર્ણ પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ કાર્યદ્વારાઅભ્યાસ શરુ કર્યો
- સ્વમૂલ્યાંકન માટે વ્હોટ્સઅપ ટેસ્ટ આપે તે માટે વાલી સાથે મિટિંગ કરી .

- તેમજ કોરોનાનાં સમયમાં વિદ્યાર્થીઓનાં ધરે જઈને પુસ્તકોનું વિતરણ કરેલ હતું.
- . ચાલુ વર્ષે લોકડાઉનમાં શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય વેબિનારમાં ભાગ લઈ ૨૦ થી વધુ સર્ટીફીકેટ મેળવેલા છે. આ ઉપરાંત શિક્ષણમાં નવા સંશોધનને વાચા આપતા જુદાજુદા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય UGC Approved journal "આયુધ" પ્રકાશનમાં શોધ પેપર રજૂ કરેલ છે.આ ઉપરાંત તેઓ કવિ હૃદય છે.તેમણે 100 થી વધુ કવિતાની રચના કરેલી છે. અને તેમની કવિતાની બૂક પણ પ્રકાશિત થઈ છે.જેમનું નામ છે.**"પ્રેમ ઝરણું"** આ છે.
- આ ઉપરાંત lockdown માં વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ જળવાઈ રહે તે માટે સમયાંતરે ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાનો વર્ચ્યુઅલ આયોજન કરેલો હતો જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો
- ગૂગલ ફોર્મસ નામાધ્યમથી ઓનલાઈન ક્વીઝ નું આયોજન કર્યું જે વિદ્યાર્થીઓના ગ્રુપમાં મૂકવામાં આવેલી હતી જેથી વિદ્યાર્થીઓ સમયની અનુકૂળતા એ આ લીંક ઉપરથી ઓનલાઇન ટેસ્ટ ભરી શકે અને ટેસ્ટ ભર્યા બાદ submit આપી તેમને એટલા માર્કપ્રાપ્ત થયા તે પણ વિદ્યાર્થીઓ જાણી શકે તેવું આયોજન કરેલું હતું.વ્યવસાયિક સજ્જતા વધે તેમાટે દીક્ષા એપ્લીકેશન ઉપર આવતી જુદીજુદી 90 થી વધુ તાલીમો પણ મેળવેલી હતી.






**જુના ગળોદર શાળા દ્વારા ઓનલાઈન ચિત્રસ્પર્ધા યોજાઈ**

જુનાગઢ તા.૩

માળીયાહાટીના તાલુકાની જુના ગળોદર પ્રાથમિક શાળા દ્વારા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ઓનલાઈન ચિત્ર સ્પર્ધા યોજી હતી. હાલ શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ નહીં.જુના ગળોદર શાળામાં માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી ઓનલાઈન ક્લાસ શરૂ છે .જેમાં દરેક શિક્ષકો બાળકો જુદા જુદા વિષયો નુ શિક્ષણ કાર્ય કરી રહ્યા છે .સાથે સાથે બાળકોમાં સર્જનાત્મક શક્તિ વિકસે તે માટે પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ દિન ઉપક્રમે ગાંધીજીના સ્વપ્નનું ભારત અને સ્વચ્છ ભારત ,નિરોગી ભારત એ વિષયો પર ઓનલાઈન ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધા નું આયોજન કરેલ હતું.

આ ઓનલાઈન સ્પર્ધામાં બાળકો એ આપેલ વિષય પર ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. અત્યારે શાળાઓ બંધ છે ત્યારે બાળકો ઘરબેઠા સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જુના ગળોદર પે સેન્ટરના પે સેન્ટરના શિક્ષિકા કિંજલબેન રાઠોડ બાળકોને ઓનલાઈન માર્ગદર્શન આપ્યુ હતું.



**18**

- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- પુરોહિત રાજેશકુમાર ભાનુશંકર**
- **શાળાનું નામ:- શ્રી કાલીંભડા પ્રા. શાળા**
  **તાલુકો :- માળીયા હાટીના , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9427942911**



## "ઈ કન્ટેન્ટ, E CONTENT"

કોવિડ 19 ના સમયમાં શાળાઓ બંધ હતી. પરંતુ શિક્ષણ બંધ નથી.આ ઉક્તિને ખરા અર્થમાં સાર્થક કરવા માટે ખૂબ જ વિશાલ ફલક પર ઇ કન્ટેન્ટ (e-content ) તૈયાર કરી વોટ્સઅપ ના માધ્યમથી શાળાની યુ ટ્યૂબ ચેનલ ના માધ્યમ થી બાળકો સુધી પહોંચાડી.વિદ્યાર્થીઓ નો લર્નીંગ આઉટ કમ 0 થી 5 ટકા જેટલો નીચો હતો જે ઇ કન્ટેન્ટદ્વારા 25 થઈ 20 ટકા કરવામાં સફળતા મળી.

ઇ કન્ટેન્ટ ની વિશેષતા

- @ 100 જેટલા વિડિઓનું નિર્માણ
- @ ઇ કન્ટેન્ટ માં સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો
- @ વિવિધ ફોટોગ્રાફ્સ, ચાર્ટ્સ, પ્રયોગો, એનિમેશન ના ઉપયોગ થી કન્ટેન્ટ ને વિધાર્થીગમ્ય અને અસરકારક બનાવવામાં આવ્યું.
- @ગ્રામ્ય લેવલના બાળકોને સમજ પડે તેવી ભાષાશૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો.
- @ધોરણ 1 નો પ્રજ્ઞા ગુજરાતી સંપૂર્ણ કોર્ષ .એકમ 1 થી 8 નું નિર્માણ
- @ધોરણ 4 અને 5 ગુજરાતી અને હિન્દી વિષય ના એકમ તથા સ્વાધ્યાય કાર્ય નેનો સંપૂર્ણ કોર્ષ જેમાં 40 જેટલા વીડિયો નું નિર્માણ
- @જનરલ નોલેજ ના અનેક વિડીયોનું નિર્માણ
- @ ધોરણ6 થી 8 ના વિજ્ઞાન વિષય ના અનેક વિડીયોનું નિર્માણ
- અને ઘણું બધું

## આ બધા વીડિયો એક જ પ્લેટફોર્મ પર મેળવવાની સવલત માટે શાળાની યુ ટ્યૂબ ચેનલ પર અપલોડ કરવામાં આવેલા છે.

'My school, e school '

https://www.youtube.com/channel/UC0W6P0Bl3OE23bIXhZpywhw/videos?app=desktop

## 19

❖ **ઇનોવેટીવ શિક્ષકનું નામ : અમિતકુમાર પોપટલાલ જોગીયા**

❖ **શાળાનું નામ:- શ્રી ધુંધટી પ્રાથમિક શાળા**
**તાલુકો :- માળિયા હાટીના , જિલ્લો :- જૂનાગઢ**

❖ **મોબાઈલ નંબર :-9978546944**



# "શાળામાં બાળકોની હાજરી બાબત."

શાળામાં શિક્ષકો ખૂબ મહેનત કરી અભ્યાસ કરાવતા પરંતુ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી બાબતે અનિયમિતતાના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસમાં પાછળ રહેતા.

આ બાબતે ખૂબ જ મનોમંથન કરી અંતે આ સમસ્યાને નિવારવા એક ઉપાય શોધી કાઢ્યો જેમાં શાળાના વિદ્યાર્થી હાજરી રજીસ્ટર ના આધારે દર મહિનાના અંતે ધોરણમાં જે તે વિદ્યાર્થી ની હાજરી સૌથી વધારે હોય તેમના વાલીને શાળાએ બોલાવવા તથા તેમને પ્રાર્થના સભા તથા જાહેર કાર્યક્રમોમાં શાળાદ્વારાછપાવેલ ખાસ અભિનંદન કાર્ડ આપી સન્માનીત કરવા આ પ્રવૃત્તિના પરિણામે વિદ્યાર્થીઓના વાલી માં હાજરી બાબતે ખૂબ જાગૃતતા આવી પરિણામે વિદ્યાર્થીઓ ને નિયમિત શાળાએ મોકલવામાં વાલીશ્રીઓ ખૂબ જ ઉપયોગી થયા અને પરિણામે વિદ્યાર્થીઓ શાળા એ નિયમિત હાજરી આપતા થયા અને વિદ્યાર્થીઓમાં શાળા હાજરી પ્રત્યે જાગૃતતા આવી અને હાજરી બાબતની જે સમસ્યા હતી તેમાં ખૂબ જ પ્રમાણમાં સફળતા મળી.



''મારી શાળા, મારૂ ગૌરવ''

**અભિનંદન**

ધુંઘટી પ્રા. શાળા
તા. માળિયા (હાટીના)
જીલ્લો : જુનાગઢ.

ભાઈ શ્રી, ______________________

આપનો પુત્ર / પુત્રી ચિ. ______________ ધો. ______

માસ / વર્ષ ______________ માં નિયમિત હાજરી આપેલ છે.

શાળા આપને અભિનંદન આપે છે. આ રીતે નિયમિત આપના બાળકને શાળાએ મોકલતા રહેશો. (નિયમિતતા એજ પ્રગતિ)

વર્ગશિક્ષક શ્રી
ધુંઘટી પ્રાથમિક શાળા

આચાર્ય શ્રી
ધુંઘટી પ્રાથમિક શાળા

ભણવાની આળસ, જિંદગી ભર પસ્તાવો

# 20

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- લાડાણી રિંકલકુમાર કાનજીભાઈ
❖ શાળાનું નામ:- વડાળા પ્રાથમિક શાળા
તાલુકો :- માળીયા હાટીના,જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :-૯૯૭૯૮૫૮૨૦૯



## "સમસ્યા ઉકેલ પેટી"

સમસ્યા ઉકેલ પેટીમાં વિધાર્થીઓ પોતાની સમસ્યા રજૂ કરે છે. વિધાર્થીઓ સંકોચ અને ભયને કારણે પોતાની મનો સમસ્યા શિક્ષક સામે રજુ ન કરી શકવાના કારણે મનોમન મુંઝવણ અનુભવતા હતા, સમસ્યા ઉકેલ પેટીની મદદથી આ સમસ્યાનું નિવારણ કરવામાં આવ્યું.

જેમાં શાળા પરિસરમાં એક પેટી મુકવામાં આવે છે. વિધાર્થીઓ પોતાને મુંજવતા પ્રશ્નનો કાગળમાં લખીઆ પેટીમાં નાખે છે. શિક્ષકો આ પ્રશ્નોને વાંચી તેમની સમસ્યાનું નિરાકરણ કરે છે.

આ નવતર પ્રયોગને અંતે આશરે ૮૦% બાળકો પોતાની રીતે પશ્નો રજૂ કરતા થયા તથા તેઓ પૂર્વાગ્રહ ભય અને ઉદાસીનતા દૂર થયા.









❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- ઘોડાસરા મંજુલાબેન જી.**
❖ **શાળાનું નામ:- શ્રી આંબેચા પ્રાથમિક શાળા.**
**તાલુકો :- માળીયા હાટીના , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 7048369112**

# "પ્રજ્ઞા વર્ગમાં પૂરક કાર્ડ."

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના આંબેચા પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી ઘોડાસરા મંજુલાબેન ગોકળભાઈ પ્રજ્ઞા વિષય શિક્ષક છે. તેઓએ પ્રજ્ઞા વર્ગમાં બાળકો પોતાના કાર્ડ સરળતાથી લઈ શકે અને એકજ જૂથ ચાર્ટમાં એકઠા ન થાય તેવા સતત પ્રયત્નો કર્યા છે. ઈનોવેશન ફેસ્ટિવલ માં એક વખત જુનાગઢ ભાગ લીધેલ છે તેમણે બાળકો સરળતાથી કાર્ડ લઈ શકે અને પ્રજ્ઞા વર્ગ નું ગતિ ચક્ર વ્યવસ્થિત ચાલે તેવા પ્રયત્નો કર્યા છે. તેમણે સૌ પ્રથમ 50 પૂરક કાર્ડ બનાવી બાળકો સાથે અનુભવ કરેલ છે. તેમાં ખૂબ જ સરસ સફળતા મળી હતી. ઘરે શાળા સમય બાદ બાળકો માટે ઉપયોગી પૂરક કાર્ડ બીજા વર્ષે પચાસ બનાવેલ છે. આ કાર્ડ બાળકોને ખૂબ જ ઉપયોગી બન્યા. વર્ગમાં રહેલા બાળકો વધારે પ્રમાણમાં કાર્ડ લેતા થયા અને સમજતા થયા. બાળકોની અને શિક્ષક ની સફળતા જોયા પછી શિક્ષકે ફરી વખત ચિત્ર કાર્ડ બનાવ્યા. તેથી બાળકો ધોરણ બે ના ગુજરાતી સ્વાધ્યાયપોથીમા આવતા એકમોનું ચિત્ર વર્ણન સારી રીતે કરતા થયા. એકંદરે પ્રજ્ઞા વર્ગમાં બનાવેલા પૂરક કાર્ડ શૈક્ષણિક કાર્યમાં ખુબ જ ઉપયોગી નીવડ્યા.

# 22

❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- **મેધનાથી પરેશગિરિ દુર્લભગિરિ**

❖ શાળાનું નામ :- **શ્રી વિસણવેલ પ્રાથમિક શાળા**

❖ મોબાઈલ નંબર :- ૯૦૧૬૧૫૨૭૩૭

❖ ઈનોવેશનનું નામ :- PLAY **& LEARN WITH FUN**



સોરઠ પ્રાંતના જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાની શ્રી વિસણવેલ પ્રાથમિક શાળાના ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે 10 વર્ષથી ફરજ બજાવતા મેઘનાથી પરેશગીરી દુર્લભગીરીદ્વારા**PLAY & LEARN WITH FUN** શીર્ષકથી શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ ઓનલાઈન શૈક્ષણિક રમતો બનાવી અને વિદ્યાર્થીઓ રમતાં રમતાં કશુક નવું શીખે તે માટે જબરદસ્ત અને સરાહનીય પ્રયત્નો થઈ રહ્યા છે.

કોરોનના અને લોકડાઉનના સમયમાં વિદ્યાર્થીઓ મોબાઈલના ઉપયોગથી ઓનલાઈન અભ્યાસ કરતા હતા પરંતુ અભ્યાસ બાદ તેઓ અલગ અલગ પ્રકારની ઓનલાઈન ગેમ મોબાઈલ પર રમતાં હતા જે માત્રને માત્ર મનોરંજન પૂરું પાડતી હતી. આવી ઓનલાઈન ગેમ્સ રમવાથી વિદ્યાર્થીઓ પર પણ ઘણી આડઅસરો થતી જોવા મળી જેમકે, અભ્યાસમાં મન ન લાગવું, નાની વાતમાં ગુસ્સે થવું, સતત મોબાઈલ સાથે જ સમય વિતાવવો, એકલા અટુલા રહેવું વગેરે. ત્યારે મેઘનાથી પરેશગિરિને એવો વિચાર આવ્યો કે એવી ગેમ બનાવીએ કે જેથી વિદ્યાર્થીઓને મનોરંજનની સાથે તેમના અભ્યાસક્રમ,વાચન-લેખન-ગણનમાં મદદરૂપ થાય.

આ સમસ્યાના નિરાકરણ માટે તેમણે વિદ્યાર્થીઓને રસ પડે અને વિદ્યાર્થીઓની મહત્વ જ્ઞાનેન્દ્રીઓનો ઉપયોગ થાય તેવી પ્રવૃત્તિ એટલે કે PLAY & LEARN WITH FUN અંતર્ગત વિવધ 30 જેટલી ઓનલાઈન ગેમ્સ બનાવી. આ ગેમ્સ બનાવતી વખતે ખાસ કરીને વિદ્યાર્થીઓની રસ-રુચિ, સામાન્ય જ્ઞાન, અભ્યાસક્રમ જેવી બાબતોને ધ્યાનમાં રાખવામા આવી હતી.

આ ગેમ બનાવતા પહેલા તેને અભ્યાસક્રમ સાથે જોડવા માટે પાઠ્યપુસ્તક કે સંદર્ભપુસ્તકની મદદદ્વારાકન્ટેન્ટ તૈયાર કરવામાં આવે છે. સાથોસાથ વિદ્યાર્થીઓની રસ-રુચિ, સામાન્ય જ્ઞાન જેવી બાબતોને પણ ધ્યાનમાં રાખવામા આવી હતી. ઉદાહરણ તરીકે, વિદ્યાર્થીઓ વિવિધ વ્યવસાયકરો નામ અંગ્રેજી ભાષામાં જાણે. આ માટે સૌપ્રથમ વિવિધ વ્યવસાયકારોના ફોટોગ્રાફ્સ ડાઉનલોડ કરી તેને ઈન્ટરએક્ટિવ વેબસાઈટમાં એડ કરી ગેમ બનાવવામાં આવે છે.

આ ગેમમાં પ્રથમ વ્યવસાયકારનો ફોટો સામે આવે છે અને નીચે વિવિધ વ્યવસાયકારોના નામનાં ઓપ્શન આપવામાં આવે છે. તેમાંથી એક ઓપ્શન સિલેક્ટ કરવાનું હોય છે. ત્યારબાદ તે ખરું છે કે ખોટું તે તે પણ જણાવવામાં આવે છે. ગેમના અંતે કેટલા જવાબ સાચા અને કેટલા ખોટા હતા તે પણ ડિસપ્લે કરવામાં આવે છે. કેટલા સમયમાં આ ગેમ પૂર્ણ કરી તે સમય પણ બતાવવામાં આવે છે.

આ રીતે વર્ડ સર્ચ, ક્રોસ વર્ડ, સ્પેલીગ સર્ચ, મેચિંગપેર, ફાઈંડ ધ મેચ, બલૂન પોપ, ઓપન ધ બોક્સ વગેરે ગેમ્સ બનાવવામાં આવી છે અને આ ગેમ્સને તેમના બ્લોગ https://pareshkipathshala.blogspot.com/પર રમતાં રમતાં શીખો... શીર્ષકથી અપલોડ કવામાં આવી છે.

**પ્રાપ્ત પરિણામો:-**


આ પ્રયોગથી વિદ્યાર્થીઓ ગમ્મત સાથે જ્ઞાન મેળવતા થયાં. તેઓની ગેમ રમવાની આદતને અભ્યાસ સાથે જોડી શકાય. વાલીઓ પણ હવે સામેથી વિદ્યાર્થીઓને ગેમ્સ રમવા માટે પ્રોત્સાહિત કરતાં હતાં. ઘણા વાલીઓએ ટેલિફોનિક વાતચીતમા જણાવ્યુ કે આપદ્વારાબનાવમાં આવતી ગેમ્સ બાળકો તો ઠીક પણ અમે પણ રમીયે છીયે. આ નિવેદન આ નવતર પ્રયોગની સફળતા દર્શાવે છે. આ ઉપરાંત


- ✓ વિદ્યાર્થી ટેકનોલોજીના વિવિધ મધ્યમોનો ઉપયોગ કરી જ્ઞાન પ્રાપ્ત કરતો થયો.
- ✓ વિદ્યાર્થીઓ રમતાં રમતાં સહજ રીતે માહિતી મેળવે.
- ✓ વિદ્યાર્થી પોતે જ્ઞાનનો સર્જક બન્યો.
- ✓ વિદ્યાર્થી અનુભવજન્ય જ્ઞાન મેળવતો થયો.
- ✓ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિનો આવિર્ભાવ થાયો.
- ✓ વિદ્યાર્થીઓની તર્કશક્તિ, નિર્ણયશક્તિ અને ક્રિયાત્મકતામાં વધારો થયો.

**આ નવતર પ્રયોગ PLAY & LEARN WITH FUN શીર્ષક અંતર્ગત બનાવવામાં આવેલી ઓનલાઈન ગેમ્સ અત્યાર સુધીમાં આશરે 5000 થી વધુ વખત રમવામાં આવી છે.**


POLICE
DOCTOR
POTTER
TAILOR


0:09
CARPENTER
POSTMAN
TEACHER
POTTER
BARBER
POLICE
TAILOR
FARMER
DOCTOR
LAWYER


0:22
Pick a word
1
GRANDFATHER



0:57
0
આંખ
કપાળ
કપાળ
FOREHEAD


0:04
PINEAPPLE
BRINJAL
BANANA
LUFFA
POTATO
GUAVA
APPLE
CARROT
RADISH
PEA
PAPAYA
Vegetable
fruits
MANGO
Submit Answers


0:28


0:04
FISH
1 of 11


WATERMELON
ORANGE
CHIKU
BANANA
PAPAYA
MANGO
CUSTARD APPLE
APPLE
GUAVA
POMEGRANATE


भल्लूकः
चित्ररासभः
श्रृगालः
मेध्य-वानर
मृगः
वाघः
गण्डकः
वेगवतः
वनमनुष्यः
नकुलः
मकरः
वृकः
गजः
शुण्डाः

# 23



## ❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- મહેતા હાર્દિક જગદીશચંદ્ર
## ❖ શાળાનું નામ:- થાનીયાણા પ્રાથમિક શાળા.
## તાલુકો :- ભેસાણ , જીલ્લો :- જૂનાગઢ
## ❖ મોબાઈલ નંબર :- ૯૯૨૫૦૮૮૩૫૯

# “પાયાની સંખ્યાતા”

જૂનાગઢ જિલ્લાના _માણાવદર તાલુકાનાં શિક્ષકશ્રી મહેતા હાર્દિક જગદીશચંદ્ર વર્ષ ૨૦૧૪ થી ગણિત વિજ્ઞાન વિષય શિક્ષક છે. તેઓએ..નવતર પ્રયોગનું વર્ણનબાળકો માટે ધોરણ-1 એટલે જીવનનો અમૂલ્ય તબક્કો. FLN (FOUNDATIONAL LITERACY & NUMERACY) એટલે કે પાયાની સાક્ષરતા અને સંખ્યાતા એ આ વખતે ના ઇનોવેશન નો નવો મુદ્દો શાળામાં ધોરણ ૧ ના બાળકોને સૌપ્રથમ શીખવવાની થતી વસ્તુ એટલે ૧ થી ૧૦૦ અંક.

આ અંકો શીખવતી વખતે જે અંકનું એકમનો અંક ૯ આવતો હોય જેવા કે ૨૯,૩૯,૪૯,૫૯,૬૯ ૭૯,૮૯ વગેરે અંકો સમજવામાં તથા બોલવામાં ભૂલ થતી હોય છે.આ માટે નીચે મુજબ નીચે ૧ થી ૧૦૦ અંક લખવા.જેમાં તમે જોઈ શકો છો કે ૨૦(વીસ)પછી ૨૮(અઠયાવીસ)એમ એક જ લાઇન માં લખવા કે જેમાં માત્ર વીસ પ્રત્યય જ લગાડવાનો હોય છે.ત્યારબાદ ૩૦(ત્રીસ)ની ઉપર ૨૯(ઓગણત્રીસ)લખી ૩૮(આડત્રીસ) સુધી એક જ લાઈન કરવી કે જે બધામાં પ્રત્યય ત્રીસ જ આવે. આ મુજબ નીચે મુજબ બધી લાઈન લખી એક થી સો અંક બોલાવવા વારંવાર આ રીતે પુનરાવર્તન કરવાથી જે સમસ્યા છે તેને નિવારી શકાય છે. એક થી સો અંક કઈ રીતે લખવા તે નીચે મુજબ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૯ | ૩૯ | ૪૯ | ૫૯ | ૬૯ | ૭૯ | |
| | | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ |
| ૧ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૫૧ | ૬૧ | ૭૧ | ૮૧ | ૯૧ |
| ૨ | ૧૨ | ૨૨ | ૩૨ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ | ૯૨ |
| ૩ | ૧૩ | ૨૩ | ૩૩ | ૪૩ | ૫૩ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| ૪ | ૧૪ | ૨૪ | ૩૪ | ૪૪ | ૫૪ | ૬૪ | ૭૪ | ૮૪ | ૯૪ |
| ૫ | ૧૫ | ૨૫ | ૩૫ | ૪૫ | ૫૫ | ૬૫ | ૭૫ | ૮૫ | ૯૫ |
| ૬ | ૧૬ | ૨૬ | ૩૬ | ૪૬ | ૫૬ | ૬૬ | ૭૬ | ૮૬ | ૯૬ |
| ૭ | ૧૭ | ૨૭ | ૩૭ | ૪૭ | ૫૭ | ૬૭ | ૭૭ | ૮૭ | ૯૭ |
| ૮ | ૧૮ | ૨૮ | ૩૮ | ૪૮ | ૫૮ | ૬૮ | ૭૮ | ૮૮ | ૯૮ |
| ૯ | ૧૯ | | | | | | | ૮૯ | ૯૯ |
| ૧૦ | | | | | | | | | ૧૦૦ |

**આ મુજબ ૧ થી ૧૦૦ અંક લકી બાળકોને વારંવાર તેનું પુનરાવર્તન કરાવવામાં આવે તો થતી ભૂલ નિવારી શકાય છે**

❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- ભોજાણી દક્ષેશકુમાર જયંતિલાલ**
❖ **શાળાનું નામ:- કોઠડી પ્રાથમિક શાળા**
**તાલુકો :- , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9428701378**



# "સિક્કાઓદ્વારાઈતિહાસની સરળ સમજ"

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકા ની કોઠડી પ્રાથમિક શાળમાં ફરજ બજાવતા શિક્ષક શ્રી દક્ષેશકુમાર ભોજાણી વર્ષ ૨૦૧૨થી સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ છેલ્લા 4 વર્ષથી ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લે છે તેઓ શાળામાં બાળકોને સરળતાથી સામાજિક વિજ્ઞાન શીખી શકે તે માટે પ્રયત્નશીલ છે. આ માટે તેઓએ બાળકોની મદદથી સિક્કાઓ સંગ્રહ કરી અને ઈતિહાસને સરળ રીતે સમજી શકે તેવું ઈનોવેશન કરેલ છે. અલગ અલગ સમયના સિક્કાઓ એકઠા થવાથી બાળકો નો ઈતિહાસ વિષય જાણવો રસપ્રદ બની રહ્યો છે.

બાળકો પોતે જ સિક્કાઓનો સંગ્રહ કરે તો શોખ વિકસ્યો છે તેનાથી બાળકો સિક્કાઓદ્વારાઈતિહાસ વ્યવહારિક રીતે શીખે છે. સિક્કાઓદ્વારાઈતિહાસ જાણવાથી, બાળકોમાં આ પ્રવૃત્તિ રસપ્રદ બને છે અને તેનાદ્વારાશિક્ષણના ધ્યેયો સિદ્ધ કરી શકાય છે.

25

## ❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :-ભુત પ્રિયંકાબેન રતિલાલ
## ❖ શાળાનું નામ :-મટિયાણા પ્રાથમિક શાળા
## તાલુકો :- માણાવદર , જીલ્લો :- જૂનાગઢ
## ❖ મોબાઈલ નંબર :-9428015178



## "DOING BY LEARNING"

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના શિક્ષિકાશ્રી પ્રિયંકાબેન રતિલાલ ભુત વર્ષ ૨૦૧૪ થી ભાષા શિક્ષિકા છે. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિદ્વારાભાષા શુદ્ધિ કેળવે તેમજ બધી ભાષા સરળતાથી શીખી તેવા તેમના પ્રયત્નો રહ્યા છે.

આજે સતત પ્રગતિશીલ અને પરિવર્તનશીલ યુગમાં વિદ્યાર્થીઓ ભાષા પર વધુ પકડ મેળવે તે ખૂબ જ જરૂરી છે. પાયાથી જો તેમની ભાષા શુદ્ધિ સારી બને તો કોઈપણ પરીક્ષામાં સરળતાથી સફળ થઈ શકે, તો આ સરળ બનાવવામાં પ્રવૃત્તિદ્વારાશિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓનો પાયો મજબૂત બને અને તેમના ઉત્સાહમાં પણ ઉત્તરોત્તર વધારો થાય.

વિદ્યાર્થીઓ ભાષાશુદ્ધિ સરળ અને સચોટ કેળવે તે માટે તેમણે પાયાથી જ આ નવતર પ્રયોગ કર્યો તે માટે તેમણે વિવિધ સ્પર્ધા, ઉત્સવ ઉજવણી, કલા ઉત્સવ વગેરે જેવી પ્રવૃત્તિમાં સામેલ કરી ભાષાશુદ્ધિ તરફ લઈ ગયા તેમણે વિશેષણ ,સંજ્ઞા, સંખ્યા ,અલંકાર, કાળ, plural, verb, tense, degree, preposition, rhyming words, homophones, fruits, vegetables, animals, birds, colours, opposites, profession સમય અને સરળતાથી શીખવવા માટે ફ્લેશ કાર્ડ ની પ્રવૃત્તિદ્વારાશીખવાનું સરળ બનાવ્યું. પરિણામે એકમનું દ્રઢીકરણ થવા લાગ્યું અને યાદશક્તિમાં ઉતરોતર વધારો જોવા મળ્યો.

આ પ્રવૃત્તિદ્વારાવિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કર્યો .ભાષા શીખવા પ્રત્યેનો ભય દૂર કર્યો. તમામ ભાષામાં રસ રુચિ જોવા મળી. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમય બન્યા. રિશેષ દરમિયાન તેમજ શિક્ષકની ગેરહાજરીમાં પણ વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિ અને ભાષા રમતોદ્વારાએકમનું વારંવાર પુનરાવર્તન કરતા થયા. ભાષાશુદ્ધિ પર પકડ જોવા મળી. ભાષાનું રમતા રમતા જ્ઞાન મેળવતા થયા. પ્રવૃત્તિ અને ભાષા રમતથી તેમના શબ્દ ભંડોળમાં વધારો જોવા મળ્યો. નાના સંવાદો અને વાતચીત કરતા થયા.











## 26



- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- મંગલાણી જાનકીબેન જી**
- **શાળાનું નામ:- શ્રી દેશીંગા પ્રાથમિક શાળા**
  **તાલુકો :- ભેસાણ , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9624772497**

# "પ્રવુતિદ્વારાવિજ્ઞાન શિક્ષણ"

જૂનાગઢ જિલ્લાના માણવાદર તાલુકાનાં શિક્ષક મંગલાણી જાનકીબેન જી વર્ષ 2015 થી ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે .

- તેઓ શાળામાં જોડાયા ત્યારે 6 થી 8 માં વિજ્ઞાન વિષય ભણવામાં બાળકો કંટાળો અનુભવતા હતા. .
- કોરોના કાળ દરમિયાન જયારે ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું ત્યારે પણ તેમનાદ્વારા સારું કાર્ય કરવામાં આવ્યું .
- પરંતુ સપ્ટેમ્બર માસમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતા ઘણા વિદ્યાર્થી વિજ્ઞાન વિષયમાં રસ લેતા ઓછા થયા. તેથી વિવિધ પ્રવૃત્તિદ્વારાવિદ્યાર્થીને વિજ્ઞાન વિષય સરળતાથી સમજાવવામાં આવ્યો.

- ધોરણ છ ના વિદ્યાર્થીદ્વારાપર્ણપોથી બનાવવામાં આવી.
- ધોરણ સાત ના વિદ્યાર્થીદ્વારાએસિડ બેઈઝ અને ક્ષાર ની ઓળખ તને તટસ્થીકરણ ની સમજ આપવામાં આવી.
- ધોરણ ૮ ના વિદ્યાર્થી ના લોલકના આવર્તકાળ ની સમજ આપવામાં આવી.
- ત્યારબાદ સ્વતંત્ર અને પાચનતંત્ર રેશમના કીડાના જીવન ચક્ર વગેરે વિશે વિવિધ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા. વિવિધ પ્રવૃત્તિદ્વારાશાળાના 85 ટકા બાળકો વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા.



❖ ઇનોવેટીવ શિક્ષકનું નામ :- મકવાણા મનીષાબેન એમ.
❖ શાળાનું નામ : શ્રી કોડવાવ પ્રા. શાળા
તાલુકો :- માણાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 8154000251

# “EASY WAY TO TEACH ROMAN NUMBER”

માણાવદર તાલુકાની શ્રી કોડવાવ પ્રા. શાળામાં ફરજ બજાવું છું. બાળકો ને ગણિત વિષય પ્રત્યેનો અણગમો દૂર થાય અને મોટીવેટ કરી શકાય તે માટેનું ઈનોવેશન કર્યું.

ગણિત વિષયમાં રોમન અંક લખવામાં અને યાદ રાખવામાં બાળકોને મુશ્કેલી પડતી હતી. આ મુશ્કેલીને સહેલી અને સરળ બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓદ્વારાશિક્ષણ આપ્યું, જેમકે કાર્ડ પર એકબાજુ રોમન અંક અને બીજી બાજુ આંકડા લખ્યાં. આથી કાર્ડ ની મદદથી રોમન અંક સમજી શકે. આ ઉપરાંત રીશેષમાં રમતાં રમતાં પણ દીવાલ પર લખેલા રોમન અંકનું વિદ્યાર્થી વાંચન કરતો રહે. દીવાલ પર લખેલા રોમન અંકને ધોરણ 1 થી 8 નાં તમામ વિદ્યાર્થીઓ તેમની ક્ષમતા મુજબ સમજી શકે.આ ઉપરાંત રોમન અંકવાળા કાર્ડનો ઉપયોગ પઝલ બનાવવા માટે પણ કરે. બાળકો હોંશે હોંશે આ વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લે.

આમ, આ નવતર પ્રયોગમાં બાળકો એ જ્ઞાન સાથે ગમ્મત ને લીધે રોમન અંક પ્રત્યેની નિરસતા દુર થાય.આ ઉપરાંત તેમના જ્ઞાનમાં વૃધ્ધિ પણ થાય. ઈનોવેશનનાં આ કાર્યથી મને પણ વિદ્યાર્થીઓમાં રોમન આંકડા શીખવાના ઉત્સાહને જોઈ આનંદ થયો. અને કંઈક નવું કરવાની પ્રેરણા મળી.


❖ ફોટોગ્રાફ :-











- **ઇનોવેટીવ શિક્ષકનું નામ:- ભૂત દીપાવલી કાંતિલાલ**
- **શાળાનું નામ : શ્રી કતકપરા પ્રા. શાળા**
  **તાલુકો :- માણાવદર , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર : 9712357267**

# "શીખવું અને શીખવવું"

૫ સપ્ટેમ્બર "શિક્ષકદિન"નાં દિવસે માણાવદર તાલુકાની શ્રી કતકપરા પ્રા. શાળામાં શિક્ષક તરીકે સેવા આપવા નું સૌભાગ્ય સાંપડ્યું.

કતકપરા માં કામ કરવું એ થોડાં ચેલેન્જ જેવું પણ હતું. સ્થળાંતર, મજૂરી, ભિક્ષા વગેરે કારણોસર વાલીઓ સાથે બાળકો જતાં રહેતાં હોઇ સતત વારંવાર ગેરહાજરી નાં કારણેને તેમાંય "કોરોના પેંડેમિક " નાં learning લોસ ઉપરાંત મોટી સંખ્યા હોઈ ક્યારેક શિક્ષકો હાજર ન હોય આ વિચાર આવ્યો. તેમાંય ગણિત જેવાં વિષય કે જેમાં આગળ નાં ધોરણ નું રહી ગયેલ હોય તો તેની અસર હાલ નાં ઉચ્ચતર ધોરણો માં જણાઈ જેમાં બાળકો ધો.૫ નાં બાળકોને ગણિત શીખવતા તે બાળકો પણ ગણિત જેવાં વિષયને સરળતાથી સમજી શકયા. તેમજ શાળાનાં વાતાવરણમાં પણ અસર દેખાઈ.

બાળકોમાં સહસંબંધ કેળવાયો. આ " શીખવું અને શીખવવું " પ્રયોગ ઘણે અંશે સફળ રહ્યો. ક્યારેક બાળક શિક્ષક કરતા તેના મિત્રની સામે ઓછો સંકોચ અનુભવતો હોય છે. તે રીતે પણ સરળ બન્યું. શિક્ષકો પણ વિચાર ગમ્યો.








## 29

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- મેર પ્રજેશકુમાર મહેશભાઈ
❖ શાળાનું નામ:- શ્રી આંત્રોલી પે સેન્ટર શાળા
તાલુકો :- માંગરોળ , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૮૭૯૪ ૭૧૦૪૨



# "અનઔપચારિક શિક્ષણ ના ભાગ રૂપે વિધાર્થી ના વિશિષ્ટજ્ઞાન માં વધારો કરવા પોસ્ટ ઑફિસ, બેંક, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન જેવા સરકારી એકમો ની પ્રત્યક્ષ મુલાકાત અને પ્રેક્ટિકલ જ્ઞાન."

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાનાં આંત્રોલી ગામમાં શિક્ષકશ્રી મેર પ્રજેશકુમાર મહેશભાઈ વર્ષ ૨૦૧૬ થી ગણિત વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. પ્રજેશકુમાર હાજર થયા ત્યાર થી નોંધ્યું છે કે શાળામાં બાળકો સરસ રીતે સજ્જ થઈને શાળાએ રેગ્યુલર આવે છે. તેઓ માને છે કે દરેક બાળક પોતપોતાની કાર્યશૈલી પ્રમાણે કુશળતા ધરાવે છે અને શાળામાં પોતાનું કાર્ય વધારેને વધારે સારૂં થાય એવા પ્રયત્ન હંમેશા વિદ્યાર્થીઓમાં જોયા છે.

સમય જતાં નોંધ્યું કે આ બાળકોને ઘણી વાર બાળકોને પોસ્ટ ઓફિસ અને બેંક ના કામો કઈ રીતે થાય છે એ વિષે માહિતી આપવામાં આવતી ત્યારે સમજવામાં મુશ્કેલી પડતી હતી. જ્યારે પણ બેંક અને પત્ર વ્યવહાર ની પ્રશ્નોતરી થતી ત્યારે વિદ્યાર્થીઓ માં કુતૂહલ રહેતું કે આ બધી કામગીરી કેવી રીતે થતી હશે?

હવે વિદ્યાર્થીઓ ની રુચિ તથા ઉત્સુકતા ને ધ્યાન માં લઈ ને તેઓ એ આસપાસ માં આવેલ બેંક અને પોસ્ટ ઓફિસ ની પ્રત્યક્ષ મુલાકાતદ્વારાવિદ્યાર્થીઓ ને આ ક્ષેત્રો ની વધુ વિગતવાર માહિતી આપવાનું નક્કી કર્યું. આ માટે વિદ્યાર્થી ઑ ની ટીમ નક્કી કરી તેઓ વિદ્યાર્થીઓ ને બેંક અને પોસ્ટ ઓફિસ ની પ્રત્યક્ષ મુલાકાત માટે વાલી સંમતિ સાથે તથા દરેક ગાઈડ લાઇન નું પાલન થાય એ રીતે લઈ જતાં હતા.

બેંક ની પ્રત્યક્ષ મુલાકાત દરમિયાન તેઓ વિદ્યાર્થીઓ ને સૌ પ્રથમ બેંક નો મૂળભૂત પરિચય આપતા હતા. ત્યાર બાદ ખાતા વિષે માહિતી , પૈસા ની લેવડ દેવડ ની માહિતી , બેંક સમય ની માહિતી, પૈસા જમા તથા ઉપાડ ના ફોર્મ કઈ રીતે ભરવા તેની માહિતી , આવી આવશ્યક માહિતી આપી વિદ્યાર્થીઓ ને લાઈવ પ્રેક્ટિકલ સ્વરૂપે આપતા હતા. આથી વિદ્યાર્થીઓ સરળતા થી સમજી શક્યા કે આ આખી વહીવટી પ્રક્રિયા કઈ રીતે થાય છે.

પોસ્ટ ઓફિસ ની પ્રત્યક્ષ મુલાકાત દરમિયાન તેઓ વિદ્યાર્થીઓ ને સૌ પ્રથમ પોસ્ટ ઓફિસ નો મૂળભૂત પરિચય આપતા હતા. ત્યાર બાદ પોસ્ટ ઓફિસદ્વારાશું શું કામ કરી શકાય છે જેમ કે મૂળભૂત રીતે થતો પત્ર વ્યવહાર , ટપાલ

સેવા , ફિલાટેલિક સ્ટેમ્પ નો ઉપયોગ વગેરે વિષે પ્રેક્ટિકલ માહિતી આપી માહિતગાર કરતાં હતા. સ્પીડ પોસ્ટ સેવા અને અને રજીસ્ટર એડી ની સેવા વિષે સમજાવતા.

હવે જ્યારે વિદ્યાર્થીઓ રુચિ તથા ઉત્સુકતા થી બેંક અને પોસ્ટ ઓફિસ ની સેવાઓ ને સમજતા થઈ ગયા અને ઉપયોગ કરતાં શીખી ગયા એટ્લે વિદ્યાર્થીઓ ઘરે મોટા વડીલો જેને ઓછી માહિતી હતી તેમને પણ શીખવતા થયા અને વડીલો સાથે પોતે બેંક તથા પોસ્ટ ઓફિસ જઈ ને કાર્ય કરતાં થયા.

હવે વિદ્યાર્થીઓ શાળા ની મુલાકાતે આવતા આદરણીય  ટીપીઓ સાહેબ, બીઆરસી સાહેબ, સીઆરસી સાહેબ ને  આત્મવિશ્વાસ તથા ઉત્સુકતા થી બેંક અને પોસ્ટ ઓફિસ ની સેવાઓ ને સમજાવતા અને  પોતાનો અભિપ્રાય રજૂ કરતાં થયા છે.


સમય જતાં ધીમેધીમે આનું પરિણામ આવ્યું કે વિદ્યાર્થીઓ ના પોતાના આત્મવિશ્વાસ માં વધારો થવા લાગ્યો ,પ્રવૃતિ ની પ્રવૃતિ થતી ગઈ અને મુલાકાત દરમિયાન કર્મચારીઓ સાથે સંવાદદ્વારાતેઓ ની વાચા માં પણ ઘણો ફેર જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓ ને પ્રવૃતિશીલ કરવા અને પ્રત્યક્ષ મુલાકાતદ્વારાઅઘરા મુદ્દાઓ ને સરળ બનાવા જાગ્રુત કર્યા જેનો પ્રજેશકુમાર ને  ખૂબ આનંદ તથા ગર્વ ની લાગણી થાય છે.











30

❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- ધોડાદ્રા રામભાઇ કાળાભાઇ**
❖ **શાળાનું નામ:- શ્રી શિવવાવ સીમ શાળા**
**તાલુકો :- માંગરોળ , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- ૯૮૨૫૪૧૨૮૩૭**



# “વેસ્ટ માંથી બેસ્ટ" પ્રવૃત્તિઓ”

માંગરોળ તાલુકાની શીવાવાવ સીમ શાળામાં વર્ષ 2007થી ધોદાદ્રા રામભાઈ કાળાભાઈ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે ચિત્રકલા, કાગળકામ, માટીકામ, ચિત્રકામ,જેવી અન્ય પ્રવૃત્તિઓમાં ખૂબ રસ ધરાવે છે. જેમણે પોતાની શાળાના બાળકો માટે ખૂબ ખૂબ સારી રીતે કાગળકામ, માટીકામ, ચિટકકામ,ચિત્રકામની વગેરે પ્રવૃત્તિઓ કરી શકે એવા પ્રયત્નો કરેલા છે.જેમણે શાળાના બાળકોને માટે માટીકામ, કાગળકામ, ચિટકકામ,ચિત્રકામ, છાપકામ વગેરે પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા વિડિયો બતાવ્યા.પોતે જાતે આવી પ્રવૃત્તિઓ કરી અને પછી બાળકો રસ લેતા થયા.ત્યારબાદ બાળકો પાસે આવી પ્રવૃત્તિઓ કરાવી. જેના નમૂનાઓ નીચે મુજબના ફોટાઓદ્વારાદર્શાવેલા છે.

# 31

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- જોરા વિજયકુમાર કાનજીભાઈ
❖ શાળાનું નામ:- ભાથરોટ પે સેન્ટર શાળા
તાલુકો :- માંગરોળ , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૮૨૫૪૧૨૮૩૭



# "સામાજિક વિજ્ઞાન કોર્નર"

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ઘેડ વિસ્તારમાં આવેલી ભાથરોટ પે.સેન્ટર શાળામાં જોરા વિજયકુમાર કે. સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૩થી ફરજ બજાવે છે. સામાજિક વિજ્ઞાન વિષયમાં બાળકો કંટાળો અનુભવતા હતા એટલે આમ તો તેમણે વર્ષ ૨૦૧૩થી જ સામાજિક વિજ્ઞાનમાં બાળકો રસ લે અને સારી રીતે શિખી શકે એટલે ચિત્રો, ચાર્ટ, ઉદાહરણો, અને પ્રવૃતિ દ્વારા શિક્ષણકાર્ય કરાવતા જ હતા. પરંતુ વર્ષ 2019 માં ધોરણ 6 અને વર્ષ 2020 માં ધોરણ સાતના સામાજિક વિજ્ઞાન વિષય નું નવું પાઠ્યપુસ્તક NCERT આધારિત અમલમાં આવ્યું. એટલે તેમણે નક્કી કર્યું કે કંઈક નવીન પ્રવૃત્તિઓ બનાવવી અને તેમણે શરૂઆત કરી વર્ષ 2019 થી ધોરણ 6 સામાજિક વિજ્ઞાનના એકમ ને લગતી પ્રવૃત્તિઓ આધારિત TLM બનાવવાની અને આ TLMમાં ફોલ્ડિંગ TLM,3D TLM બનાવ્યા. આજ સુધીમાં તેમણે સામાજિક વિજ્ઞાન ધોરણ ૬ થી ૮ ને લગતા ૩૫ થી વધુ પ્રવૃત્તિ આધારિત TLM તૈયાર કર્યા છે.

પ્રસ્તુત TLM થી તેમણે આજે શાળામાં ધોરણ ૬ થી ૮ નો સામાજિક વિજ્ઞાન કોર્નર બનાવ્યો છે. જેનાદ્વારાસામાજિક વિજ્ઞાનમાં બાળકોને પ્રવૃત્તિમય શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરેલા છે.પ્રવૃત્તિમય શિક્ષણદ્વારાબાળકોને પ્રવૃત્તિ સાથે શિક્ષણ મળ્યું. તેનાથી બાળકો સામાજીક વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા અને સામાજિક વિજ્ઞાન ની એકમ કસોટી તેમજ મૂલ્યાંકન માં બાળકો માં ઘણો બધો સુધારો પણ જોવા મળ્યો.

## • સામાજિક વિજ્ઞાન કોર્નર TLM યાદી •

૧. જિલ્લાના તાલુકાના નકશા જૂનાગઢ જીલ્લો
૨. ભારત ખેતી ઉદ્યોગ અને પરિવહન ધોરણ 7
૩. ગુજરાત રાજ્યના તમામ જિલ્લાના નકશા
૪.નકશાની રૂઢ સંજ્ઞાઓ
૫.ભારતનો નકશો ફોલ્ડિંગ
૬. વિશ્વનો નકશો ફોલ્ડિંગ
૭. સૂર્યમંડળ ચાર્ટ
૮. સૂર્યમંડળ પઝલ A,B,C,D.....
૯. દેશના રાષ્ટ્રધ્વજ
૧૦. ધર્મ ચાર્ટ. ચિત્રો સાથે
૧૧. પ્રાણીઓના મહોરા
૧૨.ભૂમિ સ્વરૂપો ધોરણ 6
૧૩.ભૂપૃષ્ઠ આબોહવા વનસ્પતિ અને વન્ય જીવન ધોરણ 6
૧૪.ધાર્મિક સામાજિક જાગૃતિ ધોરણ 8
૧૫. ભારતના ક્રાંતિવીરો ધોરણ 8
૧૬.Quiver ચિત્રો

૧૭.શબ્દ ચિત્રો

૧૮.આદિમાનવ થી સ્થાયી જીવનની સફર ધોરણ 6

૧૯.પ્રાચીન નગરો અને ગ્રંથો ધોરણ 6

૨૦. ચાલો ઈતિહાસ જાણીએ ધોરણ 6

૨૧.Moon has a complete cycle of 28 days

૨૨. સોળ મહાજન પદો તોરણ

૨૩.પર્વતોના પ્રકાર 3d ચાર્ટ ધોરણ 6

૨૪.શાંતિની શોધમાં બુદ્ધ અને મહાવીર ધોરણ 6

૨૫.QR કોડ સામાજિક વિજ્ઞાન

૨૬.પેપર કટિંગ પ્રવૃત્તિ સામાજિક વિજ્ઞાન

૨૭.ભારત લોકજીવન


૨૮.જોડકા જોડો ફોલ્ડિંગ ચાર્ટ ધોરણ 6 અને ધોરણ 7 ના બધા જ એકમો આધારિત


૨૯.કાગળ ના રમકડા

૩૦. ગુજરાત મુખ્ય મંદિરો









❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- જોરા વિજયકુમાર કાનજીભાઈ
❖ શાળાનું નામ:- ભાથરોટ પે સેન્ટર શાળા
તાલુકો :- માંગરોળ , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૮૨૫૪૧૨૮૩૭



# "કોરોના મહામારીમાં શિક્ષણ સાથે જનજાગૃતિ અભિયાન"

માંગરોળ તાલુકાની શ્રી ભાથરોટ પે સેન્ટર શાળામાં ફરજ બજાવતા જોરા વિજયકુમાર કે. એ કોરોના મહાતેમની શરૂઆત માર્ચ 2020 થી થઈ. પ્રાથમિકશાળાઓમાં પ્રત્યક્ષશિક્ષણ તારીખ 14માર્ચના રોજ બંધકરવામાં આવ્યું. શરૂઆતમાં ગુજરાતસરકારદ્વારાવર્કફ્રોમ હોમ અંતર્ગત બાળકોને પરિવારનોમાળો હુફાળો અને સલામતદ્વારાલીંક મોકલવામાં આવતી .

તેમણે શરૂઆતમાં શાળા નું whatsapp ગ્રુપ બનાવ્યું જેમાં દરરોજ લિંક મુકવામાં આવતી ત્યારબાદ વાર્ષિકપરીક્ષાના પેપર બાળકોને ઘરે લખવા આપવામાં આવ્યા આમ સત્ર પૂર્ણ થયું.

એપ્રિલ 2020 માં ધોરણ એક માટે બાળકોને પ્રવેશની કામગીરી શરૂ કરવામાં આવી. જેમાં તેમણે અમારા ભાથરોટ ગામમાં દરેક શેરીઓમાં જય સ્પીકરદ્વારા ધોરણ એકની પ્રવેશમાટે જે બાળકોના પાંચવર્ષ પૂર્ણ થતા હોય એવા બાળકોની પ્રવેશ સમગ્ર સૂચનાઓ આપવાની કામગીરી કરેલી છે.

ઉનાળુવેકેશનમાં સરકારદ્વારા કોમ્પ્યુટરના જાણકાર શિક્ષકોની સ્વેચ્છાએ જોડાવામાટે માહિતી માગવામાં આવીછે એમાં તેમણે નામ નોંધાવ્યું. જૂન 2019 થી વેકેશનખુલ્યું અને MicrosoftTeemદ્વારાશિક્ષણની શરૂઆત થઈ.

## માઈક્રસોફ્ટ ટીમ કલાસ

તેમણે તાલુકા માં સૌ પ્રથમ ધોરણ 8 ના બાળકો ને જોડી માઈક્રોસોફ્ટ ટીમદ્વારાક્લાસની શરૂઆત કરી ત્યારબાદ ધીમે ધીમે ધોરણ ૬થી૮ના બાળકો ને જોડી જુલાઈ થી ક્રમશ: microsoftદ્વારા શિક્ષણની શરૂઆત કરી તેમની શાળા ઘેડવિસ્તારમાં ગ્રામ્યવિસ્તારમાં આવેલ હોય જેથી બાળકોનું જોડાણ માઈક્રોસોફ્ટટીમમાં ખૂબ ઓછું થતું. તેમણે સર્વે કર્યો તો ઘણા બાળકો પાસે સ્માર્ટફોન હતા પરંતુ વાલી મજૂરી કામ કરતા હોય અને ઘરે ન હોય એટલે બાળકોનું જોડાણ ઓછું થતું.

## You tube ચેનલ

તેમને વિચાર આવ્યો કે કંઈક નવું કરવું એટલે તેમણે youtube ચેનલ બનાવી **jora Vijay** અને જુલાઈ મહિનામાં શરૂઆતમાં diksha એપ્લિકેશનની સમજૂતી આપવા માટે diksha એપ્લિકેશન કેમ ડાઉનલોડ કરવી જેના વિશે વિડીયો બનાવ્યો અને તેમની youtube ચેનલ પર અપલોડ કરી શાળાના બાળકોને whatsapp ગ્રુપદ્વારામોકલવામાં આવ્યો શાળાના બાળકોદ્વારાખૂબસારો પ્રતિસાદ મળ્યો અને તેમનો આત્મવિશ્વાસ વધ્યો. આ સિવાય સરકારદ્વારા દરરોજ ધોરણ ૧થી૮ માટેની લીંક મોકલવામાં આવતીએ પણ દરેક ધોરણના બાળકોને દરરોજ મોકલવામાં આવતી. સાથે સાથે ડીડીગીરનારના પ્રસારણના સમયપત્રક પણ ગામમાં જાહેરચોકમાં યોગ્ય જગ્યા ઉપર ચોટાડી અને બાળકોને તેના સમયપત્રકની જાણ પણ કરવામાં આવતી.

## N.M.M.S.

તેમણે youtube ચેનલ બનાવેલી છે જેમાં સામાજિકવિજ્ઞાન ધોરણ૬થી૮ના અત્યાર સુધીમાં કુલ બંને સત્રના થઈને ચાલીસ જેટલા વિડિયો બનાવેલા છે. અને બાળકોને whatsapp ગ્રુપમાં તેમની લિંક બનાવી અને દરરોજ મોકલવામાં આવતી આ બધા વિડીયોતેમણે પોતાના જ બનાવેલા વિડિયો છે. ત્યારબાદ ધોરણ-૮માટેની NMMS ની શિષ્યવૃત્તિની પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવામાં આવ્યા એટલે તેમણે NMMS માટે એક whatsapp ગ્રુપ બનાવ્યું જેમાં તેમની શાળાના બાળકો પે.સેન્ટરની પેટાશાળાના બાળકો તાલુકા અને જિલ્લાના બાળકો થઈ અને કુલ 130 થી વધુ બાળકો જોડાયેલાછે. NMMS ને લગતા વિડીયો બનાવ્યા છે. સાથે સરકારદ્વારાજે એન.એમ.એમ.એસ ના વર્ચ્યુઅલક્લાસ ચાલુ છે તેમની પણ લિંક દરરોજ બાળકોને મોકલવામાં આવતી હતી સાથે સાથે સરકારદ્વારા દર શનિવારે એન.એમ.એમ.એસ. ની પરીક્ષા લેવામાં આવે છે તેની લીંક પણ બાળકોને મોકલવામાં આવતી હતી.

## નિષ્ઠા તાલીમ માર્ગદર્શન

આમ youtube ચેનલદ્વારાબાળકોને સામાજિકવિજ્ઞાન, સર્વાંગીશિક્ષણ, અને એન.એમ.એમ.એસ. બધાના વીડિયો બનાવીને બાળકોને ઓનલાઇન શિક્ષણ આપવાની કામગીરી કરેલીછે. બીજું તેમણે નિષ્ઠાની તાલીમ **KRP** તરીકે પાલિતાણા મુકામે લીધેલી હતી જેથી જ્યારે શિક્ષકો માટે દીક્ષાએપ્લિકેશન પર ઓનલાઈન નિષ્ઠા તાલીમ આવી એટલે તેમણે અતેમની પે.સેન્ટરના બધાજ શિક્ષકો અને નિષ્ઠા તાલીમ માટે માઈક્રોસોફ્ટ પર online મિટિંગ કરી ૪૦ જેટલા શિક્ષકોને નિષ્ઠા તાલીમ કેવી રીતે લેવી,નિષ્ઠા તાલીમમાં શુંછે? એની સમગ્ર માહિતી આપવા માટે માર્ગદર્શન આપ્યું.

## શેરી શિક્ષણ

આ સિવાય જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં શેરીશિક્ષણની શરૂઆત કરી જેમાં અતેમની શાળામાં યોગ્ય આયોજન કરી ધોરણ૩થી૮ના બાળકોને શ્રીમરેઠીમાતાજીના મંદિરે દરરોજ એક નાનુ ધોરણ અને એક મોટુ ધોરણ એમ રોજ બે ધોરણ ના બાળકોને બોલાવીને શેરીશિક્ષણ આપવાની કામગીરી પણ બધા શિક્ષકોએ ખુબ સારી રીતે કરી.

## ટોયફેર

ત્યારબાદ જાન્યુઆરી મહિનામાં પ્રથમ નેશનલ ટોયફેરનું આયોજન સરકારદ્વારાકરવામાં આવ્યું જેમાં તેમણે ધોરણ 6 થી 8 સામાજિકવિજ્ઞાન ટી.એલ.એમ.ની પઝલ બનાવી અને સૌ પ્રથમ તાલુકાકક્ષાના ટોયફેરમાં ભાગ લીધો અને તાલુકાકક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો હતો.અને જિલ્લાકક્ષાના ટોયફ્રમાં પણ ભાગ લીધેલો છે.

## DIKSHA તાલીમ

આ સિવાય કોરોનાકાળમાં મે દીક્ષાએપ્લિકેશન પર નિષ્ઠા સિવાયની ૨૨ જેટલી અન્ય તાલીમો જેવીકે ગાંધીજીનુંશિક્ષણદર્શન, રોજિંદાજીવનમાંભૂગોળ, નવતર ઇન ઇનોવેશન, શૈક્ષણિકસંશોધન, ગુણોત્સવ, યોગ તાલિમ,ક્રિયાત્મક્ સંશોધન, વગેરે જેવી ઓનલાઇન તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે.

## કોરોના જાગૃતિ

કોરોના જાગૃતિ ફેલાવવા તેમણે શરૂઆત થી અન્ય બીજી ઘણી બધી કામગીરી પણ કરેલછે. જેમાં મને ચિત્ર દોરવાનો શોખ હોવાથી મે સૌ પ્રથમ કોરોના વોરિયર્સને લગતા ચિત્રોદોરી whatsapp,facebook, ટ્વીટર,ઈન્સ્ટાગ્રામ વગેરે માધ્યમદ્વારાબાળકો તથા લોકોને શેર કરી અને કોરોનાથી બચવામાટેના પોસ્ટરો છે. તેનાદ્વારાઘણી બધી કામગીરી કરેલી છે.

## વિશ્વ સિંહ દિન ઉજવણી

આ સિવાય ઓગસ્ટમાં 10 મી ઓગસ્ટ વિશ્વસિંહ દિવસની ઉજવણી સાસણગીર અભ્યારણદ્વારાકરવામાં આવેલ હતી જેમાં તેમણે સિંહના ચિત્રો દોરી અને મીડિયા મારફતે શેર કરેલા હતા જેમાં વર્ચ્યુઅલ ઉજવણીમાં મારા ચિત્રોને 1000 થી વધુ લાઇક અને શેર મળેલા હતા જેથી સાસણગીર અભ્યારણદ્વારામને સર્ટિફિકેટ આપી અને સન્માનિત કરવામાં આવેલ હતો.

## કોરોના મહાતેમનીમાં પેઈન્ટિંગ સ્પર્ધા માં રેન્ક

કોરોનાકાળમાં ગવર્મેન્ટ સાયન્સ કોલેજ વેરાવળદ્વારાઓનલાઇન ઓલ ઇન્ડિયા સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં તેમણે ભાગ લીધેલો અને ઓલઈન્ડિયાની આ પેઈન્ટીંગ સ્પર્ધામાં જનરલ ગ્રુપમાં ટોપટેન માં સમાવેશ થયો અને મને સર્ટિફિકેટ આપી અને સન્માનિત કરવામાં આવેલ હતો. ત્યારબાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત mynep.in નામની સંસ્થા દિલ્હીદ્વારાભાષા અંતર્ગત સ્પર્ધાઓ રાખવામાં આવેલ આવેલી હતી જેમાં તેમણે ગુજરાતી ભાષાની પેઈન્ટીંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને એક ચિત્ર બનાવી ઓંલાઇન અપલોડ કરેલ હતું જેમાં મારો બીજો નંબર મળેલો હતો જેમાં રૂપિયા પાંચહજારની ઈનામી રકમ પણ આપવામાં આવેલ હતી જે મે તેમની શાળાના બાળકોના વિકાસ પાછળ ખર્ચ કરવાનો નિર્ણય કરેલો છે.

## કોરોનામહામારીમાં બાળકો, લોકો નો આત્મવિશ્વાસ વધારવા ની પ્રવૃતિઓ

કોરોનાકાળમાં કોરોના જાગૃતિ માટે તેમણે વર્ચ્યુઅલ તહેવારોની ઉજવણી કરવા માટે દરેક તહેવારને અનુરૂપ પોસ્ટરો બનાવ્યા જેમકે શિક્ષકદિન, ગાંધીજયંતી, સ્વતંત્રતાદિવસ, ગણેશચતુર્થી, નવરાત્રી વગેરે તહેવારોના પોસ્ટર બનાવી બાળકો શિક્ષકો અને અન્યલોકોને શેર કર્યા તેમાં પણ મને ખૂબ સારો એવો પ્રતિસાદ મળ્યો.

## સામાજિક વિજ્ઞાન TLM

આ સિવાય તેમણે કોરોનાકાળમાં સામાજિકવિજ્ઞાન ધોરણ૬થી૮ને લગતા એકમોના 15 થી પણ વધારે TLM બનાવ્યા જે આવનારા ભવિષ્યમાં બાળકોને શિક્ષણ માટે ખૂબજ ઉપયોગી થશે.

## NAME ART

આ સિવાય કોરોનાકાળમાં તેમણે NAME ART બનાવ્યા જેમાં ૩૦૦થી વધુ નામો બનાવ્યા જેમાં બાળકો વડીલો વગેરેના નામ લખી અને મીડિયાના માધ્યમથી બધાને શેર કરી અને બધાનો આત્મવિશ્વાસ વધારવાની પ્રવૃત્તિ પણ કરવામાં આવેલી છે.

## પેન્સિલ આર્ટ

એ સિવાય પેન્સિલઆર્ટદ્વારામહાનુભાવો જેવા કે ગાંધીજી,સરદારવલ્લભભાઈપટેલ, બાબાસાહેબઆંબેડકર, ફિલ્મસ્ટારો, ક્રિકેટરો, વગેરેના ૫૦ થી વધુ ચિત્રો પણ બનાવેલા છે.

## આભાર

આમ સમગ્ર કરોના કાળ દરમિયાન તેમની આ સમગ્ર પ્રવૃત્તિ માંથી ઘણી બધી પ્રવૃત્તિની નોંધ સમાચાર પત્ર અને ન્યુઝ ચેનલ એ લીધો એમનો પણ ખુબ ખુબ આભાર. આ પ્રવૃત્તિમાં મારો આત્મવિશ્વાસ વધારવા માટે અમારા તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી કૉ- ઓર્ડીનેટર શ્રી, અમારા પે સેન્ટર ના સી. આર. સી.કૉ-ઓર્ડીનેટરશ્રી, તેમજ અતેમની શાળા ના આચાર્ય શ્રી, તથા સમગ્ર શાળા નો સ્ટાફ તથા મારા વ્હાલા વિધાર્થીઓ નો ખૂબ ખૂબ આભાર.........


Government Science College, Veraval
Opp. Mamlatdar Office, Rajendra Bhuvan Road, Veraval, Dist. Gir Somnath, Gujarat.
Affiliated to Bhakta Kavi Narsinh Mehta University, Junagadh, Gujarat.

RANK CERTIFICATE

Celebration of Independence Day - 15th August, 2020

NATIONAL LEVEL

"DRAWING/PAINTING COMPETITION"

This is to certify that Mr. Jora Vijaybhai Kanjibhai has participated and secured Rank in TOP 10 category for Age Group 4(26- no limit) in National Level Online Drawing/Painting Competition on Independance Day - 15th August, 2020 organized by Government Science College, Veraval. We are glad to promote art by recognizing her artistic talent. Best wishes for her future endeavour.

Co-convener
Dr. Kashmira P. Tank
Asst. Prof. (Physics)

Co-convener
Dr. Paresh U. Poriya
Asst. Prof. (Zoology)

Convener
Dr. Smita B. Chhag
Principal


FOREST DEPARTMENT GUJARAT STATE

World Lion Day - 2020
(Gir National Park & Sanctuary)
CERTIFICATE of appreciation
No. GJ/WLDSG/WLD2020/00011


*This e-Certificate is issued to Vijaybhai Kanjibhai Jora for actively participating in the celebration of World Lion Day on 10th August, 2020 for taking initiative and getting recognised for the awarenessgeneration for the cause of conservation.*

Dr. Mohan Ram, IFS
Deputy Conservator of Forests
Wildlife Division, Sasan-Gir,
Junagadh, Gujarat (INDIA).







33

❖ ઇનોવેટીવશિક્ષકનુંનામ:- મેંદપરા હેતલબેન કિશોરભાઇ
❖ શાળાનુંનામ:- શ્રી નતાળિયા પ્રાથમિક શાળા
તાલુકો :- મેંદરડા ,જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલનંબર :- ૯૭૨૯૬ ૧૯૩૯૬



# "અંગ્રેજી શબ્દ ભંડોળ"

- જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં શિક્ષકશ્રી મેંદપરા હેતલબેન કિશોરભાઈ વર્ષ ૨૦૧૨ થી ભાષા શિક્ષિકા છે. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે રુચિ વધે તેવા તેમના સતત પ્રયત્નો રહ્યા છે.
- આજે સમગ્ર વિશ્વ ડિઝિટલ બનતું જાય છે. આવા સમય સાથે કદમ મિલાવવા માટે બાળકોને પ્રાથમિક શાળામાં અંગ્રેજી ભાષાને મહત્વ આપવું રહ્યું. બધાં વિષયની સાથે પ્રાથમિક શાળામાં બાળકોને અંગ્રેજી શીખવવું ખૂબજ કઠિન બન્યુ છે. તેનું ફકત ને ફકત એક જ કારણ છે શબ્દ ભંડોળનો અભાવ આવા અભાવને કારણે તેઓ અંગ્રેજીના કોઇપણ શબ્દો બોલતા ડર અનુભવતા હતાં. આ બાબતને કારણે અંગ્રેજી વિષય આગળ ચલાવવો ઘણો જ મુશ્કેલ બનતો.
- બાળકોની અંગ્રેજી શીખવા માટેની સભાનતા વિકસે તે માટે તેમનું શબ્દ ભંડોળ બૃહદ બનાવવા માટે તેમણે પાયાથી જ પ્રયત્નો કર્યા. તેના માટે તેમણે પ્રાર્થનાસભાથી જ શરૂઆત કરી 1 TO 100, A TO Z, ANIMALS, BIRDS, VEGETABLES, MONTHS, COLOURS, FRUITS આ પ્રમાણેનું શબ્દ ભંડોળ વધારીને UNIT સુધીના સ્પેલીંગ બાળકો કંઠસ્થ કરતા થયાં.
- આવી રીતે ધીમે-ધીમે બાળકોનો આ વિષયનો શબ્દ ભંડોળ તેમણે મજબુત બનાવ્યો. વિષય પ્રત્યેનો ડર દૂર થયો. ત્યારબાદ તેઓ રિસેષ સમય દરમિયાન જુદી-જુદી રમતોદ્વારાપણ સ્પેલીંગનું શેરીંગ કરતા થયા. આ રીતે તેમની સમસ્યાનું નિરાકણ થતાં અંગ્રેજી વિષય શીખવવો સરળ બન્યો. ઘણાં બધાં શબ્દો બાળકો બોલી અને સમજી શકતા થયાં. પ્રાર્થના કાર્યક્રમ તથા કલાસરૂમની પ્રવૃતિઓ રસપ્રદ બનવા લાગી.

# 34

❖ **ઇનોવેટીવશિક્ષકનુંનામ:- ત્રિવેદી દુષ્યંતભાઈ વિનયકાન્ત**
❖ **શાળાનુંનામ:- : શ્રી પાટરામા પ્રાથમિક શાળા,**
**તાલુકો: મેંદરડા જીલ્લો: જુનાગઢ**
❖ મોબાઈલનંબર :- 9510754667



# "આનંદદાયી હાજરી / JOYFUL ATTENDANCE"

શાળામાં વિદ્યાર્થીઓની હાજરી પુરવા માટે કંઈક નવીનતા પૂર્ણ વિચાર પાટણમાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષક શ્રી દુષ્યંતભાઈ વિનયકાન્ત ત્રિવેદીએ કરી.

તેમણે વિદ્યાર્થી ઓ હાજરી પુરતી વખતે કંઈક આનંદ મેળવે રસ કેળવે અને તેઓને સામાન્ય જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જય ભારતની સાથે હાજરીમાં શું બોલશો ના બનાવેલ ચાર્ટમાં દિન કે દિવસ પ્રમાણે વિદ્યાર્થી કંઈક બોલે અને હાજરીમાં રસ જળવાઈ સાથે જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે અલગ અલગ દિવસે કંઈક નવું બોલે તેઓ ચાર્ટ બનાવ્યો

દિન 1 તમને ભાવતી મનગમતી એક વાનગીનું નામ
દિન 2 તમારા મન પ્રસંગ ફરવાના સ્થળ નું નામ
દિન 3 કોઈ એક સ્પેલિંગ

આવી રીતે જેમાં ૨૫થી ૩૦ મુદ્દા ચાર્ટ તૈયાર કર્યો અને વિદ્યાર્થી આગલા દિવસે જ જોઈ તૈયારી સાથે બીજા દિવસે હાજરી વખતે ઉત્સાહથી જવાબ આપે છે.

આ પ્રવૃત્તિદ્વારાદુષ્યંતભાઈ એ પોતાના વર્ગના પ્રિય બાળક થી માંડી બધાને સામાન્ય જ્ઞાન મેળવતા થાય તેમજ બધા બાળકો જે કંઈ પણ બોલતા નથી તેઓને પણ બોલવા માટે પ્રોત્સાહિત કર્યા. આ પ્રવૃત્તિદ્વારાવિદ્યાર્થી કોને પણ હાજરીમાં આનંદ આવ્યો અને આચાર્યશ્રી તથા શિક્ષકોએ આ પ્રવૃત્તિની નોંધ લીધી અને આ પ્રવૃત્તિને બિરદાવી.

# 35

❖ **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ચુડાસમા શીતલબેન મનસુખભાઈ**
❖ **શાળાનું નામ :- ખડપીપળી પ્રાથમિક શાળા**
**તાલુકો :- મેંદરડા , જીલ્લો :- જૂનાગઢ**
❖ **મોબાઈલ નંબર :- 9998600309**



## "WHATSAPP **આધારિત સ્વમૂલ્યાંકન કસોટી જાગૃતતા**"

- ❖ જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં શિક્ષકશ્રી _ચુડાસમા શીતલબેન મનસુખભાઈ વર્ષ 2008થી 1થી5 શિક્ષક છે. તેઓએ શનિવારે યોજાતી whatsapp આધારિત સ્વમૂલ્યાંકન કસોટીમાં વિદ્યાર્થીઓની ઓછી ભાગીદારી જોવા મળતી હતી કારણ તેઓ ટેક્નોલોજીથી માહિતગાર ન હતા વિદ્યાર્થીઓમાં સ્વમૂલ્યાંકન આધારિત whatsapp કસોટીમાં જાગૃતિ લાવવા આ નવતર પ્રયોગ અમલમાં મૂક્યો. જેમાં ઘણી સફળતા મળી.
- ❖ નવતર પ્રયોગ કર્યા બાદ વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન આધારિત કસોટી માં રસ લેતા થયા.
- ❖ વિદ્યાર્થીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા થયા.
- ❖ વિદ્યાર્થીઓમાં નિયમિતતા કેળવાય.
- ❖ ટેક્નોલોજીનો જાતે ઉપયોગ કરતા થયા.
- ❖ ટેક્નોલોજી વિશે સમજ કેળવતા થયા
- ❖ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને જ્ઞાનમાં વધારો થયો.

36

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- કામદાર જલ્પા હસમુખરાય
❖ શાળાનું નામ:- શ્રી નાગલપુર પ્રાથમિક શાળા
તાલુકો :- મેંદરડા , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 8905362722



# “EACH ONE TEACH ONE”

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં શિક્ષકશ્રી કામદાર જલ્પા હસમુખરાય વર્ષ 2010 થી ગણિત-વિજ્ઞાન વિષય શિક્ષક છે. તેઓને કોવિડ દરમિયાન પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોવાને કારણે બાળકોમાં વાંચન-લેખન-ગણન માં કચાશ જોવા મળી હતી. જેને દુર કરવા માટે તેઓએ Each one Teach one પ્રયાસ હાથ ધર્યો હતો.

● peer learning તથા group learning વડે મોટા બાળકોદ્વારાનાના બાળકોને પાયાનું શિક્ષણ આપવામાં આવ્યું, જેમાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત થઈ.

● શરૂઆતમાં જે બાળકોને જોડાક્ષર, એકડા તથા ઘડિયાના વાંચન-લેખનમાં તકલીફ જણાતી હતી, તેમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓની કચાશ દૂર થતી જણાઈ છે.

● Each one Teach one ખ્યાલ દ્વારાશાળામાં FLN (Foundation of literacy and numeracy)
અંતર્ગત પ્રવૃત્તિઓને પણ વેગ મળ્યો.

●નાના બાળકોને પોતાના સહપાઠી સાથે શીખવાની વધુ મજા આવી અને તેઓ ઝડપથી લખતા-વાંચતા થયા.

●મોટા બાળકોને શીખવવામાં જયાં મુશ્કેલી જણાય ત્યાં શિક્ષકના માર્ગદર્શનદ્વારાતેમાં સુધારો થયો.


●એકંદરે peer learningદ્વારાEach one Teach one concept ઘણો સફળ રહ્યો.







❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ધમ્મર ભાવના રાજેન્દ્રભાઈ
❖ શાળાનું નામ :- માલણકા પે.સેન્ટર શાળા
તાલુકો :- મેંદરડા , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૮૧૫૬૦૬૮૧૬૪



# "કઠિન થી સરળ તરફ"

- જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના માલણકા ગામ માં શિક્ષક શ્રી ધમ્મર ભાવનાબેન ૨૦૧૨ થી પ્રજ્ઞા શિક્ષક રહેલ પણ હાલ તેઓ ધોરણ ત્રણ ચાર માં કાર્ય કરે છે તેઓને શરૂઆતથી જ પ્રવૃત્તિદ્વારાજ્ઞાન આપવા નો શોખ. બાળકોને અઘરા લાગતા મુદ્દાઓની સરળ રીતો તેઓ આપતા.
- Lockdown ના કારણે મોબાઈલ ટીવી જેવા ઉપકરણો નથી એવા વિદ્યાર્થીઓના ઓનલાઈન શૈક્ષણિક કાર્યમાં જોડાયા ન હતા તેવા બાળકોના અભ્યાસ માટે તેમજ બાળકની જરૂરીયાત મુજબની સામગ્રી પૂરી પાડવા માટે તેમણે નવતર પ્રયોગની શરૂઆત કરી તેમણે બાળકોના મહાવરા માટે પ્રવૃત્તિ બુક બનાવી તેમજ ટપકા પરથી ચિત્ર બનાવવા જેથી સંખ્યાજ્ઞાન માં ક્યાસ દૂર થાય. નબળા બાળકો ની વાંચન લેખન ગણન ની પ્રવૃત્તિ થઈ તેમજ બાળકોની ફકરા પરથી ઉત્તર અને ચિત્ર પણ જેવા પ્રશ્નોની ક્યાસ દૂર કરવા એક બુક બનાવડાવી તેમજ પાયાની ગાણિતિક પ્રક્રિયાઓ માટે વૈવિધ્યસભર ઘણા ટી.એલ.એમ બનાવ્યા તેમના આ પ્રયોગનો ના લીધે આજે બાળકો પ્રવૃત્તિમાં જોડાય છે અને કોઈપણ ભૂલ વગર દાખલા ગણતા થયા છે
- આ નવતર પ્રયોગથી બાળકોમાં ઉત્તરોત્તર પ્રગતિ જણાય છે અને તેમના કાર્યને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે વાલીઓ પણ રસ લેતા થયા અને ઓનલાઈન ઉજવણીમાં ભાગ લેતા થયા. .
- હજુ પણ આ પ્રયોગ તેઓદ્વારાચાલુ જ હોય આવા ઘણા મોડેલ બનાવી વિદ્યાર્થીઓની જરૂરીયાત મુજબ અનુભવો પુરા પાડે એવી અભ્યર્થના.



**38**



- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- પટેલ હેતલબેન દશરથભાઈ**
- **શાળાનું નામ:- શ્રી સમઢીયાળા પે.સેન્ટર શાળા**
  **તાલુકો :- મેંદરડા , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 990 42 93 548**

# 'YOGA' WITH MY SCHOOL KIDS

- જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં શિક્ષિકાશ્રી પટેલ હેતલબેન દશરથભાઈ વર્ષ ૨૦૧૨થી સામાજિક વિજ્ઞાનના શિક્ષક છે. બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી અમારી શાળાના બાળકોને સ્વાસ્થ્ય, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી વાકેફ કરી સ્વાસ્થ્યપ્રત્યે જાગૃત કર્યા.
- એમના આ પ્રયાસથી સર્વ બાળકો તથા તેના વાલીગણને યોગનું મહત્વ તથા ઉપયોગિતા સમજાય તથા તેમનો લાભ સતત મળતો રહે તેવી શુભકામનાઓ.
- બાળકોને યોગ શિક્ષણ આપવા માટે બહેને જાતે યોગ ટ્રેનિંગ લઇ યોગા ટ્રેનર નું સર્ટીફીકેટ મેળવેલ છે જેથી બાળકો તથા વાલીઓ વિશ્વાસ સાથે યોગને સ્વીકારે અને જીવનના એક ભાગ તરીકે ગણીને આવનારી પેઢીને સુસજ્જ શિક્ષિત સમાજના નિર્માણમાં તેમનું યોગદાન આપી શકે.



❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- હેતલ વશરામભાઈ વાઢીયા
❖ શાળાનું નામ :- શ્રીનાજાપુર છતરીયા પ્રાથમિક શાળા
તાલુકો :- મેંદરડા , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 8511500907

# "રમતા રમતા ગણિત શીખીએ"

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના શિક્ષક શ્રી વાઢીયા હેતલ વશરામભાઈ વર્ષ ૨૦૧૪ થી પ્રજ્ઞા વર્ગમાં કામ કરુંછું. તે દરમિયાન આ કોરોનાની મહામારીઆવી.વિદ્યાર્થી વાલીઓ અને બાળકો માં ભય વ્યાપી ગયેલો હતો.તેથી મેં આ સમય સમય દરમિયાન બાળકો અંક જ્ઞાન, સંખ્યાજ્ઞાન અને પાયાની બાબતો જ ભૂલી ગયા હતા. આ દરમિયાન બાળકો સરળતાથી શિક્ષણ મેળવી શકે તેથી મેં આ રમતા રમતા ગણિત શીખીએ આ નવતર પ્રયોગ કરી અને મને આ પ્રયોગ કરતાં સારી એવી બાળકોમાં સિદ્દિ્ધ જોવા મળેલ અને બાળકો  શિક્ષણમાં હોંશે હોંશે આવવા લાગ્યા અને શીખવા લાગ્યા.



40



❖ **ઇનોવેટીવ શિક્ષકનું નામ:- હરદેવકુમાર એમ. રામ**

❖ **શાળાનું નામ:- સી.આર.સી. ભવન સાસણ**

**તાલુકો :- મેંદરડા, જિલ્લો :-જૂનાગઢ**

❖ **મોબાઈલ નંબર :- 99793 63293**

## "પ્રક્રમ" અંક ૧ થી ૬

શિક્ષણ એ દરેક માણસની જરૂરિયાત છે અને એ એક એવી પ્રક્રિયા છે કે, તેની સતત સંસર્ગમાં જ રહેવું પડે છે. અભ્યાસથી વિમુખ થઈએ તો યાદ રાખેલું પણ વિસરાઈ જાય. લોકડાઉન અને વેકેશન દરમિયાન કંઈક એવું જ થયું હતું.

પરંતુ, ગીર મધ્યમાં આવેલા મેંદરડા તાલુકાના સાસણ ક્લસ્ટરના સી.આર.સી. કો-ઓર્ડીનેટર શ્રી હરદેવકુમાર એમ. રામના મનમાં એક વિચાર સ્ફુર્યો અને તેઓએ પોતાના ટેકનિકલ મગજ અને કમ્પ્યુટર કુશળતાથી "પ્રક્રમ" અંક ૧ થી ૬ ને આકાર આપ્યો.જેમાં ગણિત ગુજરાતી અંગ્રેજી પર્યાવરણ હિન્દી સંસ્કૃત જનરલ નોલેજ અને ચિત્રકામ જેવા તમામ વિષયોને આવરી લઈને અંક તૈયાર કર્યા.આ અંક સી.આર.સી. માલણકા બ્લોગ પર મૂક્યા અને આ બ્લોગની લીંક મેંદરડા તાલુકાના તમામ સી.આર.સી. મિત્રોદ્વારાતાલુકાની તમામ શાળાના આચાર્યો અને શિક્ષકો મારફત વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરી.

ઉપરાંત જૂનાગઢ અને ગીર સોમનાથ બન્ને જિલ્લાના તમામ બી.આર.સી. મિત્રોને લીંક મોકલીને બંને જિલ્લાના વિદ્યાર્થીઓ સુધી પહોંચે એવા પ્રયત્નો થયા.તદુપરાંત અન્ય જિલ્લાના બી.આર.સી. મિત્રો, સી.આર.સી. મિત્રો, શિક્ષક મિત્રો અને વાલીઓને પણ આ અંકની સમયાંતરે લીંક મોકલાતી રહી.

વિશેષ વાત તો એ રહી કે માલણકા ક્લસ્ટરના જે વિદ્યાર્થીઓ પાસે લિંક જોઈ શકાય તેવો મોબાઈલ ન હોય અથવા તો અન્ય કોઈ ઉપકરણ ન હોય ત્યારે સી.આર.સી. કો-ઓર્ડીનેટરદ્વારાપ્રિન્ટ કાઢીને રૂબરૂ હાર્ડ કોપી સ્વરૂપે મોકલવામાં આવી.

આમ,

પ્રક્રમ - ૧ ૧ લી મે થી ૧૫ મે

પ્રક્રમ - ૨ ૧૫ મી મે થી ૩૧ મે,


પ્રક્રમ - ૩ ૧લી જુન થી ૧૫ જુન ,


પ્રક્રમ - ૪ ૧૫મી જુન થી 30 જુન

પ્રક્રમ - ૫ ૧લી જુલાઇ થી ૧૫ જુલાઇ,

પ્રક્રમ - ૬ ૧૫મી જુલાઇ થી ૩૧ જુલાઇ.

આવી રીતે પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓ અભ્યાસમાં તરબોળ રહેતા સહજતાથી ઘણું બધું શીખી ગયા જે જ્ઞાન સાથે ગમ્મત મુજબ અભ્યાસ શરૂ કર્યો અને ત્યારબાદ તો ઓનલાઇન શિક્ષણ ઘરે શીખીએ વગેરે કાર્યક્રમો આવતા વિદ્યાર્થી નો અભ્યાસ શરૂ થયો.





41

- **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- દક્ષાબેન એ કુકડીયા**
- **શાળાનું નામ :- શ્રી નાંદરખી પ્રાથમિક શાળા**
  **તાલુકો :- , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9427922815**



# "જાતે કરીએ હોશિયાર બનીએ"

- નવતર પ્રયોગમાં ધોરણ ૬ થી ૮ ના બાળકોને વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય શીખવવા નું આયોજન કરવામાં આવેલ છે
- જેમાં જૂના પાઠ્યપુસ્તક નો ઉપયોગ કરવાનો છે.
- વિદ્યાર્થીને હાજરીપત્રક ક્રમાનુસાર ફાળવવામાં આવેલ.
- જુના પાઠ્યપુસ્તકમાંથી તે પાઠ ના ચિત્રો નું કટિંગ કરી અને ૧૦ થી ૧૫ પેજ ની નવી બુકલેટ મા ચોટાડવાના
- પાઠ્યપુસ્તકમાંથી જ તે ચિત્ર ને અનુરૂપ આપેલા પાઠનું વર્ણન સ્વહસ્તે લેખન પોતાની નોટમાં કરવાનું.
- બીજા અઠવાડિયે બીજું પુસ્તક આપી ફરીથી આજ પ્રોજેક્ટ કાર્ય આપવું.
- ફ્રી સમયમાં વિદ્યાર્થીને અન્ય બાળકો ના પ્રોજેક્ટ નું વાંચન કરવા કહેવું અને તેમાંથી સારા મુદ્દા નું અનુકરણ કરી પોતાના નવા પ્રોજેક્ટ કાર્ય માં સમાવવા.
- આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ જાગે છે
- બાળકની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય છે
- અધ્યેતા ની સહભાગિતા વધે છે



❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:-લીંબોલા  મિલનકુમાર એચ.
❖ શાળાનું નામ:-  થાણળીપીપળી પે.સેન્ટર શાળા
તાલુકો :-   વંથલી  , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૭૬૯૮૩૫૫૩૦૧

# "હરતી-ફરતી મોબાઇલ લેબ."

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકા ની  થાણાપીપળી પે.સેન્ટર શાળામાં શિક્ષક તરીકે વર્ષ 2013 થી ફરજ બજાવતા શિક્ષક જે ગણિત-વિજ્ઞાન વિષયમાં ધોરણ 6 થી 8 ના બાળકોને અભ્યાસ કરાવે છે. તેઓ એ હરતી-ફરતી મોબાઈલ લેબ જે covid-19 મહામારી વર્ષ-2020 દરમિયાન શરૂઆત કરી.જેમાં બાળકોમાં પ્રયોગ, પ્રોજેક્ટ તથા પ્રવૃત્તિને લગતી માહિતી માર્ગદર્શન બાળકો જાતે પ્રયોગ, પ્રોજેક્ટ કરતા થાય તેવો નવતર પ્રયોગ કરેલો. જેમાં શરૂઆતથી જ બધાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લેતા થયા અને સાથે સાથે વાલીઓને પણ સામેલ કરી સારા પ્રોજેક્ટ તૈયાર કરેલા.

બાળકોમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિ માં વધારો થયો.મોબાઈલ અને ટીવીમાં સમય પસાર કરતા બાળકો હવે પ્રવૃત્તિમય બન્યા.

43



## ❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- મકવાણા શિલ્પાબેન બાબુલાલ

❖ શાળાનું નામ :- શ્રી બંટીયા પે સે. શાળા

તાલુકો :- વંથલી , જીલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- ૯૬૨૪૦૬૯૭૮૯

# "જ્ઞાનનું પરબ"

- ❖ જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં શિક્ષકશ્રી મકવાણા શિલ્પાબેન બાબુલાલ વર્ષ ૧૪/૦૬/૨૦૧૧થી સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક છે. અમારી શાળાના માત્ર શિક્ષકજ ન બની રહેતા પરીવારના સભ્ય તરીકે રહે છે.
- ❖ બાળકોના શિક્ષણની સાથે વ્યક્તિત્વ વિકાસ સ્વાસ્થય મૂલ્યશિક્ષણ અને ભવિષ્યની પણ ચિંતા કરે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં ક્મ ટકી રહેવુ અને વધુ ને વધુ બાળકો કેમ આગળ વધે તે માટે વિવિધ પ્રયત્નો કરતા રહે છે.
- ❖ જેમાનો એક પ્રયત્ન બાળકોના જ્ઞાનમાં સતત વધારો કેમ થાય તે મટે તેમણે જ્ઞાન પરબનો નવતર પ્રયોગ ૨૦૧૯ થી શરુ કરેલ છે.
- બંટીયા પે સે. શાળાની લાઈબ્રેરી બાળકો વાલીઓ તેમજ ગ્રામજનો માટે ખુલ્લી મુકવામાં આવી છે. શાળાના બાળકો લાઈબ્રેરીનુ સમગ્ર સંચાલન કરે છે.
- અમારા બાળકો પણ લાઈબ્રેરીના પુસ્તકો ઘરે લઈ આવીને અમારી સામે વાંચે છે જેનાથી અમે પણ નવુ નવુ જાણી શકીએ છીએ.
- કોરોના ના સમયગાળામાં પણ તેમણે બાળકોને ઘરે ઘરે પુસ્તકો પહોચાડ્યા છે.
- શાળામાં વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃતિમાં ખુબ સારો દેખાવ કરેલ છે જે મે જાતે અનુભવ્યુ છે.
- વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમા પણ સારા માર્કસ સાથે ઉત્તિર્ણ થયા છે.
- મહત્વની બાબત તો એ છે કી આજે ખાનગી શાળાઓની હરિફાઈઓમાં અમારા બંટીયા ગામની શાળા માં ૧૦૦ % નામાંકન થયેલ છે. જે એક ગૌરવ લેવા જેવી બાબત છે.
- શિલ્પાબેન ને 'પ્રતિભાશાળી શિક્ષક સન્માન' , તાલુકા બેસ્ટ ટીચર એવોર્ડ' , 'વી ટીવી ન્યુઝ દ્વારાપણ સન્માન થયેલુ છે.
- આમ તેઓશ્રી અમારા બાળકોને પોતાના બાળકો સમજીને જ હરહંમેશ ચિંતા કરે છે.

44



❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ચાવડા ધર્મિષ્ઠા હમીરભાઇ
❖ શાળાનું નામ :- શ્રી બંટીયા પે સે.શાળા
તાલુકો :- વંથલી , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૫૧૨૭૭૭૧૫૬
❖ ઈનોવેશનનું નામ :- ખિલખિલાટ કરતી મારી શાળા

# "ખિલખિલાટ કરતી મારી શાળા"

- ❖ જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં શિક્ષકશ્રી ચાવડા ધર્મિષ્ઠા હમીરભાઇ વર્ષ ૨૦૧૯ થી ભાષા શિક્ષક છે. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે પણ જાણે એવુ લાગે કે બેન ઘણા વર્ષોથી અહી જ છે. આટલા ટુંકા ગાળામાં બાળકો, વડિલો હોય કે વાલીઓ હોય બધા સાથે એકદમ પરીવારની ભાવના ધરાવે છે.
- ❖ વિવિધ પ્રવૃતિઓ, રમતગમત દ્વારા બાળકોના વર્તનમાં ઘણુ પરિવર્તન જોવા મળ્યુ છે.
- ❖ પ્રથમ અને બીજી રિસેસ દરમિયાન બાળકો તોફાન મસ્તી કરતા જણાતા તે દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રેરણા આપી જેમકે, ક્યારા સફાઇ, પક્ષીઓને ચણ નાખવુ, પક્ષીઓ માટેના કુંડામાં પાણી ભરવુ, વુક્ષો- છોડવાઓને પાણી પાવુ તેમજ તેનુ જતન કરવુ. જેથી બાળકોમાં ઘણું પરિવર્તન જોવા મળ્યુ.
- ❖ દરરોજ રિસેસ દરમિયાન ફુરસદના સમયગાળામાં બાળકો પોતાને રસ પડે તેવી પ્રવૃતિ કરવા લાગ્યા. આમ કરવાથી બાળકો પ્રત્યે હકારાત્મક ભાવના જાગૃત થઇ.
- ❖ વિવિધ પ્રવૃતિમાં બાળકો ભાગ લેતા થયા. તેમ્નામાં સર્જનાત્મકતાનો વિકાસ થયો. પહેલા તો આવુ બધુ કરવા બાળકોને કહેવુ પડ્તુ. પરંતુ આજે તો ૮૫% જેટલા બાળકો પોતાની રીતે સુઝબુઝથી વિવિધ પ્રવૃતિમાં ભગ લે છે અને સમુહભાવના કેળવે છે.
- ❖ ટોયફેર, ફિટ ઈંડિયા ક્વિઝ , બાળમેળો, વિશેષ દિનની ઉજવણી, મુલાકાત જેવી બધી પ્રવૃતિમાં બાકલો હોંશે હોંશે ભાગ લેતા થયા છે. આવી પ્રવૃતિઓ કરવાથી ગામના લોકોદ્વારાઆર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયો.

## 45




❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- અનિલ ડી. બકુત્રા
❖ શાળાનું નામ :- ટીકર પ્રાથમિક શાળા,
તાલુકો :- વંથલી , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9824575369


# STATE IN THE BAG, CONTINENT FACTS, COUNTRY CORNER, ME ON MAP, SOLAR SYSTEM જેવા પ્રોજેક્ટદ્વારાશિક્ષણ કાર્ય.

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં શિક્ષકશ્રી અનિલ ડી. બકુત્રા વર્ષ ૨૦૧૩ થી સામાજિક વિજ્ઞાનનાં વિષય શિક્ષક છે. તેઓએ શાળાના બાળકોમાં પ્રોજેક્ટ પદ્ધતિ અને પ્રવૃત્તિદ્વારાશિક્ષણનાં કૌશલ્યને વિકસાવા State In the Bag, Continent Facts, Country Corner, Me on Map, Solar System વગેરે જેવા પ્રોજેક્ટોનું બાળકો પાસે નિર્માણ કરાવ્યું હતું. વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત ભૂગોળ વિષયમાં આવતા વિવિધ મુદ્દાઓ જેવા કે વિવિધ દેશો, સૌરપરિવાર સાથે સંકળાયેલા વિવિધ મુદ્દાઓ, આપણી પૃથ્વી, નકશાઓ, ભારતના વિવિધ રાજ્યો, પૃથ્વી પર આવેલા વિવિધ ખંડો વગેરે વિષયક માહિતી યાદ રાખવામાં મુશ્કેલી જણાતી હતી. આ મુદ્દાઓનો કથન પદ્ધતિથી અભ્યાસ કરવામાં પણ વિદ્યાર્થીઓ કંટાળો અનુભવતા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ નવું અને સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉત્સાહિત જણાતા ન હતા. આ ઉપરાંત નવી શિક્ષણ નીતિમાં જે વસ્તુ પર ભાર મૂકવામાં આવ્યો છે તેવી પ્રોજેક્ટ પદ્ધતિ અને પ્રવૃત્તિદ્વારાશિક્ષણ પ્રાપ્ત કરવું વગેરે બાબતોથી પણ વિદ્યાર્થીઓ અજાણ હતા. વિવિધ પ્રોજેક્ટના નિર્માણદ્વારાવિષયવસ્તુનો અભ્યાસ કરવાના તેમજ ઈત્તર જ્ઞાન પ્રાપ્ત કરવાના કૌશલ્યનો વિદ્યાર્થીઓમાં અભાવ હતો. આ સમસ્યાને કેન્દ્રમાં રાખી પ્રસ્તુત નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો હતો. પ્રવૃત્તિદ્વારાશિક્ષણ, વધારાનું જ્ઞાન અને ભૂગોળ સંબંધિત વિવિધ વિષયવસ્તુને સમજવામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી આ ત્રણ કારણો પ્રસ્તુત નવતર પ્રયોગ માટેના વિચારના મૂળમાં હતા. વિવિધ માહિતી એકત્રિત કરવી, આ માહિતીમાંથી ઉપયોગી અને મહત્વની માહિતી અલગ તારવવી, તારવેલી અલગ માહિતીમાંથી વિવિધ પ્રોજેક્ટ અને પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું અને તેમાંથી વિવિધ વિષયવસ્તુ સંબંધિત અને વધારાનું જ્ઞાન પ્રાપ્ત કરવું વિદ્યાર્થીઓમાં આ કૌશલ્ય વિકસાવવાના હેતુસર પ્રસ્તુત નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ નવતર પ્રયોગ અંતર્ગત વિદ્યાર્થીઓને નવીન પ્રાપ્ત કરેલા જ્ઞાનની ઉપયોગીતા, વિવિધ પ્રોજેક્ટનું નિર્માણ કઈ રીતે કરી શકાય તેનાથી માહિતગાર કર્યા બાદ ધોરણ-૬ ના ૧૫ ધોરણ-૭ ના ૧૭ અને ધોરણ-૮ ના ૧૬ વિદ્યાર્થીઓએ પોતાની રીતે વિવિધ જૂથો બનાવી તેમને આપવામાં આવેલા State In the Bag, Continent Facts, Country Corner, Me on Map, Solar System આ પાંચ પ્રોજેક્ટમાંથી કોઈ એક પ્રોજેક્ટ પસંદ કરી પોતાની રીતે સુંદર પ્રોજેક્ટનું નિર્માણ કર્યું. આમ પ્રવૃત્તિદ્વારાવિષયવસ્તુની સાથે-સાથે નવીન જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું.




❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- નિલેશભાઇ જી. ચાવડા
❖ શાળાનું નામ:- રાવણી (કુબા) પ્રાથમિક શાળા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9033247374


# "૧૦૦ સુધીના ઘડિયાની ઝડપથી અને સરળતાથી ગણતરી"

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રાવણી (કુબા) ગામમા રાવણી (કુબા) પ્રાથમિક શાળામાં નિલેશભાઈ જી. ચાવડા ધોરણ – ૧ થી ૫ ના શિક્ષક તરીકે સને ૨૦૧૫ થી ફરજ બજાવે છે.

ગણિતના વિષયને સમજાવવામાં અને બાળકો વિષયમાં રસ દાખવે તેવા સતત પ્રયત્ન તેમના રહે છે. આ શાળામાં ધોરણ ૧ થી ૮ છે. લોકડાઉન ના સમયગાળા બાદ જ્યારે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય સપ્ટેમ્બર - ૨૦૨૧ માં શરૂ થયું ત્યારે બાળકોને ઘડિયા લગભગ ભૂલાઈ ગયા હતા. ધોરણ ૩ થી ૪ ના બાળકોની ૧ થી ૧૦ ના ઘડિયા અને ધોરણ ૫ થી ૮ ના બાળકો ૧૧ થી ૨૦ ના ઘડિયા બોલવામાં અને લખવામાં મૂંઝવણ અનુભવતા હતા. ત્યારે તેમણે નક્કી કર્યું કે બાળકોને સરળતાથી ૧ થી ૨૦ નહીં પરંતુ ૧ થી ૧૦૦ સુધીના ઘડિયા ઝડપથી અને સરળતાથી લખતા તેઓ શીખવશે.

આ માટે તેમણે પ્રાયોગિક ધોરણે ધોરણ ૫ થી ૮ ના બાળકોને પસંદ કર્યા અને આ બાળકોને આ ઘડિયાની ગણતરી કેવી રીતે કરવી તેની સમજ આપી. ઉદાહરણ તરીકે ૫૪ નો ઘડીયો લખવો હોય તો ૫ નો ઘડિયો અને ૪નો ઘડિયો આવડે એટલે ૫૪ નો ઘડિયો તૈયાર થઈ જાય. ધોરણ ૬ થી ૮ ના બાળકો આ પ્રવૃત્તિમાં જોડાયા બાદ ધોરણ ૩ થી ૪ ના બાળકો પણ આ પ્રવૃત્તિમાં જોડાવા માટે તેમની પાસે આવ્યા અને તેઓ પણ આ પ્રવૃત્તિમાં જોડાયા.

તેમના આ નવતર પ્રયોગથી હાલ તેઓની શાળામાં ધોરણ ૫ થી ૮ ના ૭૦ % બાળકો ૧ થી ૧૦૦ સુધીના ઘડિયા સરળતાથી લખે છે એમાંય 10, 20, 30,... થી ૧૦૦ સુધીના ઘડિયા ૯૦ % બાળકો લખી શકે છે આ ઉપરાંત ૨૧,૩૧,૪૧,૫૧,....૯૧ સુધીના ના ઘડિયા પણ ઝડપથી અને સરળતાથી લખે છે

આ નવતર પ્રવૃત્તિ માં વારંવાર ૧ થી ૧૦ સુધીના ઘડિયા નો ઉપયોગ થતો હોવાથી બાળકો સરળતાથી ઘડિયા યાદ રાખી શકે છે.એકંદરે ગણિત વિષયની ક્રિયાઓ જેવી કે ગુણાકાર, ભાગાકાર સારી રીતે સમજાવવામાં અને બાળકોને સમજવામાં તેમણે કરેલો આ ઈનોવેશન ખૂબ સફળ નીવડ્યો છે.

તેમણે કરેલા ઈનોવેશન પહેલા ધોરણ ૫ ના ૫ % બાળકો, ધોરણ ૬ ના ૭ % બાળકો , ધોરણ ૭ ના 10 % બાળકો અને ધોરણ ૮ ના 10 ટકા બાળકો 21 થી 25 સુધીના ઘડિયા લખી શકતા હતા. આ ઈનોવેશન બાદ ધોરણ ૫ ના ૬૮ % બાળકો, ધોરણ ૬ ના ૬૭ % બાળકો , ધોરણ ૭ ના ૭૦ % બાળકો અને ધોરણ ૮ ના ૭૧% ટકા બાળકો ૧ થી ૧૦૦ સુધીના ઘડિયા લખતા થયા. આમ તેમણે કરેલું ઈનોવેશન એકંદરે ખૂબ જ સારી રીતે સફળ થયું.

**47**



- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- સજિયા કાજલબેન મગનભાઈ**
- **શાળાનું નામ:- કુબા પ્રાથમિક શાળા**
  **તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9033247375**

## "PROJECT WORK IS THE BEST WORK IN SOCIAL SCIENCE"

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના કુબા ગામમા કુબા પ્રાથમિક શાળામાં સજિયા કાજલબેન મગનભાઈ સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે સને ૨૦૧૬ થી ફરજ બજાવે છે

સામાજિક વિજ્ઞાનના વિષયને સમજાવવામાં અને બાળકો વિષયમાં રસ દાખવે તેવા સતત પ્રયત્ન તેમના રહે છે. બાળકો વિષયને સારી રીતે સમજી શકે તે માટે તેમણે પ્રોજેક્ટ વર્ક ની શરૂઆત કરી. સામાજિક વિજ્ઞાન વિષયમા વિવરણાત્મક વર્ણન જોવા મળે છે. તેને પ્રાયોગિક ધોરણે બાળકોને સમજાવવા માટે એકમને કોષ્ટક સ્વરૂપમાં અને મુદ્દાના સ્વરુપમા ઢાળી દેવામાં આવ્યું. જેમાં બાળકો આ કોષ્ટક અને મુદ્દા બનાવવા વારંવાર પાઠ્યપુસ્તકો નો ઉપયોગ કરે છે જેથી સામાજિક વિજ્ઞાનનો પાઠ્યક્રમ દ્રઢ બને છે અને પુસ્તકાલયના પુસ્તકો નો પણ બાળકો ઉપયોગ કરે છે જેથી બાળકોના જ્ઞાનમાં વધારો થાય છે એકંદરે સામાજિક વિજ્ઞાન વિષયને સારી રીતે સમજાવવામાં અને બાળકોને સમજવામાં તેમણે કરેલો પ્રોજેક્ટ વર્ક ખૂબ સફળ નીવડ્યો છે.

તેમણે કરેલા ઈનોવેશન પહેલા ધોરણ 6 ના 30% બાળકો, ધોરણ 7 ના 35% બાળકો ધોરણ 8 ના 35% બાળકો સામાજિક વિજ્ઞાનમાં રસ ધરાવતા હતા. પ્રોજેક્ટ વર્ક ના ઈનોવેશન બાદ ધોરણ 6 ના 92% બાળકો ધોરણ 7 ના 95% બાળકો અને ધોરણ 8 ના 98% બાળકો સામાજિક વિજ્ઞાન જેવા જટીલ વિષયમાં પણ રસ ધરાવતા થયા. આમ તેમણે કરેલું ઈનોવેશન એકંદરે ખૂબ જ સારી રીતે સફળ થયું.




❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- રાવલિયા મિન્ટુબેન એ
❖ શાળાનું નામ:- શ્રી જેતલવડ પે.સેન્ટર શાળા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :-7567216381


## "પ્રજ્ઞા વર્ગ"

વિસાવદર તાલુકાનું જેતલવડ ગામ કે જ્યાં દરેક વર્ગના લોકો વસવાટ કરે છે. જેતલવડ ગામ તાલુકામાં મોટા ગામની યાદીઓમાં નું એક છે. શાળા પણ પે.સેન્ટર શાળા છે. જેથી વધુ પડતી કામગીરીમાં વ્યસ્ત રહેવાનું થતું. એમાં કોરોનાની ગંભીર સમસ્યા આવતા બાળકો શાળા થી દૂર રહી અભ્યાસ કરવા મજબૂર બન્યા. ઓનલાઈન શિક્ષણથી ધોરણ 1 અને 2 ના બાળકોને અભ્યાસ કરાવવો ખૂબ જ કઠિન લાગ્યો. પ્રજ્ઞા અભિગમની વિવિધ પ્રવૃતિઓ અઘરી બનવા લાગી. વાલીઓ પ્રજ્ઞા અભિગમ થી અજાણ હોવાથી બાળકોને કખગ..... મુજબ અભ્યાસ કરાવતા થયા જેથી બાળકોની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી બની શિક્ષકદ્વારાનમગ.... થી શરૂઆત અને વાલીદ્વારાકખગ થી શરૂઆત. જેમાં બાળકો ખૂબ જ મુશ્કેલીમાં મુકાયા.

આવા સમયમાં મિન્ટુબેન દ્વારા વાલીઓ દ્વારા બાળકોને શીખવવામાં સગવડતા મળે તેવા ૪૦૦થી વધુ પ્રવૃત્તિ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા. અને દરેક વાલી સુધી આ કાર્ડ પહોંચાડી પ્રજ્ઞા પ્રવૃત્તિ બાળકો પાસે કરાવવા ની સમજુતી આપી. જેના લીધે બાળકો સરળતાથી અક્ષર જ્ઞાન સાથે પ્રવૃત્તિ કરતા થયા.

આ ઉપરાંત 63 બાળકોની સાથે એક શિક્ષક જ અને પ્રજ્ઞા કાર્ય એ ખૂબ જ કઠિન હોવા છતાં પ્રજ્ઞા વર્ગની દરેક દીવાલો, નાની બેન્ચ તેમજ બારી બારણાની ઓઈલ પેન્ટ કલર થી પ્રજ્ઞાની દરેક પ્રવૃત્તિને ચિત્રના સ્વરૂપે દોરવામાં આવી.જેથી બાળકો દરેક પ્રવૃત્તિ શિક્ષક ની સહાય વિના પણ કાર્ડની પ્રવૃત્તિ કરતા થયા.

49

❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ધવલકુમાર દિનેશચંદ્ર જોષી
❖ શાળાનું નામ :- શ્રી રાજપરા પ્રા. શાળા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9978031321



# "ENGLISH IS INTERESTING, ISN'T IT?"

**જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાનાં શિક્ષકશ્રી ધવલકુમાર ડી. જોષી વર્ષ 2010 થી અંગ્રેજી વિષય શિક્ષક છે. તેઓએ.......**

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાથી 10 k.m. અંતરે રાજપરા ગામ આવેલ છે. આમતો એવું કહી શકાય કે ગીરના જંગલ ની શરૂઆત આ ગામથી થાય છે. ગામની ઘણી ખરી વસ્તી ચારણોની છે. જેથી કહી શકાય કે ચારણી સાહિત્ય તેમની નસોમાં દોડે છે. ચારેબાજુ જંગલની હરિયાળીથી ઘેરાયેલું , સિંહોની ગર્જના સંભળાવતું આ ગામ. ગામ ની શરૂઆતમાં જ શ્રી રાજપરા પ્રાથમિક શાળા આવેલી છે. આ શાળામાં ધવલભાઈ જોષી ની તારીખ 05-07-2010 ના રોજ અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે નિમણુંક થઈ. તેમણે જોયું કે શાળામાં ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં બિલકુલ રસ નથી. જેમકે...

- વિષય પ્રત્યે નિ:રસતા અને ડર.
- વિષય પરત્વે એલર્જી.
- પ્રાદેશિક બોલી નો પ્રભાવ.
- આત્મવિશ્વાસનો અભાવ તેમજ નકારાત્મકતા.

આ સમસ્યાઓ જોતા ધવલભાઈને લાગ્યું કે વિદ્યાર્થીઓનો ડર દૂર કરી અંગ્રેજી વિષયને વધુ રસપ્રદ રીતે અને સરળતાથી શીખવવા માટે અવનવી પદ્ધતિ તેમજ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં જ મોટીવેશનલ સ્ટોરી કહેવામાં આવતી. તેમને ડીક્ષનરીનો ઉપયોગ કરી નવા નવા સ્પેલિંગ શોધવા માટે જણાવવામાં આવતું. અંગ્રેજી વિષયના તાસમાં અંગ્રેજીમાં જ કમ્યુનિકેશન કરવામાં આવતું. જેથી વિદ્યાર્થીઓને મજા આવતી. તેમજ તેમનો વિષય પરત્વેનો ડર પણ ઓછો થવા લાગ્યો. આમ, એક હકારાત્મક પરિણામ મળવા લાગ્યું. આમ, માર્ગદર્શક તરીકેની ભૂમિકા નિભાવી વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયનો ડર દૂર કર્યો. તેમજ વ્યવહારિક જીવનમાં વિદ્યાર્થીઓ અંગ્રેજીનો ઉપયોગ કરતા થયા. વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક અંગ્રેજી વિષય તો શીખ્યા સાથે-સાથે મોટીવેશનલ સ્ટોરી ના કારણે હકારાત્મક અભિગમ અને નૈતિક મૂલ્યોનો વિકાસ પણ થયો.

## 50

❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- હેતલબેન રમણીકલાલ ગોઠી
❖ શાળાનું નામ :- શોભાવડલા લશ્કર પ્રાથમિક શાળા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 94 27386 222



# "રમતા રમતા અંગ્રેજી શીખીએ"

- ❖ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના શિક્ષકશ્રી હેતલબેન રમણીકલાલ ગોઠી_વર્ષ ૨૦૧૩થી થી સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક છે. તેઓએ... આજના આધુનિક યુગમાં અંગ્રેજી શીખો આવશ્યક છે તેથી વિદ્યાર્થીઓ રમતા રમતા અંગ્રેજી શીખે તે માટે આ નવતર પ્રયોગ શરૂ કર્યો.
- ❖ આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શીખવા પ્રત્યેની રસ-રુચિ માં વધારો થયો.
- ❖ વિદ્યાર્થીઓ સ્પેલિંગ ના ખાડા ની રમતથી અઘરા અને મોટા સ્પેલિંગ બીજા વિદ્યાર્થીઓને ખાડા માટે આપવાના હોવાથી પાક્કા કરતા થયા.
- ❖ સ્પેલિંગ ની અંતાક્ષરી રમવાથી વિદ્યાર્થીઓ સરળતાથી અને ઝડપથી સ્પેલિંગ યાદ રાખતા થયા.
- ❖ ક્રિયાપદો ની ચીઠી ની રમત થી વિદ્યાર્થીઓ રમતા રમતા લાઈવ રહી ને આનંદ સાથે સરળતાથી શીખતા થયા.
- ❖ સ્પેલિંગની સરપ્રાઈઝ ટેસ્ટ લેવામાં આવતી હોવાથી દરરોજ નવા નવા સ્પેલિંગ પાકા કરતા થયા.
- ❖ પેરેગ્રાફ માંથી ગ્રામર ટોપિક ને સૌથી વધુ ઝડપથી શોધવા માટે પ્રેરાતા થયા.
- ❖ વિદ્યાર્થીઓના અંગ્રેજી શબ્દ ભંડોળ માં ઉતરોતર વધારો થતો જોવા મળ્યો છે.
- ❖ મોટાભાગના વિદ્યાર્થીઓ અંગ્રેજી શીખવ પ્રત્યે જાગૃત થયા.

❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- ભુપ્તા હેતન પ્રભુદાસ
❖ શાળાનું નામ:- જાબુંડી પ્રા. શાળા
તાલુકો :- , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9909183698



## "શાળાબાગના વૃક્ષો શિક્ષણના સાથીદાર"

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાનાં શિક્ષકશ્રી હેતન પ્રભુદાસ ભુપ્તા વર્ષ 2013થી પ્રાથમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓએ શાળા પરિસર ને સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા તથા બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાવી શાળા પરિસર સ્વચ્છ બનાવવા નવતર પ્રયોગ કરેલ કરેલ છે. જે અંતર્ગત તેમણે વર્ષ 2016માં શાળાની નજીક આવેલી નર્સરીનો સંપર્ક કરી શાળામાં વૃક્ષારોપણ માટે ના રોપા ની વ્યવસ્થા કરી. બાળકોને સાથે રાખી શાળામાં વૃક્ષારોપણ શરૂ કર્યું. બાળકોને વૃક્ષ ની જવાબદારી તથા આસપાસની સ્વચ્છતા ની જવાબદારી સોંપી તેમને આ કાર્યમાં જોડવામાં આવ્યા, સાથે સાથે પ્રાર્થના કાર્યક્રમ માં વૃક્ષો ની માહિતી તથા ઉપયોગિતા અંગે માર્ગદર્શન આપ્યું. પરિણામ સ્વરૂપે બાળકો વૃક્ષોનું મહત્વ સમજ્યા અને શાળા પરિસર ને સ્વચ્છ રાખતા થયા. પર્યાવરણ શિક્ષણ માટે જરૂરી વૃક્ષો કે ફૂલ છોડની માહિતી શાળા પરિસરમાં ઉપલબ્ધ બની. શાળા પરિસર સુંદર અને આકર્ષક બનતા શાળા મુલાકાતીઓ પણ પ્રભાવિત થયા.



❖ ઇનોવેટીવશિક્ષકનું નામ:- મયુરીબા રાણાભાઇ દયાતર
❖ શાળાનું નામ:- રતાંગ પ્રાથમિક શાળા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૯૧૩૯૪૩૧૦૦

# "સામાજિક વિજ્ઞાન ધોરણ ૬ થી ૮ના એકમોની પ્રારંભિક ઝાંખી"

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રતાંગ ગામના શ્રી મયુરીબા રાણાભાઇ રાણાભાઇ દયાતર સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેમનાદ્વારાસામાજિક વિજ્ઞાન ધોરણ છ થી આઠ માં એકમ આધારિત પ્રારંભિક ઝાંખી નું નિર્માણ કરવામાં આવ્યું છે વિદ્યાર્થીઓને વિષય અંતર્ગત નબળો શબ્દ ભંડોળ અભ્યાસક્રમ તેમજ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે અરૂચિ ને કારણે તેમને થયું કે દરેકે એકમની પ્રારંભિક ઝાખી હોવી જરૂરી છે તેનાદ્વારાવિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે નવું હકારાત્મક વલણ આવ્યું અને વિદ્યાર્થીઓમાં પ્રશ્નોના જવાબ આપવામાં અને લખવામાં આત્મવિશ્વાસ વધ્યો અને નવો ઉત્સાહ જોવા મળ્યો જેવી રીતે ગુજરાતી ઇંગ્લિશ હિન્દી માં અનુક્રમે પણ શબ્દ સમજૂતી સ્પેલિંગ હિન્દીમાં મુહાવરા નો અર્થ અને પ્રસ્તાવના આપવામાં આવે છે એવી જ રીતે સામાજિક વિજ્ઞાનમાં પણ પ્રારંભિક ઝાંખીદ્વારાએકમ પ્રત્યેની અરૂચી પણ દૂર થઈ છે અને શબ્દભંડોળ પણ વધ્યો છે આ પ્રયોગદ્વારાબાજુની શાળાના વિદ્યાર્થીઓમાં પણ ખૂબ સારા પરિણામો જોવા મળ્યા છે.




- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- પ્રસાદ દિપક રામઅયોધ્યા**
- **શાળાનું નામ:- શ્રી પિયાવા (ગીર) પ્રા.શાળા**
  **તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9427155798**


# ઓનલાઇન શિક્ષણ દરમ્યાન MY VIEW BOARD WHITE BOARD અને SLATE APP ના ઉપયોગદ્વારાગણિત તેમજ વિજ્ઞાનના કઠિન મુદ્દાઓને સરળ રીતે રજૂ કરવું.

- જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાનાં શિક્ષકશ્રી પ્રસાદ દીપક રામઅયોધ્યા વર્ષ 2014 થી ગણિત વિજ્ઞાન વિષય શિક્ષક છે. તેઓએ કોરોના કાળથી લઈ ઓનલાઈન શિક્ષણ દરમિયાન નાવિન્યપૂર્ણ પદ્ધતિથી બાળકોને રસ પડે તે રીતે ઓનલાઈન અભ્યાસ કરાવ્યો.
- શ્રી દિપકભાઈ એ Microsoft teams એપ્લિકેશનની સાથે સાથે my view board Whiteboard અને slate એપ્લિકેશનના ઉપયોગદ્વારાગણિત અને વિજ્ઞાનના કઠિન મુદ્દાઓને સરળ રીતે સમજાવવા પ્રયત્ન કર્યા. તેઓએ સૌ પહેલાં તો વિદ્યાર્થીઓ ના ઘરે ઘરે જઈ એપ્લિકેશનનો ઉપયોગ શીખવાડ્યો.
- My view board Whiteboard અને slate એપ્લિકેશનના ઉપયોગદ્વારાવિવિધ આકૃતિ તેમ જ ગણીતના દાખલાઓ વિગતવાર સમજાવવામાં આવ્યા જેથી વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શક્યા ઉપરાંત તેઓનો ઉત્સાહ પણ વધ્યો.
- આ એપ્લિકેશનના ઉપયોગથી બાળકો વિજ્ઞાનના પ્રયોગો જાતે કરતા થયા. પ્રશ્નોત્તરીમાં રસપૂર્વક ભાગ લેતા થયા.
- આ પ્રવૃત્તિને શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો એ બિરદાવી........



❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ધર્મેશકુમાર ડી. વાઢેર
❖ શાળાનું નામ :- શ્રી સ.ભ.ગો.કન્યા શાળા મોટા કોટડા
તાલુકો :- વિસાવદર , જીલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 9824997001

# "રમતા – રમતા સમય સાચવીએ"

**જૂનાગઢ જિલ્લાના** વિસાવદર તાલુકાની મોટાકોટડા પે સે.શાળાની પેટા શાળા શ્રી સ.ભ.ગો. કન્યાશાળા, મોટાકોટડા ગામમાં આવેલી છે

"બેટી બચાવો, બેટી પઢાઓ" આ વાક્યને ખરા અર્થમાં સાર્થક કરતી આ કન્યા શાળામાં 129 બાળાઓ જીવનનું અમૂલ્ય જ્ઞાન મેળવે છે. આ શાળામાં ધર્મેશભાઈ ડી. વાઢેરની તારીખ 27-03- 2021 ના રોજ સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે નિમણૂક થઈ. ધર્મેશભાઈને લાગ્યું કે બાળાઓ રિસેસના સમયનો અને ફ્રી તાસનો સદુપયોગ કરે તો ભવિષ્યમાં તેમને Time-Management ઘણું ઉપયોગી થઈ શકે. આ ઉપરાંત ક્યારેક શાળાકીય સમસ્યા જોવા મળતી. જેમ કે..

- રિસેસ સમયમાં અશિસ્ત, શાળાએ મોડા આવવુ, ઝઘડો કરવો.
- ક્યારેક ઘરે ગયા પછી શાળાએ પરત ન આવવું.
- દોડાદોડી કરવી, પડવું – વગાડવું, વાલીઓદ્વારાફરિયાદ વગેરે..

ઉપરોક્ત ફરિયાદનું પ્રમાણ 50 % થી 55 % જેટલું જોવા મળ્યું. આ સમસ્યા જોતા ધર્મેશભાઈને લાગ્યું કે રિસેસના સમયમાં તથા ફ્રી તાસમાં બાળાઓને પ્રવૃત્તિમય રાખવા તથા તેમને સર્જનાત્મકતા તરફ લઈ જવા તેમજ અવનવી રમતો વિશે જાણે એ હેતુથી ધર્મેશભાઈએ રિસેસ સમયમાં વિવિધ ગેમ્સ , પ્રવૃતિઓ વગેરે શરૂ કરાવી. જેના પરિણામ રૂપે ફરિયાદોનું પ્રમાણ 50-55 % હતું તે ઘટીને અંદાજે 10% જેટલું થઇ ગયું. વિદ્યાર્થીઓમાં અશિસ્ત દૂર થઈ તેમજ મૈત્રી ભાવનાનો વિકાસ થયો. તેઓ રિસેસ પૂર્ણ થતા શાળાએ સમયસર પરત આવવા લાગ્યા.

આમ, વિદ્યાર્થીઓને સમયનો સદુપયોગ અને સાચા અર્થમાં "રમતા - રમતા સમય સાચવવા"નો ઉપાય દર્શાવ્યો.

## 1

- **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- ડૉ. હર્ષાબેન ડી. પાડલિયા**
- **શાળાનું નામ :- શ્રીમતી એ. બી. યુ. દોશી હાઈસ્કૂલ, ચુડા.**
  **તાલુકો :- ભેસાણ , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- 9428989059**



# "ભાષાશિક્ષણમાં ગૃહકાર્યની અસર"

- જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનાં શિક્ષકશ્રી ડૉ. હર્ષાબેન પાડલિયા વર્ષ 2016 થી ગુજરાતીના વિષય શિક્ષક છે. તેઓએ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્દિધ વધુ ને વધુ સિદૃધ કરવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.
- માતૃભાષા પ્રત્યેની પ્રગતિના દરેક કાર્યક્રમમાં તેઓ જોડાયેલા છે.
- વિદ્યાર્થીઓને અન્ય સંદર્ભ પુસ્તકો શોધવા ન પડે માટે ગુજરાતી વિષયની વિષયવસ્તુની બુક જાતે બનાવીને આપે છે.
- પોતાની શિક્ષણની ક્ષમતા વધારવા જુદી જુદી ઓનલાઈન તાલીમો તેઓએ લીધી છે.

## 2



❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- વૈશ્નવ મીરાબેન સતિષભાઈ
❖ શાળાનું નામ :- સ્વામી વિવેકાનંદ વિનય મંદિર ચનાકા/ઉમરાળી

❖ મોબાઈલ નંબર :- 6352389009

# ગણિત-વિજ્ઞાનના અઘરા અને મોટા પ્રશ્નો ની યાદ રાખવાની ટૂંકી પદ્ધતિ

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનાં શિક્ષકશ્રી વૈશ્નવ મીરાબેન વર્ષ 2016 થી ગણિત વિજ્ઞાન વિષય ના શિક્ષક છે. તેઓએ ગણિત-વિજ્ઞાન વિષયના અઘરા મુદ્દાઓને અને પ્રશ્નોને સમજાવવા માટે વિવિધ પ્રયોગો અને શૈક્ષણિક બનાવીને વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે વધુ રસ લેતા કરે છે તેઓ પોતાની શાળામાં ખૂબ જ ક્રિયાશીલ છે. ગણિત વિજ્ઞાન જેવા વિષયને અઘરા અને મોટા પ્રશ્નો ના જવાબો બાળકો માટે યાદ રાખવા બને છે. બોર્ડની પરીક્ષામાં બાળકોને સંપૂર્ણ માર્ક આકૃતિ અને ચાર્જ પરથી કઈ રીતે મેળવવા તે માટેની પદ્ધતિ નવતર પ્રયોગ કરીને હાથ ધરેલી છે .જેમાં તેમણે વિવિધ આકૃતિઓ દોરી ને કલર ફૂલ બનાવી અને ચાર્જ અને ટૂંકમાં મુદ્દાઓ અલગ તારવીને પેપરદ્વારાપધ્ધતિ વિકસાવેલ છે. આ સાથે તેઓએ કોરોના કાળ દરમ્યાન ઘરે-ઘરે શિક્ષણ આપીને પ્રાયોગિક કૌશલ્ય બાળકોમાં સારું વિશે તે માટે પણ નવતર પ્રયોગ હાથ ધરેલો હતો, જેમાં કચાશ રહી ગયેલી હોય તે મુદ્દાઓને અલગ તારવીને તેમજ નબળા બાળકો માટે બેઝિક ગણિત વિજ્ઞાનના મુદ્દાઓની વર્કશીટ તૈયાર કરેલ છે. દૈનિક ટેસ્ટ નું આયોજન કરીને મોટા પ્રશ્નો અને સારી વર્ણનાત્મક બનાવીને બાળકો લખી શકે તે માટે સરસ આયોજન કરેલું હતું.જેમાં તેમણે ખૂબ જ સારી સફળતા મેળવેલ છે બાળકોને આ પદ્ધતિથી ખૂબ જ સારી રીતે યાદ રહી જાય છે. તેની કસોટી ના આયોજન પરથી પ્રશ્નો નું મૂલ્યાંકન અને પછી ઉપચારાત્મક કાર્ય સારી રીતે થયેલું જોવા મળેલ છે.બાળકો માટે પરિક્ષાલક્ષી આ નવતર પ્રયોગનું ખૂબ જ સારું પરિણામ તેમને મળેલ છે.તે બદલ તેમની શાળાના બાળકો આચાર્ય,સ્ટાફગણ અને ક્લસ્ટર કક્ષાએ ખૂબ જ ગર્વની લાગણી અનુભવે છે.

## 3



- **ઈનોવેટીવ શિક્ષકનું નામ :- શ્રી રાદડિયા પ્રફુલકુમાર રામજીભાઈ**
- **શાળાનું નામ :- શ્રી માધ્યમિક શાળા ચર તા.કેશોદ જી.જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- ૭૨૦૩૦૬૨૦૩૦**

# "વિદ્યાર્થીઓને મંચ પરનો અને સમસ્યા રજુ કરવાનો ભય દૂર કરવો."

- જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ચર ગામના શિક્ષક શ્રી રાદડિયા પ્રફૂલકુમાર રામજીભાઈ વર્ષ ૨૦૧૬ થી અર્થશાસ્ત્રના વિષય શિક્ષક છે. તેઓએ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે અને વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા ભય વગર રજુ કરી શકે તેવા તેમના સતત પ્રયત્નો રહ્યા છે.
- છેલ્લા બે વર્ષથી ઇનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લાકક્ષાએ ભાગ લઈ ઇનોવેશન રજુ કરેલ છે.
- હાલ વિદ્યાર્થીઓની સમસ્યાને જાતે સમજી તેનો ભય દૂર થાય અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તેવા પ્રયત્નો કર્યા.
- તેમની શાળાના વિદ્યાર્થીઓને વિડિયો લિંક whatsapp માધ્યમથી મોકલી અને અમુક બાળકોને ટેલિફોનીક સમજાવ્યું.
- આ ઉપરાંત પ્રાર્થનાસભામાં અલગ અલગ દિવસનું મહત્વ સમજાવતી વ્યક્તિ વિશેષની શરૂઆત કરી.
- પોતે YouTube ના વિડિયો જોઈ પોતાની ક્ષમતામાં વધારો કર્યો જુદા જુદા online પ્લેટફોર્મ પરથી આ વિષય પરના વિડિયો જોઈ તાલીમ પ્રાપ્ત કરી.

**4**




❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ :- દેવેન એ. ઠાકર

❖ શાળાનું નામ :- શ્રી જી.ડી.વાછાણી કન્યા વિદ્યાલય-કેશોદ

❖ મોબાઈલ નંબર :- ૯૯૭૯૫૫૪૪૮૭


# "પાઠ્યપુસ્તકની ક્ષિતિજને પાર"

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાનાં શિક્ષકશ્રી દેવેન એ. ઠાકર વર્ષ ૨૦૦૫ થી અંગ્રેજી ભાષાના શિક્ષક છે. તેઓએ અંગ્રેજી ભાષામાં ધોરણ ૧૧ અને ૧૨માં આવતા યુનિટ ને વિદ્યાર્થીઓને સમજણ આપતી વખતે એ બાબત ધ્યાન પર આવી કે ઘણા યુનિટની પાઠ્યપુસ્તકની સમજણ આપતી વખતે પાઠ્યપુસ્તક બહાર ની ઘણી બાબતો વિદ્યાર્થીઓને ધ્યાન પર લાવવી પડે છે. સમસ્યા ત્યાં આવીને ઉભી રહી કે એ સમજણ જો વ્યાખ્યાન રૂપે આપવામાં આવે તો તે ઘણી વખત કંટાળાજનક બની રહે છે. તો આનો રસપ્રદ રસ્તો હવે શોધવો રહ્યો, અંગ્રેજી માં એક કહેવત છે Where there's will, there's a way, તો એવો નિર્ણય લેવાયો કે આ બધી બાબતોને વિદ્યાર્થીઓ ને પસંદ પડે તે રીતે રજુ કરીએ, હવે ફોટો વિડીઓ બતાવવા એ ફક્ત એનો હલ નહોતો તો એવું કરીએ કે આ બધી બાબતો ને એક નાની એવી ફિલ્મ ની જેમ દર્શાવીએ. હવે અડચણ એ આવી કે તેનો અવાજ સારી રીતે રેકોર્ડ કરવો તો આપણને શિક્ષણ વિભાગદ્વારાaudacity સોફ્ટવેર નું સુચન થયું જે અવાજની તીવ્રતા અને સ્પષ્ટતા માં સુધારો કરી શકે તો એવી એક સુંદર ટૂંકી સ્પીચ રેકોર્ડ કરાવી અને ફોટોને એક સરખી રીતે અને યોગ્ય એડીટીંગ થી યુનિટ અનુરૂપ કરી તેમજ જરૂરી વિડીઓ પણ જોઈએ તેટલી જ માત્રા માં બધી માહિતીઓ ને એક સાથે જોડવા માટે ફિલ્મ એડીટીંગ સોફ્ટવેરની મદદ લઈ એક સુંદર સ્વરૂપ અપાયું. અને ટેકનોલોજીની મદદથી એક સુંદર રચનાનું નિર્માણ થયું , પછીતો શું આવા અઘરા લાગતા યુનિટની સમજણ આ જ માધ્યમથી અપાતા સહેલી લાગવા લાગી.

આ નાનકડી શરૂઆતને યશકલગી ત્યારે મળી જયારે આ આ શિક્ષકદ્વારાબનાવતા આ પ્રકારના વિડીઓ ગુજરાત સરકારના પાઠ્યપુસ્તકના Q.R. કોડમાં સમાવવાનો નિર્ણય લેવાયો તેમને આ પ્રકારના શોર્ટ વિડીઓ અને રજૂઆત ખુબ પસંદ પડી અને ધોરણ ૧૧ અને ૧૨ ના અઘરા લાગતા પાઠ ના વિડીઓ જે આજે આખા ગુજરાતના બાળકો જોઈ શકે તે રીતે પાઠ્યપુસ્તકના Q.R. કોડ માં પણ દિક્ષા એપ્લીકેશનમાં સ્વીકારાયા. આજે એ નાનકડી ચિંતા નો ઉપાય આખા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ સુધી પંહોચી શક્યો એ મહેનતનું સુંદર મજાનું પરિણામ છે અને જેને અવોર્ડ પણ કહેવો અતિશયોક્તિ નથી.


❖ ઇનોવેટીવ શિક્ષકનું નામ : PARESHBHAI VAJUBHAI GOHEL
❖ શાળાનું નામ :- શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયા
તાલુકો :- માળિયા હાટીના , જિલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- ૯૯૦૯૦૧૬૮૩૮



# "લોકડાઉન માં શિક્ષણ ને જીવંત રાખવાનો પ્રયાસ"

જિલ્લાના માળિયા હાટીના તાલુકાનાં શિક્ષકશ્રી પરેશભાઈ ગોહેલ 4 વર્ષ થી ......નામાના મૂળતત્વો અને આકડાશાસ્ત્ર ..... વિષય શિક્ષક તરીકે સ્કૂલ માં ભણાવે છે. આ લોકડાઉન ના સમયમાં બાળકોને અભ્યાસ માં તેમજ સહાભ્યાસિક પ્રવૃતિઓ માં રસ અંને રૂચી રહે તે માટે પ્રયોજકે જુદા જુદા પ્રયત્નો થી સતત વાલીઓ અને બાળકો ના સતત સંપર્કમાં રહી ને શિક્ષણને જીવંત રાખી શક્યા છે .જેમાં સતત રૂબરૂ મુલાકાત ,ટેલીફોનીક સંપર્ક,વિડીઓ કોલિંગ,માઈક્રોસોફ્ટ ટીમ્સ ના માધ્યમ થી ઓનલાઈન ક્લાસ,ઓનલાઈન વિવિધ સ્પર્ધા તેમજ વિવિધ પ્રોજેક્ટ કાર્ય નું ઓન્લાઈન માર્ગદર્શન આપવામાં આવ્યું. .બાળકો ને વિવિધ સ્પર્ધા માટે નું ઓનલાઈન તેમજ રૂબરૂ માર્ગદર્શન માર્ગદર્શન. એકમ કસોટી ની તૈયારી માટે રોજ પીરીયડ તેમજ ટેસ્ટ નું આયોજન કરવામાં આવ્યું

- આ પ્રયાસ થી ખુબ જ સારી સફળતા મળી છે.
- (1) બાળકો સારી રીતે અભ્યાસ કરી શક્યા
- (2) ઓનલાઈન વિવિધ ક્વીઝ આપી શક્યા
- (3) ઓનલાઈન વિવિધ સ્પર્ધા આપી શક્યા
- (4) એકમ કસોટી સારી રીતે આપી શક્યા
- (5)પ્રોજેક્ટ કાર્ય કરી શક્યા
- (6) લોક ડાઉન ના સમય નો સદુપયોગ કરી શક્યા








## માળીયાહાટીના તાલુકાની શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતારવાણિયા શાળા બંધ છે શિક્ષણ નહી

જૂનાગઢ તા.૨૨

શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતારવાણિયા મા માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી online ક્લાસ શરૂ છે .

જેમાં દરેક શિક્ષકો બાળકો જુદાજુદા વિષયો નું શિક્ષણ કાર્ય કરી રહ્યા છે .સાથે સાથે બાળકોની વિચાર શક્તિ અને સર્જનાત્મક શક્તિ વિકસે ઉપરાંત ગાંધીજી ના વિચારો ને વાચા મળે તેવા હેતું થી પ્લાસ્ટિક મુક્ત ભારત સ્વચ્છ ભારત, નિરોગી ભારત કોરોના યોધ્ધા મારા સ્વપ્નનું ભારત એવા વિષયો પર ઓનલાઈન ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધા નું આયોજન કરેલ હતું.જેમાં બાળકો એ આપેલ વિષય પર પોતાની મૌલિક શક્તિ થી ભાગ લીધો હતો.

અત્યારે શાળાઓ બંધ છે ત્યારે બાળકોને ઘરબેઠા સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન થયેલું. આ બાબતે શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયાના શિક્ષક પરેશભાઈ ગોહેલે વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપ્યુ હતું.

## 6

❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- ધોકિયા સરોજબેન હમીરભાઇ**

❖ **શાળાનું નામ:- શ્રી સનસાઈન માધ્યમિક શાળા બાટવા**
**તાલુકો :- માણાવદર , જીલ્લો :- જુનાગઢ**

❖ **મોબાઈલ નંબર :- 8469438349**



# "બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ જાગૃત કરવા બાબત"

મારા આ નવતર પ્રયોગમાં મેં બાળકોને લેખન અને વાંચન માં આળસ થતી હતી તેને દૂર કરવા માટે મેં બાળકોને રોજ થોડું થોડું લખવાનું શરૂ કરાવ્યું આ માટે મેં બાળકોને પ્રોત્સાહિત કરવા એવું કર્યું કે બાળકો પાસે જે પુસ્તક હોય અથવા તો કોઈપણ બૂક નો કોઈપણ ભાષાનું કે છાપાનું કટિંગ જે હોય તે સારા અક્ષર કરી લખાણ લખી લાવે તો તેમને હું પ્રાર્થનામાં બધા વિદ્યાર્થીઓની સાથે જ ઈનામ આપતી આ ઈનામ માટે થઈને બાળકો ધીમે ધીમે લખતા થયા આજે મને તેનું સારું પરિણામ મળ્યું છે

લેખન અને વાંચનદ્વારાબાળકોએ મેળવેલું જ્ઞાન લાંબો સમય સુધી યાદ રાખી શકે તો વાર્ષિક પરીક્ષા દરમિયાન સારા માર્ક્સ મેળવવામાં ખૂબ સારી એવી સફળતા મળી શકે મને મારા આ પ્રયોગદ્વારામારી શાળામાં છ માસીક અને એકમ કસોટીઓ માં સારો એવો પ્રતિભાવ મળેલો છે જો આ પ્રયોગ બીજી શાળાઓમાં કરવામાં આવે તો કદાચ સારી એવી સફળતા મળી શકે છે

**કોરોના વિશ્વ મહામારીને કારણે 18 એક મહિના શાળાઓ બંધ રહેતા બાળકો શિક્ષણથી દૂર જતા હોય એવું લાગ્યું જો ઓનલાઈન એજ્યુકેશન હોય તો બાળકો એજ્યુકેશન એક બાજુ રાખી અને ગેમ્સ અથવા તો બીજી કોઈ પ્રવૃત્તિઓ જોયા કરતા હતા અને શિક્ષણ પ્રત્યે ધ્યાન આપતા ન હતા ફોનની એવી ટેવ પડી ગઈ હતી કે શાળાઓ ચાલુ થઈ ત્યારે જો લેસન કે પાકી નોટ ઉતારવાનું કહેવામાં આવે તો સીધા જ સૂચન કરે કે પીડીએફ મોકલી આપશો આ સમસ્યાના સમાધાન માટે મેં બાળકોને લખવાની ટેવ પાડવા માટે સૌપ્રથમ મેં મારા પ્રયોગમાં બાળકોને લખતા કર્યા બાળકોને અક્ષર સારા કરી થોડું લખાણ લખવાનું અને સચોટ લખાણ કરે તો એને ઈનામ આપવાનું અને ઈનામ પણ પ્રાર્થનામાં જ બાળકોને આપવાનું બસ મારા આ પ્રયોગથી બાળકો લખતા થયા વાંચતા થયા પરિણામે મને અઘરા લાગતા મુદ્દાઓ હતા તે બાળકો પાસે યાદ રાખવા ખૂબ સેલા થઈ ગયા લેખનદ્વારામેળવેલું જ્ઞાન લાંબો સમય યાદ રહે છે એ વાત બાળકોને સમજાવતા તેઓ સહમત થયા લખતા થયા પરિણામે મને આ પ્રયોગમાં સારી એવી સફળતા મળી**

આવી અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે વિષયને અનુરૂપ શાળાના શિક્ષકોએ યોગ્ય સમયે આ વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવે છે અને વિદ્યાર્થીઓને તેમાં રસ લેતા ભાગ લેતા કરવામાં આવે છે પ્રવૃત્તિઓનું શિક્ષકની લાયકાત પ્રમાણે તથા પ્રવૃત્તિઓ પ્રમાણે વિભાજન કરી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે અને તેની નોંધ શિક્ષક પોતાના રજિસ્ટરમાં નોંધ કરે છે

## 7

- શિક્ષકનું નામ:- ખાનપરા પરસોતમભાઈ હરિભાઈ
- શાળાનું નામઅને સરનામું:- શ્રી વ્યંકટેશ વિદ્યામંદિર આલીધરા
  તાલુકો :- મેંદરડા ,જીલ્લો :- જૂનાગઢ
- મોબાઇલ નંબર:- 63519 74640



# છંદના સૂત્રનું વિશ્લેષણ

માધ્યમિક કક્ષાએ પરસોત્તમભાઈ એક વર્ષ **2020 - 2021** દરમિયાન આ નવતર પ્રયોગ યોજેલ જેમાં વિદ્યાર્થીઓ છંદ નું નામ પડતાંજ મૂંઝાઈ જતા હતા આ સમસ્યાઓને સમજવા માટે અને દૂર કરવા માટે અમે ભાષા શિક્ષક સાથે ચર્ચા કરવા આવી.

ભાષા મંડળી માંથી સંદર્ભગ્રંથ ની માહિતી મેળવી અને સમજવા નું સૂત્ર તેમણે આપ્યું.

પછી **10** થી **12** વિદ્યાર્થીઓ છંદ સમજવા લાગ્યા. તેઓ સતત મહાવરો કરાવીને બધા વિદ્યાર્થીઓને છંદની સમજ ખૂબ જ સરળતાથી કરાવી.

8

- **ઇનોવેટીવશિક્ષકનું નામ:- રવિકુમાર સુરેશભાઈ**
- **શાળાનું નામ:- શ્રી કણજા વિનય મંદિર કણજા**
  **તાલુકો :- વંથલી , જીલ્લો :- જૂનાગઢ**
- **મોબાઈલ નંબર :- ૯૭૨૩૧ ૨૮૨૨૮**



# "કોરોના બાદ બાળકોને શાળામાં લાવવાના પ્રયાસો"

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના કણજા ગામે આવેલી શ્રી કણજા વિનય મંદિર કણજા હાઈસ્કૂલમાં રવિકુમાર સુરેશભાઈ નામાના મૂળતત્વ વિષયના શિક્ષક તરીકે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જાન્યુઆરી 2017 થી ફરજ બજાવે છે. covid-19ની પરિસ્થિતિ પછી ઓફ્લાઈન શાળાઓ શરૂ થતા શાળામાં બાળકો ની ગેરહાજરી જણાઈ તેનું કારણ જાણતા વાલીઓમાં વ્યાપી ગયેલ ભયજાણવામળ્યો.આભયને દૂર કરવા અને વધુને વધુ બાળકો ઓફ્લાઈન શિક્ષણ મેળવતા થાય તેના માટે આ શિક્ષકે ઘણા પ્રયત્નો કર્યા જે નીચે મુજબ છે.શરૂઆતના તબક્કે બાળકો અને વાલીઓને ટેલિફોન કરીસમજાવ્યા પરંતુ બાળકોની શાળામાં ઓફ્લાઈન હાજરી જોવા મળી નહી. તેથી આશિક્ષકેશાળાનાઆચાર્યશ્રીઅનેસ્ટાફમિત્રોસાથેચર્ચાકરીબાળક ના ઘરે જઈ વાલીઓનો રૂબરૂ સંપર્ક કર્યોઅનેવાલીઓનેસમજાવ્યાશાળામાંબાળકનીસંપૂર્ણકાળજીલેવાયછેઅનેસરકારશ્રીનીગાઈડલાઈનમુજબશાળાચાલેછે.તે વાતવાલીનેસમજાવવાનોપ્રયત્નકર્યો.તમારા બાળકને કંઈ નહીં થાય અને એનું શિક્ષણ ન બગડે તેની સંપૂર્ણ જવાબદારી અમારીછે તેવું સમજાવી બાળકોની હાજરી વધે તેવા પ્રયત્ન કર્યા અને તેમાં થોડી થોડી સફળતા મળતાં હજુ પણ વધુ બાળકો ઓફ્લાઈન શિક્ષણ મેળવતા થાય અનેશાળાએઆવે તે માટે શેરીએ-શેરીએ માઈકદ્વારાઓફ્લાઈન શિક્ષણની જાગૃતિ થાય તેવા પ્રયત્ન હાથ ધર્યા. બાળકોની ઓફ્લાઈન હાજરી અને શિક્ષણમાંભાગીદારી વધે તેવા પ્રયત્નો શરૂ કર્યા.




- ❖ **ઇનોવેટીવશિક્ષકનું નામ:- અઘેરા જયનાબેન ગંગદાસભાઇ**
- ❖ **શાળાનું નામ:- શેઠ બી.કે.મહેતા હાઇસ્કુલ જાપોદડ**
  **તાલુકો :- વંથલી , જીલ્લો :- જૂનાગઢ**
- ❖ **મોબાઈલ નંબર :- 7600383448**


# "ક"થી કહીએ "જ્ઞ"થી જ્ઞાની થઈએ

ધોરણ નવના અમુક વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને લેખન કાર્યની ચોકસાઈ માં તેમજ જોડણીની ભૂલો માં અભાવ જોવા મળ્યો તેમજ ધોરણ નવના 45 બાળકોમાંથી 39 બાળકોમાં આ સમસ્યા જોવા મળી ધોરણ 9ના વિદ્યાર્થીઓમાં શબ્દ જ્ઞાન, લેખનકાર્યનો અભાવ અને જોડણીની ભૂલો જોવા મળતા આ સમસ્યાના ભાગરૂપે બાળકોને જણાવ્યું કે જ્ઞાન સાથે ગમ્મત થાય તે માટે નવતર પ્રયોગ કરીશું.

- ➢ આ માટે વર્ગખંડમાં સૌપ્રથમ કોઈ એક વર્ણ આપી અને તે પરથી વધારેમાં વધારે 50 શબ્દો બનાવવા જેમ કે, ક- પરથી કમળ, કનક વગેરે.
- ➢ આ શબ્દો બનાવવા માટે ૨૦ મિનિટનો સમય નક્કી કરવામાં આવ્યો જેથી એકાગ્રતા સાથે શબ્દો લખે.
- ➢ જે વિદ્યાર્થી વર્ગમાં જે તે વર્ણ પર વધારે શબ્દો લખશે તેને પ્રોત્સાહન રૂપે આવતા એક બોલપેન આપવામાં આવશે.
- ➢ આ કાર્યક્રમ બે-ત્રણ દિવસે તેમજ ફ્રી સમયે નક્કી કરતા અલગ અલગ વર્ણન પરથી શબ્દો બનાવતા બાળકો શીખ્યા.
- ➢ વર્ગમાં કોઈ એક વર્ણ આપી તે પરથી વધુમાં વધુ 50 શબ્દો બનાવવા ના હોય તેથી સમયની મર્યાદા વચ્ચે બાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામ મળતું હોય એ કારણે તેના શબ્દ જ્ઞાન જોડણીની ભૂલો લેખનકાર્યમાં ચોકસાઈ વગેરેમાં સુધારો જણાયો. તેમજ ધોરણ 9ના 45 વિદ્યાર્થીઓમાંથી 43 વિદ્યાર્થીઓમાં આ બાબતે સુધારો થયો.




NAVTAR
CENTRE FOR INNOVATIONS IN EDUCATION
A GCERT INITIATIVE
રાજ્ય કક્ષાનો
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ
વર્ષ ૨૦૨૦-૨૧
NAYARA
રાજકોટ, મોરબી, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ,
દેવભૂમિ દ્વારકા, જામનગર, ભાવનગર, બોટાદ



ડાયટ જૂનાગઢ

















